# આઈસ્ટાર કોલેજની વિદ્યાર્થીની પોસ્ટર પ્રેઝન્ટેશનમાં પ્રથમ સ્થાને



આણંદ, તા.૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગમાં ડૉ. નિર્મલકુમાર જે. આઈ (પ્રિન્સીપાલ આઈસ્ટાર) ના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી.માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની દિપા લાલવાણીએ એમ. એસ. યુનિવર્સિટી વડોદરામાં ક્લાયમેટ ચેન્જ વિષય પર યોજાયેલ નેશનલ સેમિનારમાં પોસ્ટર પ્રેઝન્ટેશનમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આ કોલેજની વિદ્યાર્થીની દિપા લાલવાણીએ ડૉ. નોબુયોષી યામાશીતા (શુકુતા, જાપાન) ના માર્ગદર્શન હેઠળ પર્સિસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ જેવા તદ્દન નવા અભિગમને રજૂ કરી પી.એચ.ડી.ની ડીગ્રી હાંસલ કરી છે. આ સિદ્ધિ બદલ વિદ્યાર્થીનીને સીવીએમના ચેરમેન ડૉ. સી. એલ. પટેલ, માનદ્ સેક્રેટરી ડૉ. એસ. જી. પટેલ, ડાયરેક્ટર જનરલ નિખિલ ઝવેરીએ અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર અને એ.આઈ.એસ.ટી. જાપાન વચ્ચે વિદ્યાર્થી આદાન-પ્રદાન કરાર



(તસવીર : સલીમ-મમતા સ્ટુડિયો, વિદ્યાનગર)

આણંદ, તા. ૧૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારના એન્વાયરોમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ તેમજ નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ એડવાન્સ તેમજ નેશનલ ઈન્સ્ટીટયૂટ ઓફ એડવાન્સ ઈન્ડસ્ટ્રીયલ સાયન્સ ટેકનોલોજી (એઆઈએસટી) ત્સુકુબા, જાપાનનાં સંયુકત ઉપક્રમે ચાર દિવસીય સંશોધન ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ઠરાવનું આયોજન થયું હતું.

આ અનુસંધાનમાં ડૉ. નોબુપોશી યામાશિતા, ચીફ સિનિયર સાયન્ટીસ્ટ, એઆઈએસટી, જાપાન પધાર્યા હતા. તેમજ પી.એચ.ડી.ના તેમજ એમ.એસ.સી.ના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓ સાથે સંશોધન વિષય વિશે ચર્ચા કરી હતી. જેમાં તેઓએ ગ્લોબલ ડીસ્ટ્રીબ્યુશન એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઓફ હેઝાર્ડસ કેમિકલસ ઈન વોટર, સોઈલ એન્ડ એર વિષય પર પરિસંવાદ કર્યો હતો. ત્યારબાદ તેમને વિદ્યાર્થીઓને પ્રાયોગિક જ્ઞાન પણ આપ્યું હતું.

આ સંયુકત ઉપક્રમના અનુસંધાનમાં બે અથવા ત્રણ પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને મફત પ્રવાસકીય, રહેવાની, જમવાની તેમજ લેબ સગવડતાઓ પૂરી પાડવામાં આવશે.

આ બાબતે જાપાન સ્થિત આઈસ્પારના પર્યાવરણ વિભાગને રૂા. ૫ લાખનાં પ્રાયોગિક સાધનો જેવા કે એર મોનિટરીંગ કીટ, વોટર સેમ્પલર તેમજ સોઈલ કોર સેમ્પલર, સોલીડ ફેઝ એકસ્ટ્રેકશન ચેમ્બર અને પી. એમ. ફિલ્ટર પેપર કીટ પ્રદાન કર્યા હતા.

# જાપાનના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડો. નોબુયોશી યામાશિતા આઈસ્ટારની મુલાકાતે



વિદ્યાનગર, તા. ૧૩

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગની જાપાન સ્થિત એડવાન્સ ઈન્ડસ્ટ્રીઅલ સાયન્સ એન્ડ ટેકનોલોજીના ચીફ સીનીઅર રિસર્ચ સાયન્ટિસ્ટ ડો. નોબુયોશી યામાશિતાએ મુલાકાત લીધી હતી. આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલ કુમારે તેઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

કાર્યશાળા દરમ્યાન એમએસસી પર્યાવરણ વિભાગ, ઈન્ડસ્ટ્રીઅલ હાયજીન અને સેફટી તેમજ એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગના આશરે ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. ડો નોબુએ પર્યાવરણમાં રહેલા વિવિધ પ્રકારના રાસાયણિક ઘટકો જેવા કે પરસીસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ્સ અને તેના વિઘટકો વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃતપૂર્વક સમજાવ્યું હતું. આ ઘટકો વાતાવરણના વિવિધ સ્તરો જેવા કે હવા, પાણી, જમીન, વનસ્પતિ, પશુ-પક્ષીઓ, પ્રાણીઓ વિગેરેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રહેલા હોય છે, જેઓનું પ્રમાણ અમુક હદ કરતા વધી જવાથી પર્યાવરણના જૈવિક અને નિર્જીવ આયામો પર ઘાતક અસરો થઈ શકે છે, અને વાતાવરણમાં ગંભીરતા સર્જી શકે છે, જેની અસર માનવીય આરોગ્ય પર પણ થઈ શકે છે.

આ વિષયના અનુસંધાનમાં બંને સંસ્થાઓના સહયોગથી પર્યાવરણીય સમસ્યાઓના નિવારણ માટે પ્રવર્તમાન સંશોધન આવશ્યક છે. જે માટે ડો નોબુએ આઈસ્ટારના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓને ઉપરોક્ત વિષયમાં વધુ સંશોધન કરવા માટે હાકલ કરી છે.

પસંદગી પામેલ વિદ્યાર્થીઓને આગામી ત્રણ વરસ માટે નિઃશુલ્ક રિસર્ચના ભાગરૂપે ફ્રી ટ્રાવેલિંગ અને એકોમોડેશન આપવામાં આવશે.

# જાપાનના નેશનલ ઇન્સ્ટી. ખાતે આઇસ્ટારના પી.એચ.ડી વિદ્યાર્થીઓનું સંશોધન





આણંદ | ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સડ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) સંસ્થાના પર્યાવરણશાસ્ત્ર અને ટેક્નોલોજી વિભાગે આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન ક્ષેત્રમાં હરણફાળ ભરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ સંસ્થાના એન્વાયરમેન્ટલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ (EST, ISTAR) અને જાપાનના નેશનલ ઈન્સ્ટીટ્યૂટ ઓફ એડવાન્સડ ઈન્ડસ્ટ્રીયલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (AIST)વચ્ચે થયેલા આંતરરાષ્ટ્રીય કરાર અંતર્ગત એન્વાયરમેન્ટલ સાયન્સમાં પીએચડી કરતી બે વિદ્યાર્થીનીઓ કુ.દિપા પ્રેમચંદ લાલવાણી અને પૂજા નિરવકુમાર ઠાકરને સંશોધન અર્થે છ માસની મુદત માટે જાપાન મોકલવામાં આવ્યાં હતાં. બંને વિદ્યાર્થિનીઓએ ડો.નિર્મલકુમાર જે. આઇ (ભારત) અને ડો. નોબુયોષી યામાશીતા (જાપાન)ના સંયુક્ત માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય હાથ ધર્યું હતું.

# ISTAR @ PRESS

## આઈસ્ટાર કોલેજમાં હાઈજીન અને સેફ્ટી વિષયે એક્સપર્ટ ટોક



## આઈસ્ટાર કોલેજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ



આણંદ, તા. ૧૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેક્નોલોજિ ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આર્થિક સહાયરૂપે રૂ. ૫૧,૩૦૦ પ્રતિ વર્ષે ... ઈજનેર ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવી હતી. ઉપરોક્ત સિદ્ધિ બદલ સરફેસ કોટિંગ ટેક્નોલોજિ વિભાગના વડા ડો. કલ્પેશ પટેલ અને આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલકુમારે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી અને હાર્દિક અભિનંદન ...

## આઈસ્ટાર કોલેજ દ્વારા ટ્રી પ્લાન્ટેશન કેમ્પ



આણંદ, તા. ૧૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના રાષ્ટ્રિય સેવા યોજના અને માય કેમ્પસ ક્લીન કેમ્પસ દ્વારા ચારૂતર વિદ્યા મંડળના ૭૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સીવીએમના માનદ્ સહમંત્રી ખોડાભાઈ પટેલ, અમૂલ મોગર ચોક્લેટ પ્લાન્ટના ડેપ્યુટી મેનેજર રાજેશ પાઠોડીયા, ... આર મેનેજર અભિષેક ભટ્ટ, ...ર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડો. ...ર, સીવીએમના નોન-એકેડેમીક ફોરમના ઈન્ચાર્જ પરેશ મોરપરા સહિત વિવિધ વિભાગોના વડા તથા રાષ્ટ્રિય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા પર્યાવરણલક્ષી વૃક્ષો જેવા કે આસોપાલવ, બોરસલ્લી, લીમડો વિગેરે જેવા ૧૦૦ જેટલા રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વધુમાં વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ અમૂલ ચોક્લેટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને તેની કાર્યપદ્ધતિની વિશેષ સમજણ કેળવી હતી. કાર્યક્રમની સફળતા માટે સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## વિદ્યાનગર : જાપાનના વૈજ્ઞાનિક પાંચ વર્ષ માટે આઈસ્ટારમાં ઓનરરી વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપશે

### ડો. નોબુ છેલ્લા ૨૮ વર્ષથી વિશ્વના વિવિધ દેશોના પર્યાવરણમાં રહેલા વિવિધ રાસાયણિક ઘટકો અંગે સંશોધન કરી રહ્યા છે



# આઈસ્ટાર કોલેજ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



આણંદ, તા. ૩

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના કાઉન્સિલિંગ વિભાગ દ્વારા તાજેતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને કારકિર્દી માર્ગદર્શન ના કાઉન્સિલિંગ કો-ઓર્ડિનેટર ડૉ. એચ.એન.કાપસેએ વલ્લભ વિદ્યાનગર સ્થિત પેસ એકેડેમીના ઈન્સ્ટ્રક્ટર ચિરાગ પટેલને આવકારીને તેમનો પરિચય આપ્યો હતો. જેમને પ્રારંભિક પાસાઓ ...ત્રોમાં નોકરીની તકો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ સેમિનારમાં આઈસ્ટાર કોલેજના વિવિધ વિભાગના ૧૨૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમની સફળતા બદલ આઈસ્ટાર

# આઈસ્ટાર કોલેજમાં શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ



ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) ખાતે પાયથોન પ્રોગ્રામીંગ એન્ડ મશીન લર્નિંગ વિષય ઉપર શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન એમ.એસ.સી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર ટ્રેનિંગ પ્રો... બી. પટેલ (ક...

# આઈસ્ટારના વિદ્યાર્થીની કુવૈતમાં તાલીમ માટે પસંદગી



વિદ્યાનગર, તા. ૧૮

ચારૂતર વિદ્યામંડળ ... ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ વિભાગમાં દર વર્ષે વિદ્યાર્થીઓ કંપનીઓમાં ટ્રેઈનીંગ માટે મોકલવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ આ વર્ષે બીજા સેમેસ્ટરમાં ભણતા વિદ્યાર્થી શાહનવાઝ પઠાણની પસંદગી કુવૈતની કંપની અલ અફાઝ એન્જિનિયરીંગમાં થઈ. જેમાં એક મહિનો એનાલિટીકલ ઈન્સ્ટ્રુમેન્ટસના મેન્યુફેકચરીંગ મેઈન્ટેનન્સનું જ્ઞાન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીએ આઈસ્ટાર તરફથી આંતરરાષ્ટ્રીય કક્ષાની ટ્રેઈનીંગ મળવા બદલ હેડ ડૉ. હિમાંશુ કાપસે, પ્રિ. નિર્મલકુમાર તથા ચારૂતર વિદ્યામંડળ

# આઈસ્ટાર કોલેજમાં રક્તદાન અને થેલેસેમિયા પરિક્ષણ

આણંદ, તા. ૬

ચારૂતર વિદ્યામંડળ સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આઈસ્ટાર કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદઘાટન આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ.ના સભ્યો ડો. મયંક પટેલ, ડો. પરાગ કારિયા, ડો. ઉન્નત્તિ પટેલ અને ડો. કિન્નરી ભટ્ટ વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

આ શિબિરમાં ૧૨૧ વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું હતું. ચારૂતર વિદ્યામંડળ અને લાયન્સ ક્લબ, આણંદના નાણાકીય સહયોગથી આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આઈસ્ટાર કોલેજ પરિવારે રક્તદાન કરનાર વિદ્યાર્થીઓને અને એનએસએસના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા.

## આઇસ્ટાર અને વી.પી. સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો પરિસંવાદ



આઇસ્ટાર કોલેજના ઇન્સ્ટ્રુમેન્ટશન અને કંટ્રોલ વિભાગ તેમજ વી.પી. સાયન્સ કોલેજના ઈન્સ્ટ્રુમેન્ટશન વિભાગ દ્વારા એટલાન્ટા એલેક્ટ્રીકલ્સ પ્રાઇવેટ લિમિટેડ, વિઠ્ઠલ ઉદ્યોગનગર અને પાર્થમ ઓટોસ્વિચ, દહેગામ, જેવી ખ્યાતનામ કંપનીઓના સહયોગ "ફ્રન્ટિયર્સ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટશન" વિષય પર સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વડોદરા સ્થિત નામાંકિત કંપની સર્વિલિંક સિસ્ટીમ્સના ડાયરેક્ટર ડો. જગદિશ શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. સિવિએમના માનદ મંત્રી ડો. એસ.જી.પટેલ, આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર, વી.પી.સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવેશ પટેલ મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં આશરે ૧૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂ

## આઇસ્ટાર કોલેજમાં કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયો



આણંદ, તા. ૦૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં કેમ્પસ

વિદ્યાર્થીઓને ઊંચા પગાર ધોરણ સાથે નોકરી મેળવવાની તક પુરી પાડી હતી. પેઈન્ટ અને કોટિંગ ટેક્નોલોજીને લગતી ઉપરોકત તમામ કંપનીઓ આ

## વિદ્યાનગર : આઇસ્ટારનું ગૌરવ



તાજેતરમાં ગુજરાત ક્લીનર પ્રોડકશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, અને મિનિસ્ટ્રી ઓફ એન્વિરોન્મેન્ટ ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ, ન્યુ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ વિષયમાં ઉત્તમ સંશોધન પ્રતિયોગિતા યોજાઇ હતી. જે અંતર્ગત અનુસ્નાતક અને પીએચડી કક્ષાએ સંશોધનકર્તાઓને બેસ્ટ થીસીસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં અનુસ્નાતક કક્ષાએ ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત આઇસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગની વિદ્યાર્થિની કુ. મયૂરિકા રોહિતને બેસ્ટ થીસીસ એવોર્ડની પ્રતિસ્પર્ધામાં ઉત્તમ સંશોધન બદલ અને પીએચડી કેટેગરીમાં ફેકલ્ટી ડો. ધૃતિ પટેલને પ્રશંસનીય સંશોધન બદલ પ્રમાણપ અને કેશ પ્રાઈઝ પ્રાપ્ત થયા હતા. ઉપરોક્ત વિજેતાઓએ આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલકુ

## આઇસ્ટાર કોલેજમાં રીલાયન્સ ઇન્સ્ડસ્ટ્રીઝનો મેગા પ્લેસમેન્ટ ડ્રાઇવ



આણંદ | વિશ્વ કક્ષાએ અગ્રીમ એવી રીલાયન્સ ઈન્ડ્સ્ટ્રીઝ લી. જામનગર તથા સેમે. સી. ઈન્સ્ટ્રીયલ કેમેસ્ટ્રી (IC) વિભાગ, આઈસ્ટ્રારના સંયુકત ઉપક્રમે સેમે. સી. (M.Sc) ના 4થા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું.

# ચારૂતર વિદ્યામંડળના ગ્રીન ઓડિટ સેલનું જીસીપીસી ગાંધીનગર દ્વારા સન્માન




આણંદ, તા. ૩૦

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળના હોદ્દેદારોના માર્ગદર્શન હેઠળ રચાયેલું ગ્રીન ઓડિટ સેલ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમ છે. જે સીવીએમ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનું પર્યાવરણના વિવિધ માપદંડોને આધારે ગ્રીન ઓડિટ મૂલ્યાંકન કરે છે. આ સેલ અંતર્ગત નેક, બેંગ્લોર, મિનિસ્ટ્રી ઓફ એન્વીરોમેન્ટ, ફોરેસ્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગના ધારાધોરણો પ્રમાણે જૈવિક વિવિધતાનું વિશ્લેષણ, વાતાવરણની સુઘડતા, સ્વચ્છતા અને તેની જાળવણી, પાણીની ગુણવત્તા અને તેનો મર્યાદિત ઉપયોગ, ઉર્જાનો વપરાશ અને તેનું ખર્ચ વિશ્લેષણ, પુનઃપ્રાપ્ય ઉર્જા કેમ્પસમાં પેદા થયેલ ઘન કચરાના પ્રકારો અને તેનો સુવ્યવસ્થિત નિકાલ, વીજળીથી ચાલતા ઉપકરણોનો ઉપયોગ, પાણીના બિનપયોગી વપરાશને અટકાવવા માટે સંસ્થાએ કરેલા પ્રયત્નો, પ્લાસ્ટિકનો બિનઅધિકૃત ઉપયોગ, કેમ્પસમાં ધુમ્રપાન અને બીડી તમાકુનો નિષેધ, દિવ્યાંગજન વિદ્યાર્થીઓ માટે પૂરતી વ્યવસ્થા વિદ્યાર્થીઓમાં પર્યાવરણીય જાગૃતિ વિગેરે જેવા પરિબળોનો સમાવેશ કરવામાં આવે છે. આ ગ્રીન ઓડિટ સેલ, સીવીએમ અને ગુજરાત ક્લીનર પ્રોડક્સન સેન્ટર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સ, ગુજરાત સરકાર સાહસ, ગાંધીનગર વચ્ચે ચાર વર્ષ પહેલા એમઓયુના હસ્તાક્ષર પણ કરવામાં આવ્યા હતાં. આ અનુસંધાનમાં ગ્રીન ઓડિટ સેલ, સીવીએમ દર વર્ષે નર્સરી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ આર્ટસ, કોમર્સ, સાયન્સ એન્જિનિયરીંગ, આર્કિટેક્ટ, આયુર્વેદ, ફાર્મસી, સ્પોર્ટસ, આઈટીઆઈ અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો વગેરે જેવી સંસ્થાઓનું મૂલ્યાંકન કરી રહી છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં પર્યાવરણ આધારે સંસ્થાઓનું આ પ્રકારનું ગ્રીન ઓડિટ મૂલ્યાંકન સૌ પ્રથમવાર કરવામાં આવ્યું છે.

આ ગ્રીન ઓડિટ સેલ, સીવીએમના કાર્યક્ષમ પ્રયાસોને જીસીપીસીએ માન્યતા આપી છે અને પર્યાવરણલક્ષી ઉત્કૃષ્ટ કામગીરી બજાવવા બદલ જીસીપીસીએ ગ્રીન ઓડિટ સેલના કોઓર્ડિનેટર પ્રો. ડૉ. નિર્મલકુમાર અને ગ્રીન ઓડિટ સેલના મુખ્ય ટીમના તમામ સભ્યોને તેમના ઉદ્યમી પ્રયાસો અને સીવીએમની શૈક્ષણિક સંસ્થાઓના ટકાઉ અને આરોગ્યપ્રદ વાતાવરણ માટે નવી પહેલ કરવા બદલ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતાં.

# સીવીએમયુની આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો




આણંદ, તા. 1

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સીટીની ઘટક સંસ્થાઓ આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા સંયુક્ત ઉપક્રમે તા. ૨૬ ફેબ્રુઆરીના રોજ પાવાગઢ માઉન્ટેન રિઝર્વના જંગલ આચ્છાદિત વિસ્તારો, દુધિયું તળાવ, તેલિયું તળાવ, છાણીયું તળાવ, કાળેશ્વર તળાવ અને વડા તળાવના જલપ્લાવિત વિસ્તારો, અને વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેર ખાતે રાષ્ટ્રીય વૈજ્ઞાનિક દિવસ નિમિત્તે સંયુક્ત ઉપક્રમે એકદિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગના હેડ પ્રો.ડો. નિર્મલ કુમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસમાં એનવીપાસ કોલેજના બાયોસાયન્સિસ અને પર્યાવરણ વિભાગના હેડ ડો. રીટા કુમાર, ફેકલ્ટી દર્શિત શાહ અને શશાંક પટેલ તેમજ આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડો. ધૃતિ પટેલ અને પીએચડી સ્કોલર હિરેન ચૌધરીએ પાવાગઢની તળેટીમાં વસેલા જંગલોમાં વિદ્યાર્થીઓને ટ્રેકિંગ મારફતે વિવિધ જૈવિક ઘટકો જેવાકે વનસ્પતિ સૃષ્ટિ, ઔષધીય વનસ્પતિઓ, વિવિધ હેતુઓ માટે છોડનો ઉપયોગ, પતંગિયા અને કરોળિયાની વિવિધ જાતો તેમજ પક્ષી સૃષ્ટિનો અભ્યાસ કરાવ્યો હતો. વધુમાં ઉપરોક્ત જલપ્લાવિત વિસ્તારોની જૈવિક તંત્રમાં ઉપયોગીતા, વિવિધ પ્રકારો, પોષણકડીમાં મહત્વ, પર્યાવરણમાં સંરક્ષણ, ઈકોસિસ્ટમ પુનઃસ્થાપના અને તેના સંવર્ધન વિષે લોકજાગૃતિ જેવા મહત્વના પાસાઓ વિષે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# આઈસ્ટાર કોલેજમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ પ્રતિયોગિતાઓ યોજાઈ



આણંદ, તા.૧

આઈસ્ટાર કોલેજ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય થીમ- ઈન્ટીગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર સસ્ટેઈનેબલ ફ્યુચર, વિષય પર નિબંધ સ્પર્ધા, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા જેવી વિવિધ પ્રતિયોગિતાઓ યોજવામાં આવી હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

પ્રતિયોગિતાનું આયોજન આઈસ્ટાર ઈકો ક્લબના કો ઓર્ડિનેટર ડો. હિરેન સોની અને ઈકો ક્લબના સભ્યોએ કર્યુ હતું. નિબંધ સ્પર્ધામાં આઈસ્ટાર સંસ્થાના વેલ્યુએશન ડિપાર્ટમેન્ટના હેડ રૂપેશ શાહ, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધામાં જિયોઈન્ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટના હેડ ડો. ઉન્નાતિ પટેલ અને ઓર્ગેનિક કેમિસ્ટ્રીના અધ્યાપક ડો. કિન્નરી ભટ્ટે જજ તરીકે સેવાઓ આપી હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે પર્યાવરણ વિભાગના પીએચડીના વિદ્યાર્થી હિરેન ચૌધરી, દ્વિતીય ક્રમાંકે વેલ્યુએશન ડિપાર્ટમેન્ટના પ્રફુલ યાદવ અને તૃતીય ક્રમાંકે પર્યાવરણ વિભાગના કુંજલ પટેલ રહ્યા હતાં.

ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક સેફટી ડિપાર્ટમેન્ટના ધૃતિ સોની અને ઝીલ પટેલ, દ્વિતીય ક્રમાંકે પર્યાવરણ વિભાગના કુંજલ પટેલ અને અનુશ્રી રાઠોડ, તૃતીય ક્રમાંકે આઈટી ડિપાર્ટમેન્ટના રિયા સિંગ અને લક્ષ્મી વાલાની રહ્યા હતા.

રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે પર્યાવરણ વિભાગના વિશાખા પુરોહિત, દ્વિતિય ક્રમાંકે ઓર્ગેનિક ડિપાર્ટમેન્ટના શ્રેયા પટેલ અને શ્રદ્ધા ચાંપાનેરી રહ્યા હતા. આઈસ્ટાર સંસ્થાના ડાયરેક્ટર ડો. કિરીટ પટેલે ઈકો ક્લબના કો ઓર્ડિનેટર ડો. હિરેન સોની, ઈકો ક્લબના સભ્યોને તેમજ આ પ્રતિયોગિતાઓના વિજેતાઓને તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

# આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગનો શૈક્ષણિક પ્રવાસ



આણંદ, તા. ૨૩

સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓ આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા પરીએજ અને કનેવાલ જલપ્લાવિત વિસ્તારોનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગના હેડ પ્રો. ડો. નિર્મલ કુમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસમાં એનવીપાસ કોલેજના બાયોસાયન્સિસ અને પર્યાવરણ વિભાગના હેડ ડો. રીટાકુમાર, ફેકલ્ટી દર્શિત શાહ અને શશાંક પટેલ તેમજ આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડો. ધૃતિ પટેલ અને પીએચડી સ્કોલર હિરેન ચૌધરીએ જલપ્લાવિત વિસ્તારોની જૈવિક તંત્રમાં ઉપયોગીતા, વિવિધ પ્રકારો, પોષણકડીમાં મહત્વ, પર્યાવરણમાં સંરક્ષણ અને તેના સંવર્ધન વિશે લોકજાગૃતિ જેવા મહત્વના પાસાઓ વિશે આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

આ વિસ્તારોની પાણી એને માટીના ભૌતિક, રાસાયણિક અને જૈવિક ગુણધર્મો વિશે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક રીતે પૂરતી સમજ આપવામાં આવી હતી. જેમાં પાણી અને માટીના પ્રકારો, પારદર્શકતા, પ્રોડક્ટિવિટી, બાયોલોજીકલ ઓક્સિજન ડિમાન્ડ, ડીસોલ્વ્ડ ઓક્સિજન, પીએચ અને ઈલેક્ટ્રિકલ કન્ડક્ટિવિટી જેવા વિવિધ ગુણધર્મોનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. આ પ્રવાસ દરમ્યાન સૌ વિદ્યાર્થીઓને પરીએજ અને કનેવાલના શિયાળા દરમ્યાન આવતા વિવિધ પ્રકારના યાયાવર તેમજ સ્થાનિક પક્ષીઓ પેલીકન, ફ્લેમિંગો, બ્રાહ્મીની ડક, લિટલ સ્ટિન્ટ, બ્લેક ટેઈલ્ડ ગોડવીટ, પાઈડ કિંગફિશર અને સારસ ક્રેન વગેરે બતાવવામાં આવ્યા હતા.

# આઈસ્ટાર અને એનવીપાસ કોલેજનાં પર્યાવરણ વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસ

આણંદ, તા. ૨૭

સી.વી.એમ. યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓ આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા પાવાગઢ માઉન્ટેન રિઝર્વના જંગલ આચ્છાદિત વિસ્તારો, દુધિયું તળાવ, તેલિયું તળાવ, છાણીયું તળાવ, કાળેશ્વર તળાવ અને વડા તળાવના જલપ્લાવિત વિસ્તારો અને વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેર ખાતે રાષ્ટ્રીય વૈજ્ઞાનિક દિવસ નિમિતે એકદિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગનાં હેડ પ્રો.ડૉ. નિર્મલકુમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસમાં એનવીપાસ કોલેજમાં બાયોસાયન્સિસ અને પર્યાવરણ વિભાગના હેડ ડૉ. રીટા કુમાર, ફેકલ્ટી દર્શિત શાહ, શશાંક પટેલ તેમજ આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. શ્રુતિ પટેલ અને પીએચડી સ્કોલર હિરેન ચૌધરીએ પાવાગઢની તળેટીમાં વસેલા જંગલોમાં વિદ્યાર્થીઓને ટ્રેકિંગ મારફતે વિવિધ જૈવિક ઘટકો જેવાકે વનસ્પતિ સૃષ્ટિ, ઔષધિય વનસ્પતિઓ, વિવિધ હેતુઓ માટે છોડો ઉપયોગ, પતંગિયા અને કરોળિયાની વિવિધ જાતો તેમજ પક્ષી સૃષ્ટિનો અભ્યાસ કરાવ્યો હતો. વધુમાં જલપ્લાવિત વિસ્તારોની જૈવિક તંત્રમાં ઉપયોગીતા, વિવિધ પ્રકારો, પોષણકડીમાં મહત્વ, પર્યાવરણમાં સંરક્ષણ, ઈકોસિસ્ટમ પુનઃસ્થાપન અને તેના સંવર્ધન વિષે લોકજાગૃતિ જેવા મહત્વના પાસાઓ વિષે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પુરું પાડ્યુ હતું તથા પાણી અને માટીના પ્રકારો, પારદર્શકતા, પ્રોડક્ટિવિટી, બાયોલોજીકલ ઓક્સિજન ડિમાન્ડ, ડિસોલ્વડ ઓક્સિજન, પીએચ અને ઈલેક્ટ્રિકલ કન્ડક્ટિવિટી જેવા વિવિધ ગુણધર્મોનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. પ્રવાસ દરમ્યાન સૌ વિદ્યાર્થીઓને પાવાગઢ તેમજ તેની આસપાસના વિસ્તારોમાં શિયાળા દરમ્યાન મુલાકાત લેતા વિવિધ પ્રકારના યાયાવર તેમજ સ્થાનિક પક્ષીઓ જેવાકે પેલીકન, ફ્લેમિંગો, બ્રાહ્મીની ડક, લિટલ સ્ટિન્ટ, બ્લેક ટેઈલ્ડ ગોડવીટ, પાઈડ કિંગફિશર અને યુરેશીઅન સ્પૂનબિલ વગેરે બતાવવામાં આવ્યા હતાં.



# આઈસ્ટાર અને એન.વી. પાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા સંયુક્ત ઉપક્રમે એક્સપર્ટ ટોક



આણંદ, તા.૧૨

સી.વી.એમ.યુ. ની આઈસ્ટાર અને એન.વી.પાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા એન.વી. પાસ કોલેજની સિલ્વર જ્યુબિલી નિમિતે સંયુક્ત ઉપક્રમે એક્સપર્ટ ટોક યોજાઈ હતી.

જેમાં આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના પ્રથમ અને તૃતીય સેમિસ્ટરના તેમજ એન.વી. પાસ કોલેજના ટી.વાય. બી.એસ.સી. ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં મુખ્ય વક્તાઓ તરીકે એસ્સાર પાવર લિમિટેડ, જામનગરના એચ.એસ.ઈ.એફ. વિભાગના હેડ ડૉ. પ્રતીક મહેતા અને જોઈન્ટ જનરલ મેનેજર ડૉ. પ્રદીપ પટેલ હાજર રહ્યા હતાં.

ડૉ. પ્રતીક મહેતાએ ઈઆઈએ એન્ડ લેજિસ્લેશન વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જેમાં તેઓએ સ્થાપિત તેમજ નવા ઔદ્યોગિક એકમોને લગતા વિવિધ કાયદાઓ અને ધારાધોરણો વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. ડૉ. પ્રદીપ પટેલે ગુજરાત રાજ્યના ઔદ્યોગિક એકમોમાં પ્રવર્તતી એડવાન્સ્ડ વોટર ટ્રીટમેન્ટ ટેક્નોલોજી વિષે ચર્ચા કરી હતી.

જેમાં તેઓએ રિવર્સ ઓસ્મોસિસ, માઈક્રો ફિલ્ટરેશન, મેક્રો ફિલ્ટરેશન, પાર્ટિકલ ફિલ્ટરેશન અને અલ્ટ્રા ફિલ્ટરેશન જેવી વિવિધ અને આધુનિક તકનિકોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. ધૃતિ પટેલે અને ડૉ. હિરેન સોનીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રો.ડૉ. નિર્મલ કુમારે મુખ્ય વક્તાઓને પ્રસંશા પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

કાર્યક્રમની સફળતા માટે સી.વી.એમ. અને યુનિવર્સિટીના અધ્યક્ષ ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ. એસ.જી.પટેલ, જોઈન્ટ સેક્રેટરી-મેહુલભાઈ પટેલ, આર.સી.તલાટી, વિશાલભાઈ પટેલ તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો. ડૉ. પી.એમ.ઉદાનીએ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમાર, કો-ઓર્ડિનેટર ડૉ. જીગર પટેલ, એન.વી. પાસ કોલેજના પર્યાવરણ વિભાગના હેડ ડૉ. રીટાકુમાર તેમજ બંને સંસ્થાઓના પર્યાવરણ વિભાગના ફેકલ્ટીને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

# આઈસ્ટાર કોલેજમાં વાઈલ્ડલાઈફ ક્વિઝ




આણંદ, તા. ૧૦

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે આઈસ્ટાર સંસ્થાની ઈકો કલબ અંતર્ગત વાઈલ્ડલાઈફ ક્વિઝ યોજાઈ હતી.

જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દુનિયાના વિવિધ પ્રાંત, ભારત દેશ અને ગુજરાત રાજ્યના વન્યજીવનને લગતી આ વાઈલ્ડ લાઈફ ક્વિઝમાં ભયને આરે આવેલી વનસ્પતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ, તેઓનું સંરક્ષણ, સંવર્ધન તેમજ સુરક્ષિત વિસ્તારોનું મહત્ત્વ વગેરે જેવા પાસાઓ આવરી લેવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રોનક ત્રિવેદી, સમૃદ્ધિ પટેલ, ભાવેશ બારીઆ, દ્વિતીય ક્રમાંકે ઉત્કર્ષ સીંધ, ભવ્ય સીંધ, કેયુર લુણાગરિયા અને તૃતીય ક્રમાંકે પાર્થ જગાની, રોનક સોની, ઋચિક પટેલ રહ્યા હતા. આઈસ્ટાર સંસ્થાના પ્રો. ડૉ. નિર્મલ કુમારે ઈકો કલબના કો-ઓર્ડિનેટર ડૉ. હિરેન સોની તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને અને વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટારના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે



આણંદ, તા. ૨૨

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગ દ્વારા નંદેસરી સ્થિત નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસિએશન ખાતે એક દિવસીય ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગના હેડ પ્રો. ડૉ. નિર્મલ કુમાર અને ફેકલ્ટી ડૉ. હિરેન સોનીના માર્ગદર્શન હેઠળ ડૉ. ધૃતિ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણ વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વિઝિટ દરમ્યાન નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસિએશનના ચેરમેન બાબુભાઈ પટેલ મેનેજર મયુર પટેલ તથા ઔદ્યોગિક એકમના સમગ્ર સ્ટાફ મિત્રએ નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસિએશનના વિવિધ પ્લાન્ટ અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સૌ વિદ્યાર્થીઓએ કંપનીના વિવિધ યુનિટો જેવા કે સેફ્ટી ઈન્ડકશન, પ્રોસેસિંગ, મેન્ટેનન્સ, ક્વોલિટી ચેકીંગ, ક્વોલિટી એસ્યોરન્સ, હાઈજીન એન્ડ સેફ્ટી, લેન્ડફીલ સાઈટ, એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. ધૃતિ પટેલે સૌ વિદ્યાર્થીઓને ઈટીપી પ્લાન્ટના વિવિધ તબક્કાઓ અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી તેમજ આદ્યોગિક ક્ષેત્રે ઈટીપી પ્લાન્ટનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ દરમ્યાન એનઆઈએ તરફથી સહકાર મળવા બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિ. ડૉ. કિરીટ પટેલ અને સંસ્થાના કોઓર્ડિનેટર ડૉ. જીગર પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈસ્ટાર કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે પોસ્ટર પ્રતિયોગિતા



આણંદ, તા. ૧૦

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે ફોરેસ્ટ એન્ડ લાઈવલીહુડ, પ્લેનેટ અને બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન વિષય પર પોસ્ટર પ્રતિયોગિતા યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પોસ્ટર પ્રતિયોગિતામાં આઈસ્ટાર સંસ્થાના જિયોઈન્ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટના હેડ ડૉ. ઉન્નાતિ પટેલ અને ઓર્ગેનિક કેમેસ્ટ્રીના પ્રાધ્યાપક ડૉ. કિન્નરી ભટ્ટે જજ તરીકે સેવાઓ આપી હતી. આ પ્રતિયોગિતામાં પ્રથમ ક્રમાંકે સાલોમી ઘોડાસરા અને જરાળી, દ્વિતીય ક્રમાંકે સ્વપ્નિલ પટેલ અને રિયા મહેશભાઈ અને તૃતીય ક્રમાંકે કુંજલ પટેલ અને અનુશ્રીબા રાઠોડ રહ્યા હતા. આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમાર ઈકો ક્લબના કો-ઓર્ડિનેટર ડૉ. હિરેન સોની, સભ્યોને તેમજ પોસ્ટર હરીફાઈમાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં પોસ્ટર પ્રતિયોગિતા યોજાઈ



સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે તા.૮ ઓકટોબરના રોજ વન્યજીવન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ફોરેસ્ટ એન્ડ લાઈવલીહુડ, સ્ટેનેબલ પ્લેનેટ અને બાયોડાયવર્સીટી કન્ઝર્વેશન વિષય પર પોસ્ટર પ્રતિયોગિતા યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.આ પોસ્ટર પ્રતિયોગિમાં આઈસ્ટાર સંસ્થાના જિયોઈ-ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટના હેડ ડો. ઉન્નતિ પટેલ અને ઓર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રાધ્યાપક ડો. કિન્નરી ભટ્ટે જજ તરીકે સેવાઓ આપી હતી. આ પ્રતિયોગિતામાં પ્રથમ ક્રમાંકે સાલોમી ઘોડાસર અને શ્રી જરાળી, દ્વિતીય ક્રમાંકે સ્વપ્નીલ પટેલ અને રિયા મહેશભાઈ અને તૃતીય ક્રમાંકે કુંજલ પટેલ અને અનુશ્રીબા રાઠોડ રહ્યા હતા.

# સીવીએમયુ-આઈસ્ટાર કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો વિષે એક્સપર્ટ ટોક યોજાઈ



આણંદ, તા.૭

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે તા. ૭ ઓક્ટોબરના રોજ વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો અને તેમનું જીવન વિષય પર એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ એક્સપર્ટ ટોકમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત યોગ્યુનટી નેચર ફાઉન્ડેશનના સરીસૃપ સંશોધક નીલ તળાટીએ વિદ્યાર્થીઓને સરીસૃપોની વિવિધતા, ખોરાક, આવાસ, જીવનશૈલી તેમજ કુદરતમાં તેઓની ઉપયોગીતા જેવા વિવિધ પાસાઓ વિષે ચર્ચા કરી હતી. વધુમાં તેમને વિદ્યાર્થીઓને સર્પ સંદર્ભે, તેઓની લાક્ષણિકતાઓ અને સર્પદંશની સારવાર વિષે પણ માહિતગાર કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આઈસ્ટાર સંસ્થાના ઈ.ચા. કાર્યકારી કોઓર્ડિનેટર ડૉ. હિરેન સોનીએ એક્સપર્ટ વ્યાખ્યાનકાર નીલ તળાટીનો પરિચય આપ્યો હતો. ત્યાર બાદ પર્યાવરણ વિભાગના પ્રાધ્યાપક ડૉ. પુનિ પટેલે નીલ તળાટીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે એક્સપર્ટ સ્પીકર નીલ તળાટીને પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. તેમજ ઉક્ત આયોજન બદલ સર્વે સભ્યોને અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમની સફળતા માટે સીવીએમ અને યુનિવર્સિટીના અધ્યક્ષ એન્જિનિયર શ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ. એસ. જી. પટેલ, જોઈન્ટ સેક્રેટરી મેહુલભાઈ પટેલ, આર.સી. તળાટી, વિશાલભાઈ પટેલ તેમજ ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ. પી.એમ. ઉદાનીએ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમાર, કોઓર્ડિનેટર ડૉ. જાગર વી. પટેલ તેમજ સૌ ફેકલ્ટીને અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો વિશે એક્સપર્ટ ટોક



આણંદ, તા. ૮

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો અને તેમનું જીવન વિષય પર એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ એક્સપર્ટ ટોકમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત વોલ્યુન્ટરી નેચર કોન્સર્વન્સીના સરીસૃપ સંશોધક નીલ તલાટીએ વિદ્યાર્થીઓને સરિસૃપોની વિવિધતા, ખોરાક, આવાસ, જીવનશૈલી તેમજ કૃષિક્ષેત્રે તેઓની ઉપયોગીતા જેવા વિવિધ પાસાઓ વિશે ચર્ચા કરી હતી. વધુમાં તેમને વિદ્યાર્થીઓને સર્પ સંદર્ભ, તેઓની લાક્ષણિકતાઓ અને સર્પડંખની સારવાર વિશે પણ માહિતગાર કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આઈસ્ટાર સંસ્થાના ઈકો ક્લબના કો ઓર્ડિનેટર ડૉ. હિરેન સોનીએ એક્સપર્ટ વ્યાખ્યાયનકાર નીલ તલાટીનો પરિચય અને પર્યાવરણ વિભાગના પ્રાધ્યાપક ડૉ. ધૃતિ પટેલે નીલ તલાટીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારે એક્સપર્ટ સ્પીકરને પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કર્યું હતું તેમજ ઈકો ક્લબના સૌ સભ્યોને અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વાઈલ્ડલાઈફ ક્વીઝ યોજાઈ



વિદ્યાનગર, તા. ૯

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે તા. ૯ ઓક્ટોબરના રોજ વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે આઈસ્ટાર સંસ્થાની ઈકો ક્લબ અંતર્ગત વાઈલ્ડલાઈફ ક્વીઝ યોજાઈ હતી. દુનિયાના વિવિધ પ્રાંત, ભારત દેશ અને ગુજરાત રાજ્યના વન્યજીવનને લગતી આ વાઈલ્ડલાઈફ કવીઝમાં ભયને આરે આવેલી વનસ્પતિઓ, પ્રાણીઓ, પક્ષીઓ, તેઓનું સંરક્ષણ, સંવર્ધન તેમજ સુરક્ષિત વિસ્તારોનું મહત્વ વિગેરે જેવા પાસાઓ આવરી લેવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે રોનક ત્રિવેદી, સમૃદ્ધિ પટેલ,ભાવેશ બારીઆ, દ્વિતીય ક્રમાંકે ઉત્કર્ષ સીંઘ, ભવ્ય સીંઘ, કેયુર લુણાગરિયા, અને તૃતીય ક્રમાંકે પાર્થ જગાની, રોનક સોની, ઋચિક પટેલ રહ્યા હતા. સંચાલન ડો. ધૃતિ પટેલ, હિરેન ચૌધરી, રિયા શાહ, નિરાલી ગોસ્વામી, ધ્રુવી દેવાની અને પાર્થ પટેલે કર્યું હતું.

# આઈસ્ટાર કોલેજ ખાતે ટેકનોખોજ–૧૯નું આયોજન કરાયું



વિદ્યાનગર, તા. ૧૧

તા. ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટીટયૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) ખાતે એક દિવસીય ટેકનીકલ સ્પર્ધા ટેકનોખોજ–૧૯નું આયોજન કરવામાં આવ્યું.

જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે બગ સ્પોટ, વેબ ડિઝાઈનીંગ, લોગો મોડીફીકેશન, મિનિટ ઈન વીથ, જમ્પ એન્ડ સોલ્વ, બલુન ગેમ, ક્રેઝી મેઝ, અને એન.એફ.એસ. મોસ્ટિ વોન્ટેડ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડો. નિર્મલકુમારના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ડો. સુચીતા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમની ઝાંખી અપાઈ હતી. ત્યારબાદ સ્ટુડન્ટ કો.ઓર્ડીનેટર સચિન પટેલે આઈ.ટી. ડિપાર્ટમેન્ટ અને ટેકનીકલ ઈવેન્ટની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમના અંતમાં સંસ્થાના આચાર્ય ડો. નિર્મલકુમાર દ્વારા ફેકલ્ટી અને વિદ્યાર્થીને કાર્યક્રમની સફળતા બદલ સુભાશિષ પાઠવ્યા હતા. આભારવિધિ ડો. નીકી જૈન દ્વારા કરાઈ હતી.

# અમેરિકન પબ્લિક હેલ્થ એસોસીએશનના ડાયરેક્ટર ડો. એલિસ ફિટસેન્સ આઈસ્ટારની મુલાકાતે



આણંદ, તા. ૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાના ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન એન્ડ સેફટી વિભાગ અને અમેરિકન પબ્લિક હેલ્થ એસોસીએશન, અમેરિકાના સંયુકત ઉપક્રમે તાજેતરમાં અમદાવાદમાં છઠ્ઠી આંતરરાષ્ટ્રીય સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે અમેરિકન પબ્લિક હેલ્થ એસોસીએશનના ડાયરેકટર ડો. એલિસ ફિટસેન્સએ ચારૂતર વિદ્યામંડળની મુલાકાત લીધી હતી. જે દરમિયાન સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલ, આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સીપાલ પ્રોફેસર ડો. નિર્મલ કુમાર, અને ઈન્ડસ્ટ્રીયલ સેફટી વિભાગના હેડ શ્રી બૈજુ વર્ગીસ વિગેરેએ ડો. એલિસ ફિટસેન્સનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ઉપરોકત કાર્યક્રમના ભાગરૂપે ડો. એલિસે આઈસ્ટારના પર્યાવરણ વિભાગ અને સેફટી વિભાગના વિદ્યાર્થીઓને નેનોટેકનોલોજી વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમને નેનોટેકનોલોજી, નેનોટોકિસકોલોજી અને તેને લગતા કાયદા કાનૂન વિષે વિગતવાર સમજાવ્યું હતું. વધુમાં તેમને ઔદ્યોગિક એકમોમાં ઈન્ડસ્ટ્રીયલ હાયજીન અને ઓકયુપેશનલ હેલ્થનું કામદારોના આરોગ્ય પરની અસરો વિષે છણાવટ કરી હતી. બંને સંસ્થાઓ વચ્ચે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આ પ્રકારના સફળ કાર્યક્રમોનું આયોજન ભવિષ્યમાં પણ થતું રહે તે અંગે ચર્ચા કરી હતી.

# આઈસ્ટાર કોલેજ ખાતે ટેકનોખોજ-૧૯નું આયોજન કરાયું



વિદ્યાનગર, તા. ૧૧ તા. ૧૦ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટીટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) ખાતે એક દિવસીય ટેકનીકલ સ્પર્ધા ટેકનોખોજ-૧૯નું આયોજન કરવામાં આવ્યું.

જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે બગ સ્પોટ, વેબ ડિઝાઈનીંગ, લોગો મોડીફીકેશન, મિનિટ ઈન વીથ, જમ્પ એન્ડ સોલ્વ, બલુન ગેમ, ક્રેઝી મેઝ, અને એન.એફ.એસ. મોસ્ટ વોન્ટેડ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમ સંસ્થાના આચાર્ય ડો. નિર્મલકુમારના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ડો. સુચીતા પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમની ઝાંખી અપાઈ હતી. ત્યારબાદ સ્ટુડન્ટ કો.ઓર્ડીનેટર સચિન પટેલે આઈ.ટી. ડિપાર્ટમેન્ટ અને ટેકનીકલ ઈવેન્ટની માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમના અંતમાં સંસ્થાના આચાર્ય ડો. નિર્મલકુમાર દ્વારા ફેકલ્ટી અને વિદ્યાર્થીને કાર્યક્રમની સફળતા બદલ સુભાશિષ પાઠવ્યા હતા. આભારવિધિ ડો. નીકી જૈન દ્વારા કરાઈ હતી.

# આઈસ્ટાર અને વી.પી. સાયન્સ કોલેજના ઉપક્રમે રાજ્યકક્ષાનો પરિસંવાદ યોજાયો

આણંદ, તા. ૦૭

આઈસ્ટાર કોલેજના ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કંટ્રોલ વિભાગ તેમજ વી.પી. સાયન્સ કોલેજના ઈન્સ્ટ્રુમેન્ટેશન વિભાગ દ્વારા એટલાન્ટા એલેકટ્રીકલ્સ પ્રાઈવેટ લિમિટેડ, વિઠ્ઠલ ઉદ્યોગનગર, અને પાર્થમ ઓટોસ્વિચ, દહેગામ, જેવી ખ્યાતનામ કંપનીઓના સહયોગથી તા. ૨ ફેબ્રુઆરીના રોજ ફ્રન્ટિયર્સ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટેશન વિષય પર સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે સર્વિલિંક સીસ્ટીમ્સના ડાયરેકટર ડો. જગદીશ શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. સીવીએમના માનદ મંત્રી ડો. એસ.જી. પટેલ, આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર, વી.પી. સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવેશ પટેલ ઉપસ્થિત રહયા હતા. જેમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. વિજેતાઓને પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. સંચાલન ફેબી સામે અને આભારવિધિ કૃણાલ સુથારે કરી હતી.

# આઈસ્ટારનું ગૌરવ : થીસીસ એવોર્ડ એનાયત થયા



આણંદ, તા. ૨૫

તાજેતરમાં ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને મિનિસ્ટ્રી ઓફ એન્વિરોન્મેન્ટ ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ, ન્યુ દિલ્હીના સંયુકત ઉપક્રમે પર્યાવરણ વિષયમાં ઉત્તમ સંશોધન પ્રતિયોગિતા યોજાઇ હતી. જે અંતર્ગત અનુસ્નાતક અને પીએચડી કક્ષાએ સંશોધનકર્તાઓને બેસ્ટ થીસીસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

જેમાં અનુસ્નાતક કક્ષાએ ચારૂત્તર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગની વિદ્યાર્થીની કુ. મયૂરિકા રોહિતને બેસ્ટ થીસીસ એવોર્ડની પ્રતિસ્પર્ધામાં ઉત્તમ સંશોધન બદલ અને પીએચડી કેટેગરીમાં ફેકલ્ટી ડૉ. ધૃતિ પટેલને પ્રશંસનીય સંશોધન બદલ પ્રમાણપત્ર અને કેશ પ્રાઈઝ પ્રાપ્ત થયા હતા. ઉપરોકત વિજેતાઓએ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારના માર્ગદર્શન હેઠળ આ જવલંત સિદ્ધિ હાંસલ કરી હતી. આ ગૌરવભર્યા પુરસ્કાર માટે સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલે અને ઉપપ્રમુખ મનીષભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજનો ૨૦મો વાર્ષિકોત્સવ ઉજવાયો



આણંદ, તા. ૧૫

આઈસ્ટાર કોલેજનો ૨૦મો વાર્ષિકોત્સવ સીવીએમના અધ્યક્ષ માનનીય શ્રી ભીખુભાઈ પટેલના પ્રમુખપદે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. એન.સી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સીવીએમના માનદ મંત્રી ડો. એસ.જી. પટેલ, કુલપતિ ડો. ભાવેશ પટેલ, ડાયરેક્ટર જનરલ ડો. નિખિલ ઝવેરી, તેમજ અન્ય કોલેજોના પ્રિન્સિપાલ અને ફેકલ્ટી પણ હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ફેકલ્ટી ડો. સુચિતા પટેલે સ્વાગત પ્રવચન કર્યું. ત્યાર બાદ સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલકુમારે સંસ્થાની વાર્ષિક પ્રવૃત્તિઓનો અહેવાલ આપ્યો હતો. વર્ષ દરમ્યાન શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃતિઓમાં રાજ્ય કક્ષાએ વિશિષ્ઠ પ્રદર્શન કરનાર તેમજ યુનિવર્સીટીમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું, જેનું સંચાલન મધ્યસ્થ સમિતિના વાઈસ પ્રેસિડન્ટ રૂપેશ શાહે કર્યું હતું.

વધુમાં જાપાન સ્થિત એઆઈએસટી ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાતની ખ્યાતનામ ઔદ્યોગિક કંપનીઓ દ્વારા ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન ડો. એન.સી. પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન રિયા શાહે કર્યું હતું, અને અંતમાં આભારવિધિ યુકિત શર્માએ કરી હતી.

# આઈસ્ટાર કોલેજ ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ

આણંદ, તા. ૭

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) માં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન તથા સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. આઈસ્ટારના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલકુમારે ભૂતપૂર્વ વિદ્યાર્થિઓંને તેમના વ્યવસાયમાં મેળવેલ સફળતા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ ઑર્ગેનિક કેમેસ્ટ્રી વિભાગના પ્રાધ્યાપક અને આઈસ્ટાર એલ્યુંમની એસોસીએશનના કોઓર્ડીનેટર ડો. નિરજ પટેલ અને સેફ્ટી વિભાગના પ્રાધ્યાપક અને કો-કોઓર્ડીનેટર બેઈજુ વર્ઘીસે ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન સમારોહનું સંચાલન કર્યું હતું. આઈસ્ટારના જુદા જુદા ડિપાર્ટમેન્ટના કુલ ૧૧ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું પ્રિન્સિપાલ નિર્મલ કુમારે અને ડો. જે.એચ. પટેલે સન્માન કર્યું હતું. આભારવિધિ પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડો. ધૃતિ પટેલે કરી હતી.

# આઈસ્ટાર કોલેજમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

વિદ્યાનગર, તા. ૬

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો હતો. આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસની થીમ હવાના પ્રદૂષણને રોકવાની છે. હવામાં ઘણાં પ્રકારના પ્રદુષિત વાયુઓ જેવા કે કાર્બન ડાયોકસાઈડ, સલ્ફર ડાયોકસાઈડ, નાઈટ્રસ ઑકસાઈડ્સ, પરસીસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ વગેરે રહેલા છે, જે વનસ્પતિઓ દ્વારા શોષાય છે.



આ પ્રસંગે સીવીએમના વાઈસ પ્રેસિડનટ્ શ્રી મનીષભાઈ પટેલ તથા અન્ય સભ્યોના હસ્તે પર્યાવરણને અનુકૂળ વૃક્ષો જેવાં કે લીમડો, ગુલમહોર, કેસુડો, પીપળો, કાસિદ, કાંચનાર, સરેશ વિગેરેનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વધુમાં આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલ કુમાર તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ પણ પર્યાવરણલક્ષી વૃક્ષો વાવ્યા હતા. તદુપરાંત પ્લાસ્ટિકનું વધતું જતું પ્રદુષણ અટકાવવાના હેતુસર આઈસ્ટાર કોલેજ દ્વારા ઈકો ફ્રેન્ડલી બેગનું પણ વિતરણ મોટા બજારમાં કરવામાં આવ્યું હતું.

# આઈસ્ટાર કોલેજ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયું



આણંદ. ૭
ચારુતર વિદ્યા મંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીસ એન્ડ રિસર્ચ, ડિપાર્ટમેન્ટ ઓફ એન્વિરોમેન્ટલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી અને ઓર્ગેનિક કેમેસ્ટ્રી વિભાગો દ્વારા તાજેતરમાં ચોથા સેમિસ્ટરના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટમાં ગુજરાતના દરેક ખૂણેથી પ્રસિદ્ધ કંપનીઓ હતી. આ પ્લેસમેન્ટમાં વિદ્યાર્થીઓને બે થી ત્રણ લાખ જેટલું વાર્ષિક પેકેજ આપવામાં આવ્યું હતું. આ વરસે ચેન્નાઈ સ્થિત ઈન્ડિયન ઓયલ કોર્પોરેશન લિમિટેડ કંપનીએ વિદ્યાર્થીઓને રૂ. ૭.૫ લાખનું વાર્ષિક પેકેજ આપ્યું હતું. મોટાભાગના વિદ્યાર્થીઓને ચોથું સેમિસ્ટર પૂર્ણ થતા પહેલા જ વિવિધ કંપનીઓમાં ઉત્તમ પેકેજ અને સારો હોદ્દો ધરાવતી નોકરીઓ મળી ગઈ છે.

# આઈસ્ટાર કોલેજમાં માઇક્રોવેવ રીમોટ સેન્સીંગ ફોર એગ્રીકલ્ચરલ વિષય પર કાર્યશાળા યોજાઇ

આણંદ, તા. ૩૧

ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના જિઓઈન્ફોરર્મેટીકસ ડીપાર્ટમેન્ટ અને ઈસરો દેહરાદુન અને રિમોટ સેન્સીંગ ના સંયુકત ઉપક્રમે તારીખ ૨૮ માર્ચના રોજ એક દિવસીય લાઈવ કાર્યશાળા યોજાઈ. આ એક દીવસીય કાર્યશાળા માઈક્રોવેવ રિમોટ સેન્સીંગ ફોર અગ્રીકલચર વિષય પર યોજાઈ હતી. આ કાર્યશાળા માં ડો. સુરેશ કુમાર , વિભાગીય વાળા એગ્રીકલચર ઈસરો દેહરાદુન, દ્વારા સ્વાગત અને પ્રાથમિક માહિતી આપવામાં આવી હતી. દ્રશ્યમાન તરંગો દ્વારા સેટેલાઈટ થી ચોમાસામાં ,ખરાબ વાતાવરણમાં, વધારે ભેજ, પશ્ચિમી વાતાવરણની વગેરેની અસર હેઠળ યોગ્ય માહિતી સભર ચિત્ર મળતું નથી. એટલા માટે માઈક્રોવેવ તરંગો નો ઉપયોગ કરીને જે વાદળ અને ખરાબ વાતાવરણમાં માંથી ખુબ સરળતાથી પસાર થઈ ને વિવિધ ખેતી વિષયક પાકની ઓળખ અને વર્ગીકરણ કરવાથી મુશ્કિલ સમયમાં ખુબા જ વિસ્તૃત માહિતી મળે છે. કાર્યશાળાની અતે ખેતપેદાશો અને તેના મેનેજમેન્ટ નું મહત્વ ભવિષ્યમાં ઉભાથાનારા પડકારો અને તેને ઝડપથી પહોચીવાળવા માટે નવીન રીતો વિકસવા અને તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા સમજાવેલ.

આ કાર્યશાળાનું સંચાલન પ્રિન્સીપાલ નિર્મળ કુમારે ના માર્ગદર્શન હેઠળ કૃણાલ સુથાર દ્વારા કરવામાં આવેલ. જેમાં વીપી સાયન્સમાં અને આઈસ્ટાર કોલેજના મુખ્ય અધ્યાપકો એ ભાગ લીધેલ. ચા.વિ.મંડળ માં ચેરમન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસીડેન્ટ મનીષભાઈ પટેલે આ કાર્યશાળા પ્રત્યે ખુશી વ્યકત કરેલ હતી.

# આઇસ્ટાર સંસ્થાએ ઇન્સ્ટીટયૂશનલ રેટિંગ ફ્રેમવર્કમાં રાજ્યકક્ષાએ ત્રીજું સ્થાન મેળવ્યું





નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક અંતર્ગત વલ્લભ વિદ્યાનગર સ્થિત આઈસ્ટાર સંસ્થાએ ૩.૬૫ સીજીપીએ સાથે ચાર સ્ટાર મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું છે. આ સાથે આઈસ્ટાર કોલેજે સમગ્ર રાજ્યમાં ત્રીજા સ્થાને રહીને ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે.

# આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા એક્સપર્ટ ટોક યોજાઈ



આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા તાજેતરમાં એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર સ્થિત ગુજરાત ક્લીનીર પ્રોડક્શન સેન્ટર, ગુજરાત સરકાર, ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ માઈન્સના એન્વાયરોમેન્ટલ એન્જિનીયર અભી પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ વિદ્યાર્થીઓને ક્લીનર પ્રોડક્શન, ક્લીનર ટેક્નોલોજી અને એન્ડ ઓફ પાઈપ એપ્રોચનું ઔદ્યોગિક એકમોમાં મહત્વ સમજાવ્યું હતું. વધુમાં તેમને ગુજરાત રાજ્યની ઈન્ડસ્ટ્રીઝમાં હાલમાં કાર્યરત એવી અદ્યતન પ્રણાલિકાઓ વિષે પ્રકાશ પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં એન વી પટેલ સાયન્સ કોલેજ, આઈસ્ટારના પર્યાવરણ વિભાગ અને ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફ્ટીના આશરે ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને અંતે અભી પટેલે જીસીપીસીનું વિદ્યાર્થીઓના જીવનમાં યોગદાન વિષે છણાવટ કરી હતી. અને વિદ્યાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યુ હતું.

# આઈસ્ટાર કોલેજમાં રકતદાન શિબિર યોજાઈ



આણંદ, તા.૧૫

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે દરમ્યાન કુલ ૧૦૨ યુનિટ બ્લડનું કલેશન થયું હતું. જેમાં જેસીઆઈ વલ્લભ વિદ્યાનગરના પ્રેસિડેન્ટ ડો. દિલીપભાઈ પટેલ અને ચેરમેન સંજયભાઈ પટેલ તથા જેસીઆઈના તમામ સભ્યોનો સહયોગ પ્રામ થયો. પ્રિન્સીપાલ પ્રો. ડો. નિર્મલકુમારે રકતદાન કરનારાઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

# આઈસ્ટારના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ઔદ્યોગિક એકમની મુલાકાત



આણંદ, તા. ૨૨

ચારુતર વિદ્યા મંડળ યુનિવર્સીટી સંચાલિત આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગ દ્વારા નંદેસરી સ્થિત નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસીએશન ખાતે એક દિવસીય ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગના હેડ પ્રો.ડો. નિર્મલ કુમાર અને ફેકલ્ટી ડો. હિરેન સોનીના માર્ગદર્શન હેઠળ તેમજ ડો. ધૃતિ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણ વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિઝીટ દરમ્યાન નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસીએશનના ચેરમેન બાબુભાઈ પટેલ અને મેનેજર મયુર પટેલ તથા ઔદ્યોગિક એકમના સમગ્ર સ્ટાફ મિત્રોએ નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસીએશનના વિવિધ પ્લાન્ટ અને તેની કામગીરી વિષે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# આઈસ્ટાર કોલેજમાં સરીસૃપો વિષે એક્સપર્ટ ટૉક યોજાઈ



વિદ્યાનગર, તા. ૭

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો અને તેમનું જીવન વિષય પર એકસપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ એક્સપર્ટ ટોકમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત વોલ્યુન્ટરી નેચર કોન્સર્વન્સીના સરીસૃપ સંશોધક નીલ તલાટીએ વિદ્યાર્થીઓને સરિસૃપોની વિવિધતા, ખોરાક, આવાસ, જીવનશૈલી તેમજ કૃષિક્ષેત્રે તેઓની ઉપયોગીતા જેવા વિવિધ પાસાઓ વિષે ચર્ચા કરી હતી. વધુમાં તેમને વિદ્યાર્થીઓને સર્પ સંદર્ભ, તેઓની લાક્ષણિકતાઓ અને સર્પડંખની સારવાર વિષે પણ માહિતગાર કર્યા હતા.

# આઈસ્ટાર કોલેજ ખાતે રસીકરણ અભિયાન યોજાયું

આણંદ, તા.૨૮

તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણીના ભાગરૂપે ચારૂતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટારમાં કોવીડની મહામારીને હરાવવાના આશ્રયથી રસીકરણનુ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં કુલ ૧૭૧ વિદ્યાર્થીઓને સફળતાપૂર્વક રસી મુકવામા આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રૂટ્ ફાઉન્ડેશનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. જેમાં પ્રેસિડન્ટ તનુજભાઈ પટેલ તથા અન્ય સભ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આચાર્ય પ્રો.ડો. નિર્મલ કુમારે માર્ગદર્શન આપ્યું હતું ડો. અમિત ઠુમ્મર તથા



એનએસએસ સેલના તમામ | સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# આઈસ્ટાર કોલેજ ખાતે અભિમુખતા કાર્યક્રમ



આણંદ, તા.૨૨

સી.વી.એમ. સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રીઅલ કેમેસ્ટ્રી (આઈસી) વિભાગમાં સરસ્વતી પૂજા અને નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિભાગીય વડા ડૉ. જીગર પટેલ દ્વારા સંસ્થા પરિચય તથા નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આઈસી ડિપાર્ટમેન્ટના સ્ટાફ અને સિનિયર વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

સી.વી.એમ. તરફથી ચેરમેન ભીખુભાઈ પટેલ તથા આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નિર્મલકુમારે વિદ્યાર્થીઓને શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યા હતાં.

# આઈસ્ટાર કોલેજમાં વિવિધ પ્રતિયોગિતાઓ યોજાઈ



સીવીએમ યુનિવર્સીટી સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીનાં ભાગરૂપે રાષ્ટ્રીય થીમ - પઈન્ટીગ્રેટેડ એપ્રોચ ઈન સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર સસ્ટેઈનેબલ ફ્યુચરથ વિષય પર નિબંધ સ્પર્ધા, ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા જેવી વિવિધ પ્રતિયોગિતાઓ યોજવામાં આવી હતી. નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે પર્યાવરણ વિભાગના પીએચડીના વિદ્યાર્થી હિરેન ચૌધરી, દ્વિતીય ક્રમાંકે વેલ્યુએશન ડિપાર્ટમેન્ટના પ્રફુલ યાદવ, અને તૃતીય ક્રમાંકે પર્યાવરણ વિભાગના કુંજલ પટેલ રહ્યા હતા. ઓન ધ સ્પોટ પેઈન્ટિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે સેફટી ડિપાર્ટમેન્ટના ધૃતિ સોની અને ઝીલ પટેલ, દ્વિતીય ક્રમાંકે પર્યાવરણ વિભાગના કુંજલ પટેલ અને અનુશ્રી રાઠોડ, અને તૃતીય ક્રમાંકે આઈટી ડિપાર્ટમેન્ટના રિયા સિંગ અને લક્ષ્મી વાલાની રહ્યા હતા. રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે પર્યાવરણ વિભાગના વિશાખા પુરોહિત અને દ્વિતીય ક્રમાંકે ઓર્ગેનિક ડિપાર્ટમેન્ટના શ્રેયા પટેલ અને શ્રદ્ધા ચાંપાનેરી રહ્યા હતા. ડો. કિરીટ પટેલે, ડો. હિરેન સોની, તેમજ આ પ્રતિયોગિતાઓના વિજેતાઓને તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

### ગુજરાત સ્ટેટ રેન્કીંગ-૨૦૨૧માં

# ચારુતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિ.ની ત્રણ સંસ્થાઓ પ્રથમ ૧૧માં અગ્રેસર

**ગુજરાતની ટોપ ૧૧ કોલેજોમાં સીવીએમ યુનિવર્સિટીની ISTAR – 5 Star સાથે 4.6 CGPAથી ગુજરાતમાં પ્રથમ, એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ 4 Star સાથે 3.8 CGPA અને સેમકોમ 4 Star સાથે 3.6 CGPAથી કોમર્સ અને મેનેજમેન્ટ કોલેજોમાં સર્વોચ્ચ : નટુભાઈ વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ (NVPAS), એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગલિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ (CPE) અને અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટિગ્રેટેડ સ્ટડી એન્ડ રિસર્ચ બાયોટેકનોલોજી એન્ડ અલાઇડ સાયન્સ (ARIBAS)**

આણંદ,તા.૨૪

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ તેમજ કોલેજોનું મૂલ્યાંકન કેસીજી, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન રાષ્ટ્રીય કક્ષાએ થતા અનેક મૂલ્યાંકન પદ્ધતિની જેમ જ કરવામાં આવે છે. તાજેતરમાં મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ (MHRD)ના નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)ના ધારાધોરણોને આધારે ગુજરાત સરકારના નોલેજ કોન્સોર્ટિયમ દ્વારા ગુજરાત સ્ટેટે રેન્કેંગ ફ્રેમવર્ક (GSIRF) અંતર્ગત ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓનું ટીચિંગ-લર્નિંગ, રિસર્ચ અને પ્રોફેશનલ પ્રેક્ટિસિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરિચ અને ઈંકલૂસિવીટી જેવા વિવિધ પાસાઓને અનુલક્ષીને કરવામાં આવ્યુ હતું. વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્યની ૩૫ યુનિવર્સિટીઓ અને ૧૮૯ કોલેજો દ્વારા ગુજરાત સ્ટેટ રેટિંગમાં ભાગ લેવામાં આવેલ હતો.

**ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ભીખુભાઇ પટેલે હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વિશ્વમાં વિકસતા પડકારો અને વલણો સાથે આગળ વધવા ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવી ખુબ જ જરૂરી છે. ચારુતર વિદ્યા મંડળ ભવિષ્યમાં પણ આ રીતે શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર રહીને સેવા આપવા કટિબધ્ધ છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ સફળતાનો શ્રેય ચારુતર વિદ્યામંડળના વિદ્યાર્થીઓ, સંસ્થામાં કાર્યરત કર્મચારીઓ તથા સમગ્ર વિશ્વમાં સ્થાયી થયેલ દસ લાખથી વધારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જાય છે**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ યુનેવર્સિટી સંલગ્ન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (ISTAR)એ આ રેન્કિંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. ગતવર્ષ ૨૦૨૦ના રેન્કિંગ પ્રકિયામાં પણ ISTAR સંસ્થાએ ૩.૯૩ સીજીપીએ સાથે ગુજરાતની સમગ્ર સાયન્સ, એન્જિનીયરીંગ અને ટેકનોલોજી કોલેજોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સતત બીજા વર્ષે, ૨૦૨૧માં પણ ISTARએ કુલ ૧૮૯ કોલેજોમાં અગ્રેસર રહીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ વર્ષ ૨૦૨૦ના રેન્કિંગ પ્રકિયા ૨.૯૯ સીજીપીએ સાથે ૩ સ્ટાર્સ મેળવેલા હતા બીજા વર્ષે, ૨૦૨૧માં ૪ સ્ટાર સાથે ૩.૮ના સીજીપીએ સાથે ગુજરાતની કોલેજોમાં ૯મું સ્થાન પ્રાપ્ત કરેલ છે. સેમકોમ કોલેજે વર્ષ ૨૦૨૦ રેન્કેંગમાં ૨.૭૧ સીજીપીએ સાથે ૩ સ્ટાર્સ પ્રાપ્ત કરેલ હતા જ્યારે ૨૦૨૧ની રેન્કિંગ પ્રક્રિયામાં સેમકોમ ૪ સ્ટાર સાથે ૩.૬ ના સીજીપીએથી સર્વોચ્ચ ૧૧માં સ્થાન પ્રાપ્ત કરેલ છે. નટુભાઈ

# સીવીએમયુની આઈસ્ટાર કોલેજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અને ઈકોબેગનું વિતરણ



આણંદ, તા. ૭

સીવીએમ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સીવીએમના ઓનરરી જોઈન્ટ સેક્રેટરી વિશાલભાઈ પટેલ તેમજ અન્ય સદસ્યોના હસ્તે લીમડો, પીપળો, ગુલમહોર, બોરસલ્લી, આસોપાલવ, સિરસ, જામુન અને કાસિદ જેવા પર્યાવરણલક્ષી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વધુમાં આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર તેમજ સંસ્થાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિવિધ પ્રકારના વૃક્ષો વાવ્યા હતા.

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૧ની થીમ નઈકોસીસ્ટમ રિસ્ટોરેશનથના ભાગરૂપે પ્લાસ્ટિકનું વધતું જતું પ્રદુષણ અટકાવવાના હેતુસર આઈસ્ટાર કોલેજ દ્વારા સંસ્થાના સૌ કર્મચારીઓને તેમજ વલ્લભ વિદ્યાનગરના રહેવાસીઓને ઈકોફ્રેન્ડલી બેગનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# આઈસ્ટાર કોલેજની એનએસએસ શિબિરનું લાંભવેલ મુકામે ઉદઘાટન

આણંદ, તા. ૨૧

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના એનએસએસ વિભાગ દ્વારા લાંભવેલ ગામ ત્રણ વર્ષ માટે દત્તક લેવામાં આવ્યું છે. જેના અંતર્ગત તા. ૧૯ જાન્યુઆરીના રોજ લાંભવેલના પાટીદાર સમાજ ગૃહ ખાતે એનએસએસ શિબિરનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં લાંભવેલ ગામના સરપંચ મહેશ રાઠોડ, મહિલા અગ્રણી કાર્યકર દીપિકા પટેલ, માજી સરપંચ લીલા પટેલ, આચાર્ય દિલીપ પટેલ, આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સીપાલ પ્રો. ડો. નિર્મલ કુમાર, એનએસએસ યુનિટનાના સંચાલક ડો. મયંક પટેલ, ફેકલ્ટી ડો. ઉન્નતિ પટેલ, ડો. પરાગ કારિયા, ડો. કિન્નરી ભટ્ટ, તેમજ ગામના આગેવાનો હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડો. મયંક પટેલે લાંભવેલ ગામના રહેવાસીઓને રાષ્ટ્રીય સેવા યોજનાનું મહત્વ સમજાવ્યું હતું. ત્યાર બાદ આણંદના સ્ત્રી રોગના



નિષ્ણાત ડો. નિમેષ પટેલે ગામની મહિલા ઓને સ્ત્રી રોગ, તેના કારણો અને તેના નિવારણ વિષે માહિતી આપી હતી.

જેમાં ગામની આશરે ૪૦ જેટલી મહિલાઓ હાજર રહી હતી. વધુમાં આઈસ્ટાર સંસ્થાના વિદ્યાર્થીઓએ ગામવાસીઓને સ્વચ્છતા અભિયાન, સ્વચ્છતાનું જીવનમાં મહત્વ અને વિવિધ પ્રકારના આરોગ્ય લક્ષી કાર્યક્રમો વિષે સમજાવ્યું હતું. જેના ભાગરૂપે તેઓએ ગામમાંથી પ્લાસ્ટિકના ઘન કચરાનો નિકાલ કર્યો હતો, અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી પ્રદૂષણનો નિકાલ કર્યો હતો. એન. એસ. એસ શિબિરના મહત્વલક્ષી અભિયાન માટે સંસ્થાના વિવિધ વિભાગોના ફેકલ્ટી ડો. કલ્પેશ પટેલ, ડો. હિરેન સોની, ડો. બૈજુ વર્ગીસ અને અન્ય શિક્ષકોએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



આણંદ, તા. ૫

સૃષ્ટિની જાળવણી અને જતન માટે વિશ્વભરમાં દર વર્ષે પાંચ જૂને વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાય છે.

જેના ભાગરૂપે તાજેતરમાં સીવીએમ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં સીવીએમના વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલ, ઓનરરી જોઈન્ટ સેક્રેટરી વિશાલભાઈ પટેલ તેમજ અન્ય સદસ્યોના હસ્તે લીમડો, પીપળો, ગુલમહોર, બોરસલ્લી, આસોપાલવ, સિરસ, જામુન પર્યાવરણલક્ષી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. વધુમાં આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર તેમજ સંસ્થાના સૌ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિવિધ પ્રકારના વૃક્ષો વાવ્યા હતા.

ઉપરોકત અભિયાનના ભાગરૂપે આઈસ્ટાર સંસ્થા દ્વારા અમુલ ડેરી, મોગર ચોકલેટ પ્લાન્ટ અને લાંભવેલમાં પણ આશરે ૩૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં પણ કરવામાં આવ્યું હતું. આ અભિગમને આગળ ધપાવવા આઈસ્ટાર સંસ્થાએ લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે

# સીવીએમ યુનિ.ની છ કોલેજોનો સ્ટાર રેટીંગમાં ટોપ ૨૦માં સમાવેશ

## યુનિ.ની ૪ કોલેજો તેમજ બે ગ્રાન્ટેડ કોલેજોનો ટોપ ૨૦ના માપદંડમાં સમાવેશ

આણંદ,તા.૯

ન્યુ વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ યુનિ.ની ચાર કોલેજોનું ગુજરાત સ્ટેટ ઈન્સ્ટીટ્યુશનલ રેટીંગ ફ્રેમવર્ક (GCIRF) ના સ્ટાર રેટીંગમાં ૨૦ કોલેજોના લીસ્ટમાં સમાવેશ થયો છે. આ ઉપરાંત ચારૂતર વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત બે ગ્રાન્ટેડ કોલેજોને પણ પ્રથમ ૨૦ કોલેજોમાં સ્થાન મળ્યું છે. GCIRFના માપદંડોમાં શોધ, શિક્ષણનું સ્તર, તેના પરિણામો અને વિદ્યાર્થીઓની હાજરી સહિતના વિવિધ રેટીંગના આધારે આ સ્ટાર રેટીંગ અપાય છે જેમાં ૨૦ કોલેજોની યાદીમાં સીવીએમની ચાર કોલેજોમાં આઈસ્ટાર કોલેજને ૪ સ્ટાર સાથે પ્રથમ નંબર અને એનવીપાસ કોલેજને ૪ સ્ટાર સાથે છઠ્ઠો નંબર તેમજ એરીબાસ કોલેજને ૪ સ્ટાર સાથે ૧૧મો નંબર અને સેમકોમ કોલેજને ૩ સ્ટાર સાથે ૨૦મો ક્રમાંક પ્રાપ્ત થયો છે.

આ ઉપરાંત ટ્રસ્ટ સંચાલિત બે ગ્રાન્ટેડ કોલેજોમાં વી.પી. સાયન્સ કોલેજને ૪ સ્ટાર સાથે ૮મો ક્રમાંક અને એસએમ પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સને ૩ સ્ટાર સાથે ૧૫મો ક્રમાંક પ્રાપ્ત થયો છે. આમ સીવીએમ યુનિ.ની ચાર સ્વનિર્ભર કોલેજો અને મંડળ સંચાલિત બે કોલેજો મળી કુલ છ કોલેજોને વર્ષ ૨૦૨૦ માટે GCIRF દ્વારા સફળતાનો યશ પ્રાપ્ત થયો છે અને તેની યાદીમાં તેને મહત્વનું સ્થાન પ્રાપ્ત

**અનુસંધાન પાન ૪ ઉપર**

# સીવીએમયુ-આઈસ્ટાર સંસ્થાનું નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક-૨૦૨૦માં રાજ્યકક્ષાએ ત્રીજું સ્થાન

આણંદ, તા.૧૪

ભારત સરકાર સંલગ્ન મિનિસ્ટ્રી ઓફ હ્યુન રિસોર્સ ડેવલપમેન્ટ (એમએમઆરડી) અંતર્ગત નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆર-૨૦૨૦)નો પ્રારંભ કરાયો હતો. આ પ્રક્રિયામાં સંયુક્ત ધારાધોરણો પ્રમાણે કુલ ૫ પ્રકારના મેજર પેરામિટર્સ જેવા કે ટીંચિંગ લર્નિંગ એન્ડ રીસર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરીચ એન્ડ ઈંક્લૂસિવીટી અને પિયર પરસેપશન તેમજ ૧૬ પ્રકારના માઈનર પેરામિટર્સને આધારે ભારત દેશની સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત એમએચઆરડીના માનનીય મંત્રી અને યુનિયન કેબિનેટના રમેશ પોખરિયાલે તા.૧૧ જૂનના રોજ આ નેશનલ રેન્કિંગની જાહેરાત ઈ-પોર્ટલ દ્વારા કરી હતી. જેમાં વલ્લભ વિદ્યાનગર ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ ભારતદેશની ૧૦૧ થી ૧૫૦ કોલેજોમાં સ્થાન મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતું અને ગુજરાત રાજ્યની તમામ ડિગ્રી કોલેજની કેટેગરીમાં ત્રીજુ સ્થાન મેળવ્યું હતું.

આણંદ અને વલ્લભ વિદ્યાનગરની સમગ્ર કોલેજોમાં આ પ્રકારની અજોડ સિદ્ધિ મેળવનાર આઈસ્ટાર કોલેજ એક માત્ર સંસ્થા છે. ૨૦૧૯માં પણ આઈસ્ટાર સંસ્થાએ કેસીજી અંતર્ગત ગુજરાતા સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટશનલ રેટિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ) અંતર્ગત કોલેજ કેટેગરીમાં ત્રીજું સ્થાન અને ૨૦૨૦માં એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસિલ કર્યું હતું.

આઈસ્ટાર સંસ્થાની આ ગૌરવવંતી સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ.એસ.જી પટેલ અને વાઈસ પ્રેસીડન્ટ મનીષભાઈ પટેલે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમાર, એનઆઈઆરએફના કોલેજ કો-ઓર્ડિનેટર ડૉ. હિરેન સોની અને સમગ્ર અધ્યાપકગણને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અને ઈકોબેગનું વિતરણ



આણંદ, તા.૫

સીવીએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સીવીએમના વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલ, ઓનરરી જોઈન્ટ સેક્રેટરી વિશાલભાઈ પટેલ તેમજ અન્ય સદસ્યોના હસ્તે લીમડો, પીપળો, ગુલમહોર, બોરસલ્લી, આસોપાલવ, સિરસ, જામુન અને કાસિદ જેવા પર્યાવરણક્ષી વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું.

વધુમાં આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમાર તેમજ સંસ્થાના સૌ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ વિવિધ પ્રકારના વૃક્ષો વાવ્યા હતા. ઉપરોક્ત અભિયાનના ભાગરૂપે આઈસ્ટાર સંસ્થા દ્વારા અમૂલ ડેરી, મોગર ચોક્લેટ પ્લાન્ટ અને લાંભવેલમાં પણ આશરે ૩૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં પણ આવ્યું હતું.

આ અભિગમને આગળ ધપાવવા આઈસ્ટાર સંસ્થાએ લોકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા માટે હાકલ કરી હતી. જેથી વાતાવરણમાં રહેલા પ્રદુષકોનું વૃક્ષો દ્વારા શોષણ લઈ શકે અને તેમની માત્રામાં યોગ્ય ઘટાડો લઈ શકે તદુપરાંત ''લીટ ધ પ્લાસ્ટિક પોલ્યુશન'' ના ભાગરૂપે આઈસ્ટાર કોલેજ દ્વારા સંસ્થાના સૌ કર્મચારીઓને પ્લાસ્ટિકનું વધતું જતું પ્રદુષણ અટકાવવાના હેતુસર ઈકોફ્રેન્ડલી બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહેલા સૌ સભ્યોએ સોશિયલ ડિસ્ટન્સનું પાલન કર્યું હતું. વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ. એસ.જી. પટેલ તેમજ સીવીએમના અન્ય મહાનુભાવોએ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમાર અને સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

# સીવીએમયુ-આઈસ્ટારમાં 'ફેસિંગ ધ ફ્યુચર વિથ સ્માઈલ' વિષયે જોઈન્ટ વેબિનાર સિરીઝ

આણંદ, તા.૧૧

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજમાં તાજેતરમાં 'ફેસિંગ ધ ફ્યુચર વિથ સ્માઈલ' વિષય પર વેબિનાર સિરીઝ યોજાઈ હતી. જેમાં 'એપ્લીકેશન ઓફ સ્પેસ ટેક્નોલોજી એન્ડ સાયન્સ' વિષયે વેબિનારના મુખ્ય વક્તા પંજાબ રિમોટ સેન્સીંગ સેન્ટર, લુધિયાણામાં વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતા ડૉ. કોયલ સુરે રિમોટ સેન્સિંગ, જિયોઈન્ફર્મેટિક્સ અને ફિઝિક્સ જેવા વિષયોમાં સ્પેસ ટેક્નોલોજી કેવી રીતે ઉપયોગી છે તેની કાર્યપદ્ધતિ વર્ણવી હતી.

ન્યુ દિલ્હી સ્થિત વેસ્ટર્ન રિજિયોનલ કમિટિના વૈજ્ઞાનિક ડૉ. મહેન્દ્ર ચોટલીયા દ્વારા એજ્યુકેશન ઈન ઈરા ઓફ સોશીયો-બાયોલોજીકલ ચેલેન્જીસ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જેએમસીના સિનિયર ફેકલ્ટી ડૉ. સી.એન. અર્ચનાએ 'ઈમ્પોર્ટન્સ પોઝિટિવ જર્નાલિઝમ' વિષય પર પ્રકાશ પાડ્યો હતો.





પ્રેક્ટિસિંગ એડવોકેટ ડૉ. મયુર ખૂંટી દ્વારા 'સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ હેપીનેસ ઈન ચેલેજિંગ ટાઈમ' વિષય પર વિસ્તૃત પણે માહિતી આપી હતી. આ વેબિનારમાં દેશભરમાંથી આશરે ૧૦૦૦ થી પણ વધારે વિદ્યાર્થીઓ, સંશોધકો, ખ્યાતનામ પ્રોફેસરો અને ઈસરોના વિજ્ઞાનીઓ જોડાયા હતા. આ વેબિનાર સિરિઝના અંતે સૌ વક્તાઓએ સહભાગીઓના વિવિધ પ્રશ્નોના ઉકેલ આપ્યા હતા.

# સીવીએમ યુનિવર્સિટીની કોલેજોની સ્ટાર રેટીંગ સાથે જીએસઆઈઆરએફ-૨૦૨૦ ની ટોપ ૨૦ કોલેજોમાં સમાવેશ

આણંદ, તા.૯

ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ચાર કોલેજોના વર્ષ ૨૦૨૦ માટે ગુજરાત સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત એવી, ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટીંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ) દ્વારા સ્ટાર રેટીંગ સાથે પ્રથમ ૨૦ કોલેજોના લીસ્ટમાં સમાવેશ થયેલ છે. જેમાં આઈસ્ટાર કોલેજ ૪ સ્ટાર સાથે 1st નંબર પર એનવીપાસ કોલેજ ૪ સ્ટાર સાથે 6th નંબર પર એરીબાસ કોલેજ ૪ સ્ટાર સાથે 11th નંબર પર અને સેમકોમ કોલેજ ૩ સ્ટાર સાથે 20th નંબર પર છે.

આ ઉપરાંત ચારૂતર વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત બે ગ્રાન્ટેડ કોલેજો પણ પ્રથમ ૨૦ કોલેજોમાં સ્થાન પામેલ છે. જેમાં વીપી સાયન્સ કોલેજ ૪ સ્ટાર સાથે 8th નંબર પર અને એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ ૩ સ્ટાર સાથે 15th નંબર પર છે. રીસર્ચ, ટીચીંગ ક્વોલીટી પ્લેસમેન્ટ, રીઝલ્ટસ, સ્ટુડન્ટ સ્ટ્રેન્થ વગેરેના આધાર પર કોલેજોને રેટીંગ આપવામાં આવે છે.

કોલેજોની આ ઝળહળતી સિધ્ધી બદલ સીવીએમ યુનિવર્સિટીના પ્રમુખ તેમજ ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલે તેમજ પરિવારે કોલેજોને અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ



ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી સાત વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃત્તિ પેટે રૂા. ૫૧,૮૦૦/- પ્રતિ વિદ્યાર્થીને આર્થિક સહાયપેટે મળ્યા હતા. આ શિષ્યવૃત્તિ ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવી હતી. ઉપરોક્ત સિધ્ધી બદલ આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર અને સરફેસ કોટિંગ ટેકનોલોજી વિભાગના વડા ડો. કલ્પેશ પટેલે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી તેમજ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

# ચારૂતર વિદ્યામંડળ અને આઈસ્ટાર કૉલેજ દ્વારા નાસા સ્પેસ એપ હરિફાઈ




આણંદ, તા.૭

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કૉલેજના અધ્યાપકગણ કૃણાલ સુથારના પ્રયત્નો થકી તા. ૨ થી ૪ ઓક્ટોબર ૨૦૨૦ દરમિયાન નાસા સ્પેસ એપ એપ્લિકેશનની પ્રતિયોગિતા ગુજરાત રાજ્યમાં વલ્લભ વિદ્યાનગર ખાતે સૌ પ્રથમવાર યોજાઈ હતી. જેનું સંચાલન વલ્લભ વિદ્યાનગર, ચારૂતર વિદ્યામંડળ અને આઈસ્ટાર કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગિતા અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા આયોજીત કરવામાં આવેલી હતી. જેમાં કેનેડા, ફ્રાંસ અને જાપાનની અવકાશ સંશોધન સંસ્થાઓ સંયુક્ત રીતે જોડાયેલી હતી.

આ પ્રતિયોગિતામાં અવકાશીય જાણકારી, પૃથ્વી પરનું જીવન તેમજ આગ અને પૂર જેવી કુદરતી હોનારતોની જાણકારી સામાન્ય વ્યક્તિઓ સુધી ત્વરીત રીતે પહોંચાડવી વિગેરે જેવા ૨૩ પ્રકારના વિવિધ પડકારોનો નવીનતા સભર રીતોના ઉપયોગ દ્વારા શોધખોળ માટે આયોજીત કરવામાં આવેલી હતી.

ગુજરાતના અમદાવાદ, વડોદરા, કચ્છ તેમજ સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ પ્રતિયોગિતામાં ઉત્સાહપૂર્વક ભાગ

અંતિમ ચરણમાં કુલ ૨૭ જેટલી ટીમોએ આંતરાષ્ટ્રિય સ્પર્ધાના તમામ પડાવો પૂર્ણ કર્યા હતા.

આ ટીમોમાંથી કોઈપણ બે ટીમોના સભ્યોને આંતરરાષ્ટ્રિય સ્તરે આગળ ધપાવવા અને ત્રણ ટીમોને ગુજરાત રાજ્ય ખાતે સિલેક્શન કરવા માટે સીવીએમના સહમંત્રી વિશાલભાઈ પટેલ, આઈસ્ટાર કોલેજના અધ્યાપક કૃણાલ સુથાર, ઈસરોના વૈજ્ઞાનિકો ડૉ. હિરેન ભટ્ટ, અમદાવાદ, ડૉ. કમલ પાંડે, દેહરાદૂન, ડૉ. અર્ચના ગજ્જર, જૂનાગઢ, અને વેમેડ કૉલેજના અધ્યાપક ડૉ. દિપાલી ગાંધીની અધ્યક્ષતા હેઠળ સમિતિ યોજવામાં આવી છે. જેમાં તા.૧૦ ઓક્ટોબરે સંયુક્ત ઉપક્રમે વિજેતા ટીમની જાહેરાત કરાશે.

ગુજરાત રાજ્ય અને ચરોતર પ્રદેશના તમામ વિદ્યાર્થીઓ અને તજજ્ઞોના લાભાર્થે યોજવામાં આવેલી આ પ્રતિયોગિતામાં ભાગ લેવા બદલ ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ અને આઈસ્ટાર કૉલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલકુમારે તમામ સહભાગીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટારના જીઓઈન્ફોર્મેટિક્સ વિભાગ દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિષયે કાર્યશાળા






**આણંદ, તા.૧૯**

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના જીઓઈન્ફોર્મેટીક્સ વિભાગ અને ઈસરો, દેહરાદૂનના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ નિર્માણ માટે તકનીકી વલણોની ઉપયોગીતા વિષય પર એક દિવસીય ઓનલાઈન કાર્યશાળા યોજાઈ હતી. કાર્યશાળામાં ઈસરો, દેહરાદૂનના ડાયરેક્ટર ડૉ. પ્રકાશ ચૌહાણે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું.

ઈસરો સ્પેસ એપ્લિકેશન સેન્ટર, અમદાવાદના ડાયરેક્ટર ડૉ. નિલેશ દેસાઈએ ભારતીય ગગન પ્રોજેક્ટ અને ઈસરો દ્વારા આવનારા ભવિષ્યના નિર્માણાધીન વિવિધ પ્રોજેક્ટ વિશે રસપ્રદ માહિતી આપી હતી. નવીન તોમર, સર્વેયર જનરલ ઈન્ડિયાએ રિમોટ સેંન્સીંગ અને ભારતદેશના વિકાસ માટે પહેલ કરી હતી.

કાર્યક્રમનું આયોજન આઈસ્ટાર કોલેજના જીઓઈન્ફોર્મેટીક્સ વિભાગના અધ્યાપક કૃણાલ સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં જીઓઈન્ફોર્મેટીક્સ, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ અને એન્વાયરોમેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ યોજવા બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ. એસ.જી.પટેલ, વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલ, ઓનરરી જોઈન્ટ સેક્રેટરી વિશાલભાઈ પટેલ, સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. પી.એમ. ઉદાણી અને આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમારે હાર્દિક અભિનંદન પાઠવ્યા

# નાસા સ્પેસ એપ હરિફાઈમાં ચારૂતર વિદ્યા મંડળનું ગૌરવ

આણંદ, તા.૨૯

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના જિયોઈન્ફમેટિક્સ ડિપાર્ટમેન્ટનાં પ્રા. કૃણાલ સુથારના પ્રયત્નો થકી તા.૨ થી ૪ ઓક્ટોબર ૨૦૨૦ દરમિયાન નાસા સ્પેસ એપ એપ્લિકેશનની પ્રતિયોગિતા ગુજરાત રાજ્યમાં વલ્લભ વિદ્યાનગર ખાતે સૌ પ્રથમવાર યોજાઈ હતી. જેનું સંચાલન વલ્લભ વિદ્યાનગર, ચારૂતર વિદ્યા મંડળ અને આઈસ્ટાર કોલેજ દ્વારા કરવામાં આવ્યું હતું.



આ પ્રતિયોગિતા અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા નાસા દ્વારા આયોજિત કરવામાં આવેલી હતી. જેમાં કેનેડા, ફ્રાન્સ અને જાપાનની અવકાશ સંશોધન સંસ્થાઓ સંયુક્ત રીતે જોડાયેલી હતી. આ પ્રતિયોગિતામાં અવકાસીય જાણકારી, પૃથ્વી પરનું જીવન તેમજ આગ અને પુર જેવી કુદરતી હોનારતની જાણકારી, સામાન્ય વ્યક્તિઓ સુધી ત્વરીત રીતે પહોંચાડવી વિગેરે જેવા ૨૩ પ્રકારના વિવિધ પડકારોનો નવીનતા સભર રીતોના ઉપયોગ દ્વારા શોધખોળ માટે આયોજિત કરવામાં આવેલી હતી.

જે અંતર્ગત ગુજરાતના અમદાવાદ, વડોદરા, કચ્છ તેમજ સૌરાષ્ટ્રના વિવિધ શહેરોમાંથી વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પ્રતિયોગિતામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ૭૨ કલાકના આ હેકાથોનના અંતિમ ચરણમાં વિશ્વભરમાંથી કુલ ૪૦ જેટલી ટીમોએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના તમામ પડાવો પૂર્ણ કર્યા હતા. આ ૪૦ ટીમોમાંથી આઈસ્ટાર કોલેજમાં અભ્યાસ કરી રહેલ ચાન્સી શાહ, મયુરી ટંડેલ અને પ્રણવ પંડ્યાએ પ્રા. કૃણાલ સુથારના માર્ગદર્શન હેઠળ વરસાદી પૂરથી રાષ્ટ્રીય સંપત્તિ બચાવવા માટેની સેટેલાઈટ ઈમેજ અને મોબાઈલ આધારીત એપ્લીકેશન બનાવી હતી. જેને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમગ્ર વિશ્વમાં નાસા તરફથી પ્રથમ ક્રમાંક મેળવેલ છે. આ પ્રતિયોગિતામાં ભાગ લેવા બદલ ચારૂતર વિદ્યા મંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ, મનીષભાઈ પટેલ, ડૉ. પી.એમ.ઉદાણી, આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલકુમારે ઓનલાઈન માધ્યમથી તમામ હરીફ ટીમોને સંબોધન કર્યું હતું. હાલમાં ચાન્સી શાહ અને મયુરી ટંડેલ અમદાવાદ સ્થિત ઈસરોમાં ૬ મહિનાના સમયગાળા માટે આઈસ્ટાર કોલેજના અધ્યાપક કૃણાલ સુથાર અને ઈસરોના વૈજ્ઞાનિક ડૉ.હિરેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક સંશોધનકાર્ય કરે છે.




# વિદ્યાનગરની આઈસ્ટાર સંસ્થાએ રાષ્ટ્રીય કક્ષાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું

» સીવીએમયુ-આઈસ્ટાર સંસ્થાનું નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક-2020 માં રાજ્યકક્ષાએ પણ ત્રીજું સ્થાન મેળવ્યુ

**નવગુજરાત સમય** > આણંદ



તાજેતરમાં ભારત સરકાર સંલગ્ન મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ (એમએચઆરડી) અંતર્ગત નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરફ-2020) નો પ્રારંભ કરાયો હતો. આ પ્રક્રિયામાં સંયુક્ત ધારાધોરણો પ્રમાણે કુલ ૫ પ્રકારના મેજર પેરામિટર્સ જેવાકે ટીચિંગ લર્નિંગ એન્ડ રીસોર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરીચ એન્ડ ઈંક્લુસિવીટી અને પિયર પરસેપશન તેમજ ૧૯ પ્રકારના માઈનર પેરામિટર્સને આધારે ભારત દેશની સમગ્ર શૈક્ષિણક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત એમએચઆરડીના કેબિનેટ મંત્રી રમેશ પોખરિયાલે આ નેશનલ રેન્કિંગની જાહેરાત ઈ-પોર્ટલ દ્વારા કરી હતી. જેમાં વલ્લભ વિદ્યાનગરસ્થિત ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ દેશની ૧૦૧ થી ૧૫૦ કોલેજોમાં સ્થાન મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતુ. ગુજરાતની ડિગ્રી કોલેજની કેટેગરીમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આણંદ અને વલ્લભવિદ્યાનગરની કોલેજોમાંથી અજોડ સિદ્ધિ મેળવનાર આઈસ્ટાર કોલેજ એકમાત્ર સંસ્થા છે. ૨૦૧૯માં પણ સંસ્થાએ કેસીજી અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ) અંતર્ગત કોલેજ કેટેગરીમાં ત્રીજું સ્થાન અને ૨૦૨૦માં એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસિલ કર્યું હતું. આઈસ્ટાર સંસ્થાની આ ગૌરવવંતી સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડો. એસ.જી પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલ કુમાર, એનઆઈઆરફના કોલેજ કો-ઓર્ડિનેટર ડો. હિરેન સોની અને અધ્યાપકગણને અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાનગરની આઈસ્ટાર સંસ્થાએ રાષ્ટ્રીય કક્ષાએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરી ગૌરવ વધાર્યું



**» સીવીએમયુ-આઈસ્ટાર સંસ્થાનું નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક-2020 માં રાજ્યકક્ષાએ પણ ત્રીજું સ્થાન મેળવ્યુ**

**નવગુજરાત સમય** > આણંદ

તાજેતરમાં ભારત સરકાર સંલગ્ન મિનિસ્ટ્રી ઓફ હુમન રિસોર્સ ડેવલપમેન્ટ (એમએચઆરડી) અંતર્ગત નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરફ-2020) નો પ્રારંભ કરાયો હતો. આ પ્રક્રિયામાં સંયુક્ત ધારાધોરણો પ્રમાણે કુલ ૫ પ્રકારના મેજર પેરામિટર્સ જેવાકે ટીચિંગ લર્નિંગ એન્ડ રીસોર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરીચ એન્ડ ઇંક્લૂસિવીટી અને પિયર પરસેપશન તેમજ ૧૬ પ્રકારના માઈનર પેરામિટર્સને આધારે ભારત દેશની સમગ્ર શૈક્ષિણક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત એમએચઆરડીના કેબિનેટ મંત્રી રમેશ પોખરિયાલે આ નેશનલ રેન્કિંગની જાહેરાત ઈ-પોર્ટલ દ્વારા કરી હતી. જેમાં વલ્લભ વિદ્યાનગરસ્થિત ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ દેશની ૧૦૧ થી ૧૫૦ કોલેજોમાં સ્થાન મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતુ. ગુજરાતની ડિગ્રી કોલેજની કેટેગરીમાં ત્રીજું સ્થાન મેળવ્યું છે. આણંદ અને વલ્લભવિદ્યાનગરની કોલેજોમાંથી અજોડ સિદ્ધિ મેળવનાર આઈસ્ટાર કોલેજ એકમાત્ર સંસ્થા છે. ૨૦૧૯માં પણ સંસ્થાએ કેસીજી અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ) અંતર્ગત કોલેજ કેટેગરીમાં ત્રીજું સ્થાન અને ૨૦૨૦માં એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસિલ કર્યું હતું. આઈસ્ટાર સંસ્થાની આ ગૌરવવંતી સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડો. એસ.જી પટેલ અને વાઇસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલ કુમાર, એનઆઈઆરફના કોલેજ કો-ઓર્ડીનેટર ડો. હિરેન સોની અને અધ્યાપકગણને અભિનંદન પાઠવ્યા હતા.

# સીવીએમયુ-આઈસ્ટાર સંસ્થાનું નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક-૨૦૨૦માં રાજ્યકક્ષાએ ત્રીજું સ્થાન

આણંદ, તા.૧૪

ભારત સરકાર સંલગ્ન મિનિસ્ટ્રી ઓફ હ્યુન રિસોર્સ ડેવલપમેન્ટ (એમએમઆરડી) અંતર્ગત નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆર-૨૦૨૦)નો પ્રારંભ કરાયો હતો. આ પ્રક્રિયામાં સંયુક્ત ધારાધોરણો પ્રમાણે કુલ ૫ પ્રકારના મેજર પેરામિટર્સ જેવા કે ટીંચિંગ લર્નિંગ એન્ડ રીસર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરીચ એન્ડ ઈંક્લૂસિવીટી અને પિયર પરસેપશન તેમજ ૧૬ પ્રકારના માઈનર પેરામિટર્સને આધારે ભારત દેશની સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત એમએચઆરડીના માનનીય મંત્રી અને યુનિયન કેબિનેટના રમેશ પોખરિયાલે તા.૧૧ જૂનના રોજ આ નેશનલ રેન્કિંગની જાહેરાત ઈ-પોર્ટલ દ્વારા કરી હતી. જેમાં વલ્લભ વિદ્યાનગર ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ ભારતદેશની ૧૦૧ થી ૧૫૦ કોલેજોમાં સ્થાન મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતું અને ગુજરાત રાજ્યની તમામ ડિગ્રી કોલેજની કેટેગરીમાં ત્રીજુ સ્થાન મેળવ્યું હતું.

આણંદ અને વલ્લભ વિદ્યાનગરની સમગ્ર કોલેજોમાં આ પ્રકારની અજોડ સિદ્ધિ મેળવનાર આઈસ્ટાર કોલેજ એક માત્ર સંસ્થા છે. ૨૦૧૯માં પણ આઈસ્ટાર સંસ્થાએ કેસીજી અંતર્ગત ગુજરાતા સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટશનલ રેટિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ) અંતર્ગત કોલેજ કેટેગરીમાં ત્રીજું સ્થાન અને ૨૦૨૦માં એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસિલ કર્યું હતું.

આઈસ્ટાર સંસ્થાની આ ગૌરવવંતી સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ.એસ.જી પટેલ અને વાઈસ પ્રેસીડન્ટ મનીષભાઈ પટેલે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમાર, એનઆઈઆરએફના કોલેજ કો-ઓર્ડિનેટર ડૉ. હિરેન સોની અને સમગ્ર અધ્યાપકગણને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# સીવીએમયુ-આઇસ્ટારમાં 'ફેસિંગ ધ ફ્યુચર વિથ સ્માઈલ' વિષય પર જોઈન્ટ વેબિનાર સિરીઝ યોજાઈ

આણંદ, તા. ૧૩

સીવીએમ યુનિવર્સીટી સંચાલિત આઈસ્ટાર કોલેજમાં તાજેતરમાં તા. ૭ જૂન થી ૧૦ જૂન, ૨૦૨૦ દરમ્યાન 'ફેસિંગ ધ ફ્યુચર વિથ સ્માઈલ' વિષય પર વેબિનાર સિરીઝ યોજાઈ હતી. જેમાં તા. ૭ જૂનના રોજ 'એપ્લીકેશન ઓફ સ્પેસ ટેક્નોલોજી એન્ડ સાયન્સ' વિષય પર વેબિનાર યોજાયો હતો. આ વેબિનારના મુખ્ય વક્તા પંજાબ રિમોટ સેન્સીંગ સેન્ટર, લુધિયાણામાં વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતા ડો. કોયલ સુર હતા. વેબિનારની શરૂઆતમાં આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમારે સીવીએમ યુનિવર્સીટી અને ચારુતર વિદ્યા મંડળની વિવિધ સિદ્ધિઓ વર્ણવી હતી.ત્યાર બાદ ઈન્ફર્મેશન ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટના હેડ



ડો. નિકી જૈને મુખ્ય વક્તાનો પરિચય આપ્યો હતો. ડો. કોયલ સુરે રિમોટ સેન્સિંગ, જિયોઈન્ફર્મેટિક્સ અને ફિઝિક્સ જેવા વિષયોમાં સ્પેસ ટેક્નોલોજી કેવી રીતે ઉપયોગી છે તેની કાર્યપધ્ધતિ વર્ણવી હતી. વધુમાં, તેઓએ ગ્લોબલ વોર્મિંગ, કોસ્ટલ મોનીટરીંગ, ફ્લડ મેનેજમેન્ટ, ફોરેસ્ટ મેપિંગ, ગ્રીન હાઉસ ગેસીસની ક્લાઈમેટ ચેન્જ પર અસરો, વાતાવરણમાં રહેલા પ્રદૂષકોનું માપન, હવામાન અને આબોહવાનું વિશ્લેષણ વિગેરે જેવી ઉપયોગી માહિતીથી શ્રોતાઓને વાકેફ કર્યા હતા. તા. ૮ જૂનના રોજ ન્યુ દિલ્હી સ્થિત વેસ્ટર્ન રિજિયોનલ કમિટીના વૈજ્ઞાનિક ડો. મહેન્દ્ર ચોટલીયા દ્વારા 'એજ્યુકેશન ઈન ઈરા ઓફ સોશીયો-બાયોલોજીકલ ચેલેન્જીસ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેઓએ સામાજિક કારણોસર વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓ પર માહિતી આપી હતી. તા. ૯ જૂનના રોજ જેએમસીના સીનીઅર ફેકલ્ટી ડો. સી.એન. અર્ચનાએ 'ઈમ્પોર્ટન્સ પોઝિટિવ જર્નાલિઝમ' વિષય પર પ્રકાશ પાડ્યો હતો. તા. 10 જૂનના રોજ પ્રેક્ટિસિંગ એડવોકેટ ડો. મયુર ખૂંટી દ્વારા 'સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ હેપીનેસ ઈન ચેલેંજિંગ ટાઈમ' વિષય પર વિસ્તૃતપણે માહિતી આપી હતી. આ વેબિનારમાં દેશભરમાંથી આશરે ૧૦૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓ, સંશોધકો, ખ્યાતનામ પ્રોફેસરો અને ઈસરોના વિજ્ઞાનીઓ જોડાયા હતા. આ વેબિનાર સિરીઝના અંતે સૌ વક્તાઓએ સહભાગીઓના વિવિધ પ્રશ્નોના ઉકેલ આપ્યા હતા. અંતે જિયોઈન્ફર્મેટિક્સ ડિપાર્ટમેન્ટના અધ્યાપક કૃણાલ સુથારે આભારવિધિ કરી હતી. લોકડાઉન દરમ્યાન સૌને ઉપયોગી એવી આ જોઈન્ટ વેબિનાર સિરીઝનું સફળપૂર્વક આયોજન કરવા બદલ સીવીએમના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડો. એસ.જી પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર, ઈલસાસ કોલેજના પ્રિન્સિપાલ ડો. સની થોમસ, સેમકોમ કોલેજના પ્રિન્સિપાલ ડો. વહીદા થોમસ અને વેમેડ કોલેજના પ્રિન્સિપાલ ડો. દિપાલી ગાંધી તેમજ સહભાગી કોલેજોની વેબિનાર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# સીવીએમ–આઈસ્ટાર સંસ્થાનું નેશનલ રેન્કિંગ ફ્રેમવર્ક–૨૦૨૦માં રાજ્યકક્ષાએ ત્રીજું સ્થાન



વિદ્યાનગર, તા. ૧૩

તાજેતરમાં ભારત સરકાર સંલગ્ન મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ (એમએચઆરડી) અંતર્ગત નેશનલ ઈન્સ્ટિટ્યુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (એનઆઈઆરએફ-૨૦૨૦) નો પ્રારંભ કરાયો હતો. આ પ્રક્રિયામાં સંપુકત ધારાધોરણો પ્રમાણે કુલ ૫ પ્રકારના મેજર પેરામિટર્સ જેવાકે ટીચિંગ લર્નિંગ એન્ડ રીસોર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરીચ એન્ડ ઈન્કલ્યુઝિવીટી અને પિયર પરસેપ્શન તેમજ ૧૬ પ્રકારના માઈનર પેરામિટર્સને આધારે ભારત દેશની સમગ્ર શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત એમએચઆરડીના મંત્રી અને યુનિયન કેબિનેટના મહોદય શ્રી રમેશ પોખરિયાલે તા. ૧૧ જૂનના રોજ આ નેશનલ રેન્કિંગની જાહેરાત ઈ-પોર્ટલ દ્વારા કરી હતી. જેમાં વલ્લભ વિદ્યાનગરસ્થિત ચારુતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ ભારતદેશની ૧૦૧ થી ૧૫૦ કોલેજોમાં સ્થાન મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતું અને ગુજરાત રાજ્યની તમામ ડિગ્રી કોલેજની કેટેગરીમાં ત્રીજું સ્થાન મેળવ્યું હતું. આણંદ અને વલ્લભ વિદ્યાનગરની સમગ્ર કોલેજોમાંથી આ પ્રકારની અજોડ સિદ્ધિ મેળવનાર આઈસ્ટાર કોલેજ એક માત્ર સંસ્થા છે. ૨૦૧૯માં પણ આઈસ્ટાર સંસ્થાએ કેસીજી અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએફ) અંતર્ગત કોલેજ કેટેગરીમાં ત્રીજું સ્થાન અને ૨૦૨૦માં એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ કેટેગરીમાં પ્રથમ સ્થાન હાંસિલ કર્યું હતું.

-૦-૦-૦-

# સીવીએમ યુનિ.ની આઈસ્ટાર કોલેજ ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્ક-૨૦૨૧માં રાજ્યમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું




આણંદ, તા. ૨૩

એમએચઆરડીના નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્કના ધોરાધારણોને આધારે ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા નોલેજ કોન્સોરશીયમ ઓફ ગુજરાત અંતર્ગત ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્કના તૃતિય તબક્કાનો પ્રારંભ કરાયો હતો.

આ મૂલ્યાંકન પ્રક્રિયામાં રાજયની કુલ ૩૪ યુનિ. અને ૧૧૭ કોલેજો એમ કુલ મળીને ૧૫૧ સંસ્થાઓએ ભાગ લીધો હતો. એનઆઈઆરએફ, એમએચઆરડી અને જીએસઆઈ આરએફના સંયુક્ત ધારાધોરણો પ્રમાણે મુખ્ય ૪ પ્રકારના પેરામીટર જેવા કે ટીચીંગ, લર્નિંગ એન્ડ રીસોર્સીસ, રિસર્ચ એન્ડ પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન આઉટકમ અને આઈટરીચ એન્ડ ઈંક્લુસિવિટીના આધારે રાજ્ય કક્ષાની આ રેટિંગ પ્રક્રિયામાં ભાગ લીધેલ સંસ્થાઓના સીજીપીએ અને સ્ટાર રેટિંગ નક્કી કરવામાં આવ્યા હતા.

જેમાં આઈસ્ટાર સંસ્થાએ ૭૮.૮૨ સ્કોર અને ૪.૬૦ ઓવરઓલ સીજીપીએ મેળવ્યા હતા. આ સાથે વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિ. સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ રાજ્યભરમાં કોલેજ કેટેગરીમાં ૫ સ્ટાર સાથે પ્રથમ ક્રમાંક મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યું હતું. જીએસઆઈ આરએફના સમગ્ર પરિણામોની જાહેરાત આજરોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની હાજરીમાં કરવામાં આવી હતી. આઈસ્ટાર કોલેજે સમગ્ર રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવીને એક ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. ગત વર્ષે પણ ગુજરાતની એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી સંસ્થાઓમાં આઈસ્ટાર કોલેજે જીએસઆઈઆરએફ રેન્કિંગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

સીવીએમ યુનિ.ના પ્રમુખ ભીખુભાઈ પટેલ, માનદ સચિવ ડો. એસ.જી. પટેલ, ઉપપ્રમુખ મનીષભાઈ પટેલ, મેહુલભાઈ પટેલ, આર.સી. તલાટી, વિશાલભાઈ પટેલ, જોઈન્ટ સેક્રેટરી અને ડાયરેક્ટર જનરલ પ્રો. ડો. પી.એમ. ઉદાનીએ સંસ્થાની શૈક્ષણિક સિદ્ધિ બદલ પ્રો. નિર્મલકુમાર, જે.આઈ., આચાર્ય, આઈસ્ટાર અને તમામ ફેકલ્ટી સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

**ગુજરાત સ્ટેટ રેન્કિંગ-૨૦૨૧માં  ચારૂતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિ.નો ઉજવળ દેખાવ**

# ચારૂતર વિદ્યામંડળ અને સીવીએમ યુનિ.ની ૩ સંસ્થાઓ પ્રથમ ૧૧માં અગ્રેસર : ૯ સંસ્થાઓને ૪ સ્ટારથી વધુ રેન્કિંગ

## ગુજરાતની ટોપ ૧૧ કોલેજોમાં આઇસ્ટાર પ્રથમ સ્થાને

ગુજરાતની ટોપ ૧૧ કોલેજોમાં સીવીએમ યુનિ.ની આઈસ્ટાર કોલેજ ૫ સ્ટાર સાથે ૪.૬ના સીજીપીએથી ગુજરાતમાં પ્રથમ, એસ.એમ.પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ ૪ સ્ટાર સાથે ૩.૮ ના સીજીપીએ અને સેમકોમ ૪ સ્ટાર સાથે ૩.૬ ના સીજીપીએથી કોમર્સ અને મેનેજમેન્ટ કોલેજોમાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. ઉપરાંત નટુભાઈ વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સ (એનવીપીએએસ), એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ અને અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટિગ્રેટેડ સ્ટડી એન્ડ રિસર્ચ બાયોટેક્નોલોજી એન્ડ અલાઈડ સાયન્સ (એરીબાસ)એ પણ ઉજવળ દેખાવ કર્યો છે.

## ચારૂતર વિદ્યામંડળ ભવિષ્યમાં પણ શિક્ષણક્ષેત્રે અગ્રેસરતા સાથે સેવા આપવા કટિબદ્ધ છે : અધ્યક્ષ, ભીખુભાઇ પટેલ

ચારૂતર વિદ્યા મંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલે ગુજરાત સ્ટેટ રેટિંગમાં સીવીએમની કોલેજોના ઉજવળ દેખાવ બદલ હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે 'વિશ્વમાં વિકસતા પડકારો અને વલણો સાથે આગળ વધવા ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવી ખૂબ જરૂરી છે. ચારૂતર વિદ્યા મંડળ ભવિષ્યમાં પણ આ રીતે શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર રહીને સેવા આપવા કટિબદ્ધ છે' વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ સફળતાનો શ્રેય ચારૂતર વિદ્યા મંડળના વિદ્યાર્થીઓ, સંસ્થામાં કાર્યરત કર્મચારીઓ તથા સમગ્ર વિશ્વમાં સ્થાયી થયેલ દસ લાખથી વધારે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને જાય છે.

આણંદ, તા.૨૪

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓ તેમજ કોલેજોનું મૂલ્યાંકન કેસીજી, ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવે છે. રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓનું મૂલ્યાંકન રાષ્ટ્રીય કક્ષાએ થતા અનેક મૂલ્યાંકન પધ્ધતિને જેમ જ કરવામાં આવે છે. તાજેતરમાં મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ (એમએચઆરડી)ના નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેકવર્ક (એનઆઈઆરએચ) ના ધારાધોરણોને આધારે ગુજરાત સરકારના નોલેજ કોન્સોર્ટિયમ દ્વારા ગુજરાત સ્ટેટે રેન્કિંગ ફ્રેમવર્ક (જીએસઆઈઆરએચ) અંતર્ગત ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓનું ટીચિંગ-લર્નિંગ, રિસર્ચ અને પ્રોફેશનલ પ્રેક્ટિસિસ, ગ્રેજ્યુએશન આઉટકમ, આઉટરિચ અને ઈક્યૂસિવીટી જેવા વિવિધ પાસાઓને અનુલક્ષીને કરવામાં આવ્યું હતું.

જેમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્યની ૩૫ યુનિવર્સિટીઓ અને ૧૮૯ કોલેજો દ્વારા ગુજરાત સ્ટેટ રેટિંગમાં ભાગ લેવામાં આવ્યો હતો. જેમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટી સંલગ્ન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (આઈસ્ટાર)એ આ રેન્કિંગમાં કુલ ૧૮૯ કોલેજોમાં અગ્રેસર રહીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુછે. ઉલ્લેખનીય છે કે,ગતવર્ષ ૨૦૨૦ના રેન્કિંગ પ્રક્રિયામાં પણ આઈસ્ટાર સંસ્થાએ ૩.૯૩ સીજીપીએ સાથે ગુજરાતની સમગ્ર સાયન્સ, એન્જિનનેરીગ અને ટેક્નોલોજી કોલેજામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

ગત વર્ષે ૨૦૨૦ની રેન્કિંગ પ્રકિયામાં એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ ૨.૯૯ સીજીપીએ સાથે ૩ સ્ટાર્સ મેળવેલા હતા. આ વર્ષ ૨૦૨૧માં ૪ સ્ટાર સાથે ૩.૮ ના સીજીપી સાથે ગુજરાતની કોલેજોમાં ૯ મું સ્થાન પ્રાપ્ત કરેલ છે. જયારે સેમકોમ કોલેજે વર્ષ ૨૦૨૦ રેન્કિંગમાં ૨.૭૧ સીજીપીએ સાથે ૩ સ્ટાર્સ પ્રાપ્ત કરેલ હતા. વર્ષ ૨૦૨૧ ના રેન્કિંગ પ્રક્રિયામાં સેમકોમ ૪ સ્ટાર સાથે ૩.૬ ના સીજીપીએ થી સર્વોચ્ચ ૧૧ માં સ્થાન પ્રાપ્ત કરેલ છે.

નટુભાઈ વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સ (એનવીપીએએસ) વર્ષ ૨૦૨૧ના રેન્કિંગ પ્રક્રિયામાં ૪ સ્ટાર સાથે ૩.૫૦ ના સીજીપીએ થી ૧૬મું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

જયારે એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ (સીપીઈ) વર્ષ ૨૦૨૧ ના રેન્કિંગ પ્રક્રિયામાં ૪ સ્ટાર સાથે ૩.૪૦ ના સીજીપીએ થી ૨૩મું સ્થાન પ્રાપ્ત કરેલ છે. અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટિટ્યૂટ સ્ટડી એન્ડ રિસર્ચ બાયોટેક્નોલોજી એન્ડ અલાઈડ સાયન્સ (એરીબાસ) વર્ષ ૨૦૨૧ ના રેન્કિંગ પ્રક્રિયામાં ૪ સ્ટાર સાથે ૩.૩૦ ના સીજીપીથી ૨૪મું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

ચારૂતર વિદ્યામંડળ ટ્રસ્ટ સાથે સરદાર વલ્લભભાઇ પટેલ, પૂ.ભાઈકાકા, પૂ.ભીખાભાઇ અને એમ.એમ.પટેલની દીર્ઘદષ્ટિ જોડાયેલ છે. વર્ષ ૨૦૧૯ માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુજીસી) ભારત સરકાર દ્વારા યુજીસી એક્ટ ૧૯૫૬ ની કલમ ૨૨ હેઠળ સીવીએમ યુનિવર્સિટીને ડિગ્રી આપવા માટે અધિકાર આપવામાં આવ્યો હતો.

સીવીએમ યુનિવર્સિટીનું લક્ષ્ય આવનારી પેઢી માટે જ્ઞાનનો વારસો તૈયાર કરી પ્રેરણાદાયક નવીનતાઓ અને આધુનિક વિચારસરણી આપીને સર્વાંગી વિકાસ કરવાનો છે. ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત સીવીએમ યુનિવર્સિટીની ગણના ગુજરાતની અગ્રણી યુનિવર્સિટીઓમાં થાય છે. ઉલ્લેખનીય છે કેચારૂતર વિદ્યા મંડળ ૧૯૫૪માં સ્થાપિત અને ૭૫ વર્ષનો ભવ્ય વારસો ધરાવતી ગુજરાતની સૌથી જૂની શૈક્ષણિક સંસ્થા છે.

ચારૂતર વિદ્યા મંડળ અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ, વાઈસ પ્રેસિડેન્ટ મનીષભાઈ પટેલ, સેક્રેટરી એસ.જી.પટેલ, માનદ સહમંત્રી આર.સી.તલાટી, મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલે રેન્કિંગ પ્રક્રિયામાં ઝળહળતી સિદ્ધિ બદલ કોલેજોને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી.

# આઈસ્ટાર કોલેજ ખાતે રક્તદાન શિબિર


આણંદ, તા.૧૫



ચારૂતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમ્યાન કુલ ૧૦૨ યુનિટ બ્લડનું કલેકશન થયું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જેસીઆઈ વલ્લભ વિદ્યાનગરના પ્રેસિડેન્ટ ડૉ. દિલીપભાઈ પટેલ તથા સભ્યો અને કાર્યક્રમના ચેરમેન સંજયભાઈ પટેલનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા આઈસ્ટાર કોલેજના આચાર્ય પ્રો.ડૉ. નિર્મલ કુમારે માર્ગદર્શન આપ્યું હતું. સંસ્થાના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અમિત હુમ્મર તથા સમગ્ર એનએસએસના સભ્યોએ જહેમત ઉઠાવી હતી. રક્તદાન કરનાર વિદ્યાર્થીઓને કર્મચારીઓને અને એનએસએસના સૌ કાર્યકરોને ઉપસ્થિત અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.


CVM UNIVERSITY
Established under Gujarat Private Universities
(Second Amendment) Act: 2019 Gujarat Act No. 20 of 2019
CHARUTAR VIDYA MANDAL
कर्मण्येवाधिकारस्ते
Aegis: Charutar Vidya Mandal [1945], Vallabh Vidyanagar, Gujarat (India).
WE STRIVE TO CREATE LEGACY THAT WILL EDUCATE, EMPOWER AND ENRICH FROM WITHIN
ICARE RATINGS GSIRF GOVERNMENT OF GUJARAT
GUJARAT STATE INSTITUTIONAL RATING FRAMEWORK (GSIRF)
GOVERNMENT OF GUJARAT
RANKINGS 2021
Science
1st Rank ISTAR 4.6 CGPA Institute of Science & Technology for Advanced Studies & Research (ISTAR) 1st in Gujarat
9th Rank 3.8 CGPA S.M Patel College of Home Science (SMPCSH)
16th Rank NVPAS 3.5 CGPA Natubhai V. Patel College of Pure & Applied Science (NVPAS)
24th Rank ARIBAS 3.3 CGPA Ashok & Rita Patel Institute of Integrated Study & Research in Biotechnology & Allied Sciences (ARIBAS)
26th Rank 3.3 CGPA Vitthalbhai Patel & Rajratna P. T. Patel Science College (VP & RPTP)
Commerce & Mgmt.
11th Rank SEMCOM 3.6 CGPA S. G. M. English Medium College of Commerce & Management (SEMCOM) 1st Commerce & Management College in Top 11
Engineering
4th Rank 3.5 CGPA Birla Vishvakarma Mahavidyalaya Engineering College (BVM)
7th Rank ADIT 3.2 CGPA A D Patel Institute of Technology (ADIT)
Arts
23rd Rank 3.4 CGPA H. M. Patel Institute of English Training & Research (HMPIETR)
Follow Us On:
Opp. Shastri Maidan, Beside BVM College, Vallabh Vidyanagar, Dist: Anand, Gujarat - 388 120
(O): 02692-238001 | Email: adminoffice@cvmu.edu.in | www.cvmu.edu.in

# આઈસ્ટારના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓ ઔદ્યોગિક એકમની મુલાકાતે



આણંદ, તા. ૨૨

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગ દ્વારા નંદેસરી સ્થિત નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસિએશન ખાતે એક દિવસીય ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગના હેડ પ્રો. ડૉ. નિર્મલ કુમાર અને ફેકલ્ટી ડૉ. હિરેન સોનીના માર્ગદર્શન હેઠળ ડૉ. ધૃતિ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણ વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ વિઝિટ દરમ્યાન નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસિએશનના ચેરમેન બાબુભાઈ પટેલ મેનેજર મયુર પટેલ તથા ઔદ્યોગિક એકમના સમગ્ર સ્ટાફ મિત્રએ નંદેસરી ઈન્ડસ્ટ્રીઅલ એસોસિએશનના વિવિધ પ્લાન્ટ અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સૌ વિદ્યાર્થીઓએ કંપનીના વિવિધ યુનિટો જેવા કે સેફ્ટી ઈન્ડક્શન, પ્રોસેસિંગ, મેન્ટેનન્સ, ક્વોલિટી ચેકીંગ, ક્વોલિટી એસ્યોરન્સ, હાઈજીન એન્ડ સેફ્ટી, લેન્ડફીલ સાઈટ, એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. ધૃતિ પટેલે સૌ વિદ્યાર્થીઓને ઈટીપી પ્લાન્ટના વિવિધ તબક્કાઓ અને તેની કામગીરી વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી તેમજ આદ્યોગિક ક્ષેત્રે ઈટીપી પ્લાન્ટનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ દરમ્યાન એનઆઈએ તરફથી સહકાર મળવા બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિ. ડૉ. કિરીટ પટેલ અને સંસ્થાના કોઓર્ડિનેટર ડૉ. જીગર પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા એલ્યુમની એક્સપર્ટ ટોક યોજાઈ



આણંદ, તા. ૨૬

આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા ભૂતપૂર્વ એલ્યુમની વિદ્યાર્થીઓ દ્વારા એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના અને ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફ્ટી વિભાગના દ્વિતીય અને ચતુર્થ સેમિસ્ટરના સૌ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

મુખ્ય વક્તાઓ તરીકે આઈસ્ટારના પર્યાવરણના વિભાગના ભૂતપૂર્વ એલ્યુમની વિદ્યાર્થીઓ આરતી ઈન્ડસ્ટ્રીઝ, લિમિટેડ, ભરૂચના ઝોલન એન્વાયરોમેન્ટ હેડ નિશાંત સોલંકી અને કલર ટેક્સ ઈન્ડસ્ટ્રિઝસુરતના ફાયર એન્ડ સેફ્ટી ઓફિસર ફેનિલ પટેલ હાજર રહ્યાં હતા. કાર્યક્રમનું સંચાલન આઈસ્ટારના પર્યાવરણ વિભાગના હેડ પ્રો.ડૉ. નિર્મલ કુમાર, ફેક્લ્ટી ડૉ.હિરેન સોની અને ડૉ. ધૃતિ પટેલે કર્યું હતું.

નિશાંત સોલંકીએ ગુજરાત રાજ્યના ઔધોગિક એકમોમાં પ્રવર્તતી એડવાન્સડ વોટર ટ્રીટમેન્ટ ટેક્નોલોજી વિષે ચર્ચા કરી હતી. તેઓએ રિવર્સ ઓસ્માસિસ, માઈક્રો ફિલ્ટરેશન, મેક્રો ફિલ્ટરેશન, પાર્ટિકલ ફિલ્ટરેશન અને અલ્ટ્રા ફિલ્ટરેશન જેવી વિવિધ અને આધુનિક તક્નીકોથી વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. ફેનિલ પટેલે ઈન્ડસ્ટ્રીઝમાં પ્રોસેસ સેફ્ટી, ફાયર એક્સપ્લોઝન અને રેસ્કયુ ઓપરેશન જેવા મહત્વના મુદ્દાઓ પર વકત્વય આપ્યું હતું.

કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. કિરીટ પટેલે નિશાંત સોલંકી અને ફેનિલ પટેલને વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ માટેના બેસ્ટ એલ્યુમની એવોર્ડથી નવાજિત કર્યા હતા. અને પ્રશંસા પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

# ચારૂતર વિદ્યામંડળના ગ્રીન ઓડિટ સેલનું જીસીપીસી, ગાંધીનગર દ્વારા થયેલું સન્માન



વિદ્યાનગર, તા. ૨૯
ચારુતર વિદ્યા મંડળના ચેરમેન ભીખુભાઇ પટેલ અને વાઇસ પ્રેસિડન્ટશ્રી મનીષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રચાયેલું ગ્રીન ઓડિટ સેલ છેલ્લા ચાર વર્ષથી કાર્યરત છે. વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મનીષ પટેલે ગ્રીન ઓડિટ સેલ, માય કેમ્પસ કલીન કેમ્પસ, રાષ્ટ્રીય સેવા યોજના અને મહિલા વિકાસ સેલ જેવા બિન-શૈક્ષણિક ફોરમ અંતર્ગત ચાર નવા કાર્યક્રમો શરૂ કર્યા છે. આ પ્રકારનું ગ્રીન ઓડિટ સેલ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમવાર જ સ્થપાયું છે. જે સીવીએમ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનું પર્યાવરણના વિવિધ માપદંડોને આધારે ગ્રીન ઓડિટ મૂલ્યાંકન કરે છે. પર્યાવરણલક્ષી આ ઉત્કૃષ્ટ કામગીરી બજાવવા બદલ જીસીપીસીએ ગ્રીન ઓડિટ સેલના કોઓર્ડીનેટર પ્રો.ડો. નિર્મલ કુમાર અને ગ્રીન ઓડિટ સેલના મુખ્ય ટીમના તમામ સભ્યોને તેમના ઉદ્યમી પ્રયાસો અને સીવીએમની શૈક્ષણિક સંસ્થાઓના ટકાઉ અને આરોગ્યપ્રદ વાતાવરણ માટે નવી પહેલ કરવા બદલ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ ખાતે અભિમુખતા કાર્યક્રમ




**આણંદ, તા. ૨૨**


સી.વી.એમ. સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રીઅલ કેમેસ્ટ્રી (આઈસી) વિભાગમાં સરસ્વતી પૂજા અને નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓ માટે અભિમુખતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિભાગીય વડા ડૉ. જીગર પટેલ દ્વારા સંસ્થા પરિચય તથા નવા વિદ્યાર્થીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા આઈસી ડિપાર્ટમેન્ટના સ્ટાફ અને સિનિયર વિદ્યાર્થીઓએ જહેમત ઉઠાવી હતી.

સી.વી.એમ. તરફથી ચેરમેન ભીખુભાઈ પટેલ તથા આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડૉ. નિર્મલકુમારે વિદ્યાર્થીઓને શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યા હતાં.

# આઈ સ્ટાર દ્વારા કાર્યશાળા સોફ્ટવેર અંગે ઓનલાઈન કાર્યશાળા




આણંદ, તા.૧૪

સીવીએમ યુનિવર્સિટી દ્વારા સંચાલિત આઈસ્ટારના ઈન્સ્ટુમેન્ટેશન અને ફિઝિક્સ વિભાગ તથા પોલિફિક સિસ્ટમસ એન્ડ ટેક્નોલોજીના સંયુક્ત ઉપક્રમે SCADA સોફ્ટવેર વિષય પર ઓનલાઈન કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિવિધ કોલેજના ૫૦ વિદ્યાર્થી સહભાગી થયા હતા. SCADA સોફ્ટવેર કોઈ પણ ઈન્ડસ્ટ્રીમાં ઉત્પાદન પ્રક્રિયાના ઉપકરણોનું સંચાલન સુચારૂ રૂપે થાય છે કે તેની માહિતી કંટ્રોલ રૂમને પૂરી પાડે છે.

આ કાર્યશાળાનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને SCADA સોફ્ટવેરની વિસ્તૃત માહિતી મળે તથા તેનો ઉપયોગ કરતા શિખવવાનો હતો. પોલિફિક સિસ્ટમ્સના ઈજનેર સહજ તથા પ્રશાંતભાઈ દ્વારા વિદ્યાર્થીઓને વિસ્તૃત ડેમોન્શટ્રેશન દ્વારા સોફ્ટવેરનો ઉપયોગ તથા તેની લાક્ષણિકતાઓ સમજાવવામાં આવી હતી.

આ કાર્યક્રમના આ કાર્યક્રમના પ્રારંભિક ઉદ્‌બોધનમાં આચાર્ય પ્રો. ડૉ. નિર્મલકુમારે વિદ્યાર્થીઓને આઈસ્ટાર વિશે માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. હિમાશું કાવસે દ્વારા કરાયું હતું.

# આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગનો શૈક્ષણિક પ્રવાસ



આણંદ, તા. ૨૩

સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓ આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા પરીએજ અને કનેવાલ જલપ્લાવિત વિસ્તારોનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો. આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગના હેડ પ્રો. ડો. નિર્મલ કુમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસમાં એનવીપાસ કોલેજના બાયોસાયન્સિસ અને પર્યાવરણ વિભાગના હેડ ડો. રીટાકુમાર, ફેકલ્ટી દર્શિત શાહ અને શશાંક પટેલ તેમજ આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડો. ધૃતિ પટેલ અને પીએચડી સ્કોલર હિરેન ચૌધરીએ જલપ્લાવિત વિસ્તારોની જૈવિક તંત્રમાં ઉપયોગીતા, વિવિધ પ્રકારો, પોષણકડીમાં મહત્વ, પર્યાવરણમાં સંરક્ષણ અને તેના સંવર્ધન વિશે લોકજાગૃતિ જેવા મહત્વના પાસાઓ વિશે આશરે ૫૦ જેટલા વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પુરું પાડ્યું હતું.


આ વિસ્તારોની પાણી એને માટીના ભૌતિક, રાસાયણિક અને જૈવિક ગુણધર્મો વિશે વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિક રીતે પૂરતી સમજ આપવામાં આવી હતી. જેમાં પાણી અને માટીના પ્રકારો, પારદર્શકતા, પ્રોડક્ટિવિટી, બાયોલોજીકલ ઓક્સિજન ડિમાન્ડ, ડીસોલ્વ્ડ ઓક્સિજન, પીએચ અને ઈલેક્ટ્રિકલ કન્ડક્ટિવિટી જેવા વિવિધ ગુણધર્મોનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. આ પ્રવાસ દરમ્યાન સૌ વિદ્યાર્થીઓને પરીએજ અને કનેવાલના શિયાળા દરમ્યાન આવતા વિવિધ પ્રકારના યાયાવર તેમજ સ્થાનિક પક્ષીઓ પેલીકન, ફ્લેમિંગો, બ્રાહ્મીની ડક, લિટલ સ્ટિન્ટ, બ્લેક ટેઈલ્ડ ગોડવીટ, પાઈડ કિંગફિશર અને સારસ ક્રેન વગેરે બતાવવામાં આવ્યા હતા.

# આઈસ્ટાર અને એનવીપાસ કોલેજનાં પર્યાવરણ વિભાગ દ્વારા શૈક્ષણિક પ્રવાસ

આણંદ, તા. ૨૭

સી.વી.એમ. યુનિવર્સિટીની ઘટક સંસ્થાઓ આઈસ્ટાર અને એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા પાવાગઢ માઉન્ટેન રિઝર્વના જંગલ આચ્છાદિત વિસ્તારો, દુધિયું તળાવ, તેલિયું તળાવ, છાણીયું તળાવ, કાળેશ્વર તળાવ અને વડા તળાવના જલપ્લાવિત વિસ્તારો અને વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેર ખાતે રાષ્ટ્રીય વૈજ્ઞાનિક દિવસ નિમિતે એકદિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો હતો.

આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગનાં હેડ પ્રો.ડૉ. નિર્મલકુમારના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ શૈક્ષણિક પ્રવાસમાં એનાવીપાસ કોલેજમાં બાયોસાયન્સિસ અને પર્યાવરણ વિભાગના હેડ ડૉ. રીટા કુમાર, ફેકલ્ટી દર્શિત શાહ, શશાંક પટેલ તેમજ આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. શ્રુતિ પટેલ અને પીએચડી સ્કોલર હિરેન ચૌધરીએ પાવાગઢની તળેટીમાં વસેલા જંગલોમાં વિદ્યાર્થીઓને ટ્રેકિંગ મારફતે વિવિધ જૈવિક ઘટકો જેવાકે વનસ્પતિ સૃષ્ટિ, ઔષધિય વનસ્પતિઓ, વિવિધ હેતુઓ માટે છોડો ઉપયોગ, પતંગિયા અને કરોળિયાની વિવિધ જાતો તેમજ પક્ષી સૃષ્ટિનો અભ્યાસ કરાવ્યો હતો. વધુમાં જલપ્લાવિત વિસ્તારોની જૈવિક તંત્રમાં ઉપયોગીતા, વિવિધ પ્રકારો, પોષણકડીમાં મહત્વ, પર્યાવરણમાં સંરક્ષણ, ઈકોસિસ્ટમ પુનઃસ્થાપન અને તેના સંવર્ધન વિષે લોકજાગૃતિ જેવા મહત્વના પાસાઓ વિષે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પુરું પાડ્યુ હતું તથા પાણી અને માટીના પ્રકારો, પારદર્શકતા, પ્રોડક્ટિવિટી, બાયોલોજીકલ ઓક્સિજન ડિમાન્ડ, ડિસોલ્વડ ઓક્સિજન, પીએચ અને ઈલેક્ટ્રિકલ કન્ડક્ટિવિટી જેવા વિવિધ ગુણધર્મોનો અભ્યાસ પણ કરવામાં આવ્યો હતો. પ્રવાસ દરમ્યાન સૌ વિદ્યાર્થીઓને પાવાગઢ તેમજ તેની આસપાસના વિસ્તારોમાં શિયાળા દરમ્યાન મુલાકાત લેતા વિવિધ પ્રકારના યાયાવર તેમજ સ્થાનિક પક્ષીઓ જેવાકે પેલીકન, ફ્લેમિંગો, બ્રાહ્મીની ડક, લિટલ સ્ટિન્ટ, બ્લેક ટેઈલ્ડ ગોડવીટ, પાઈડ કિંગફિશર અને યુરેશીઅન સ્પૂનબિલ વગેરે બતાવવામાં આવ્યા હતાં.



# આઈસ્ટાર કોલેજમાં વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો વિશે એક્સપર્ટ ટોક



આણંદ, તા. ૮

સીવીએમયુ-આઈસ્ટાર કોલેજ ખાતે વન્યજીવ સપ્તાહની ઉજવણીનાં ભાગરૂપે સરીસૃપો અને તેમનું જીવન વિષય પર એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં આઈસ્ટાર સંસ્થાના વિવિધ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ એક્સપર્ટ ટોકમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત વોલ્યુન્ટરી નેચર કોન્સર્વન્સીના સરીસૃપ સંશોધક નીલ તલાટીએ વિદ્યાર્થીઓને સરિસૃપોની વિવિધતા, ખોરાક, આવાસ, જીવનશૈલી તેમજ કૃષિક્ષેત્રે તેઓની ઉપયોગીતા જેવા વિવિધ પાસાઓ વિશે ચર્ચા કરી હતી. વધુમાં તેમને વિદ્યાર્થીઓને સર્પ સંદર્ભ, તેઓની લાક્ષણિકતાઓ અને સર્પડંખની સારવાર વિશે પણ માહિતગાર કર્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આઈસ્ટાર સંસ્થાના ઈકો ક્લબના કો ઓર્ડિનેટર ડૉ. હિરેન સોનીએ એક્સપર્ટ વ્યાખ્યાયનકાર નીલ તલાટીનો પરિચય અને પર્યાવરણ વિભાગના પ્રાધ્યાપક ડૉ. ધૃતિ પટેલે નીલ તલાટીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારે એક્સપર્ટ સ્પીકરને પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કર્યું હતું તેમજ ઈકો ક્લબના સૌ સભ્યોને અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત રસીકરણ અભિયાન

આણંદ, તા. ૨૮

રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણીના ભાગરૂપે ચારૂતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટારમાં કોવિડની મહામારીને હરાવવાના આશ્રયથી રસીકરણનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાનમાં કુલ ૧૭૧ વિદ્યાર્થીઓને રસી મૂકવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રૂટ્સ ફાઉન્ડેશનના પ્રેસિડેન્ટ તનુજભાઈ પટેલ તથા અન્ય સભ્યોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ આયોજનને સફળતાપૂર્વક પાર પાડવા માટે કોલેજના આચાર્ય પ્રો. ડૉ. નિર્મલ કુમારે માર્ગદર્શન આપ્યું હતું.




એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. અમિત હુમ્મર તથા એનએસએસ સેલના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ અને સેફટી વિભાગનું ગૌરવ



આણંદ, તા. ૭

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ અને સેફટી વિભાગના વિદ્યાર્થીઓએ તાજેતરમાં પીપલ, પ્લાન્ટ એન્ડ પ્લેનેટ થીમ પર આધારિત રાષ્ટ્રીયકક્ષાના અધિવેશનમાં ભાગ લીધો હતો. જે દરમિયાન ઔદ્યોગિક એકમોમાં સલામતી અને સુરક્ષા વિષયો પર વિવિધ સંસ્થાઓની લગભગ ૭૦ ટીમો દ્વારા અલગ અલગ વિષયો પર કેસ સ્ટડીઝ રજૂ કરવામાં આવી હતી. જેમાં સેફટી વિભાગના વિદ્યાર્થીઓએ કાપડ ઉદ્યોગમાં અદ્યતન મેન્યુઅલ હેન્ડલિંગ અને તેની સલામતી વિશે પણ કેસ સ્ટડીઝ રજૂ કર્યા હતા. આ પ્રતિયોગિતામાં આઈસ્ટારના વિદ્યાર્થીઓ સુનિલ, નૈષધ અને કેવિનની ટીમે ગોલ્ડ ટ્રોફી મેળવી હતી જયારે કુલદીપ, ધ્રુવ અને આર્થની ટીમે કન્વેન્શનલ લેવલે બ્રોન્ઝ ટ્રોફી મેળવી હતી. અધિવેશનમાં ભારતના તેમજ ગુજરાત રાજ્યના આશરે ૧૦૦૦ જેટલા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટસ, કોર્પોરેટર્સ, ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ સેફટી વિભાગના હેડ બૈજુ વર્ગીઝ અને આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલકુમારે વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈ સ્ટાર ખાતે એક્સપર્ટ ટોક

આણંદ, તા. ૨

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, આઈ સ્ટાર ખાતે એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ગૌરાંગ વ્યાસ (હેડ, ARIAL, Ankleshwar)એ "GOOD LABORATORY PRACTICES" વિષયે વ્યાખ્યાન રજૂ કર્યું હતું. આ વ્યાખ્યાન અંતર્ગત તેમણે વિદ્યાર્થીઓને પોતાના ભવિષ્યને પોતાના બળે કંડારવા પ્રોત્સાહિત કર્યા હતા. ડૉ. ગૌરાંગ વ્યાસે દવાની કંપનીમાં થતા લેબોરેટરી એનાલીસીસ વિશે માહિતી આપી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થી કેતન મકવાણાએ વક્તાનો પરિચય આપ્યો હતો. આઈ.સી. ડિપાર્ટમેન્ટના વડા ડૉ. જીગર પટેલે આવકાર્યા હતા અને અંતમાં ડૉ. રોહિત દવેએ સ્મૃતિચિહ્ન આપી આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. નિર્મલકુમારે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગુજરાત રાજ્યમાં પ્રથમવાર ચારૂતર વિદ્યામંડળની સંસ્થાઓનું ગ્રીન ઓડિટ સેલ

## સીવીએમની સંસ્થાઓનું પર્યાવરણના માપદંડોના આધારે ગ્રીન ઓડિટ મૂલ્યાંકન

આણંદ, તા. ૧૮

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યા મંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રચાયેલું ગ્રીન ઓડિટ સેલ છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. આ પ્રકારનું ગ્રીન ઓડિટ સેલ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમવાર જ સ્થપાયું છે. જે સીવીએમ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનું પર્યાવરણના વિવિધ માપદંડોને આધારે ગ્રીન ઓડિટ મૂલ્યાંકન કરે છે. આ સેલ અંતર્ગત નેક, બેંગ્લોર, મિનિસ્ટ્રી ઓફ એન્વીરોમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગના ધારાધોરણો પ્રમાણે જૈવ વિવિધતાનું વિશ્લેષણ, સ્વચ્છતા અને તેની જાળવણી, પાણીની ગુણવત્તા અને તેનો મર્યાદિત ઉપયોગ, ઊર્જાનો વપરાશ અને તેનું ખર્ચ વિશ્લેષણ, પ્લાસ્ટિકનો બિનઅધિકૃત ઉપયોગ, કેમ્પસમાં ધુમ્રપાન અને બીડી-તમાકુનો નિષેધ, દિવ્યાંગજન વિદ્યાર્થીઓ માટે પૂરતી વ્યવસ્થા વિગેરે જેવા પરિબળોનો સમાવેશ કરવામાં આવે છે.

ગ્રીન ઓડિટ સેલ, સિવિએમ અને ગુજરાત ક્લિનર પ્રોડક્સન સેન્ટર, ગુજરાત સરકાર, ગાંધીનગર વચ્ચે આ બાબતે ગયા વર્ષે એમઓયુના હસ્તાક્ષર પણ કરવામાં આવયા હતા. આ અનુસંધાનમાં ગ્રીન ઓડિટ સેલ, સીવીએમ છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધી લગભગ ૭૫ જેટલી સંસ્થાઓ જેવી કે નર્સરી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ આર્ટસ, કોમર્સ, સાયન્સ, એન્જિનિયરીંગ, આર્કિટેક્ટ, આયુર્વેદ, ફાર્મસી, સ્પોર્ટસ, આઈટીઆઈ અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો વિગેરે જેવી સંસ્થાઓનું મુલ્યાંકન કરી રહી છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં પર્યાવરણને આધારે સંસ્થાઓનું પ્રકારનું આ પ્રકારનું ગ્રીન ઓડિટ મૂલ્યાંકન સૌ પ્રથમવાર કરવામાં આવ્યું છે, જે સંસ્થાઓમાં પ્રવર્તમાન પ્રવૃત્તિઓના ટકાઉપ્રભાવ અને અભ્યાસ માટે કરવામાં આવે છે. આ સંદર્ભે તાજેતરમાં ચારૂતર વિદ્યામંડળના ગ્રીન ઓડિટ સેલ દ્વારા સીવીએમ સંચાલિત વિવિધ સંસ્થાઓના ગ્રીન ઓડિટ એસેસમેન્ટના પ્રમાણપત્રોનો વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં સીવીએમની કુલ ૪૩ જેટલી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સભ્યોએ ભાગ લીધો હતો.

ગ્રીન ઓડિટમાં ભાગ લીધેલ કુલ ૪૩ જેટલી સંસ્થાઓના પ્રતિનિધિઓને ગ્રીન ઓડિટ પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'એ' ગ્રેડ પ્રાપ્ત કરેલ ૧૪ સંસ્થાઓને મેમેન્ટો પણ પ્રદાન કરવામાં આવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ



આણંદ, તા. ૨૯

ચારૂતર વિદ્યા મંડળ યુનિવર્સિટી સંચાલિત આઈટાર સંસ્થાના પર્યાવરણ વિભાગ દ્વારા ગોબલેજ સ્થિત હિન્દુસ્તાન કોકાકોલા બેવરેજીસ ઈન્ડસ્ટ્રીઝ ખાતે એક દિવસીય ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમાર, ફેકલ્ટી ડૉ. હિરેન સોની અને ડૉ. ધૃતિ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણ વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ વિઝિટ દરમ્યાન કોકાકોલા કંપનીના ડેપ્યુટી સેફટી મેનેજર ચિંતન વ્યાસ, સેફટી ઈન્ડકશન ઈન્ચાર્જ અશ્મા, ફેક્ટરી ટુર ઈન્ચાર્જ શિવાની, રેઈન વોટર પ્લાન્ટ ઈન્ચાર્જ પ્રણવ કુમાર ઈટીપી પ્લાન્ટ ઈન્ચાર્જ રંજન, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઈન્ચાર્જ નારાયણ તથા હાઈજીન અને સેફટીના સમગ્ર સ્ટાફ મિત્રોએ કોકાકોલા ઈન્ડસ્ટ્રીઝના વિવિધ પ્લાન્ટ અને તેની કામગીરી વિષે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પુરું પાડ્યું હતું. સૌ વિદ્યાર્થીઓએ કંપનીના વિવિધ યુનિટો જેવા કે સેફટી ઈન્ડકશન, પ્રોસેસિંગ, મેન્ટેન્સ, ક્વોલિટી ચેકિંગ, ક્વોલિટી એસ્યોરન્સ, હાઈજીન એન્ડ સેફટી, પેકેજીંગ એન્ડ લેબલિંગ, રેઈન વૉટર પ્લાન્ટ, એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. ધૃતિ પટેલે સૌ વિદ્યાર્થીઓને ઈટીપી પ્લાન્ટના વિવિધ તબ્બકાઓ અને તેની કામગીરી વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે ઈટીપી પ્લાન્ટનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ દરમ્યાન કોકાકોલા ઈન્ડસ્ટ્રીઝ તરફથી સહકાર મળવા બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમારે કંપનીના ડેપ્યુટી સેફટી મેનેજર ચિંતન વ્યાસ તેમજ સમગ્ર સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈસ્ટારના પર્યાવરણ વિભાગને ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ તરફથી સંશોધનકાર્ય માટે ૧૦ લાખનું અનુદાન

## પ્રોજેક્ટ અંતર્ગત ઔદ્યોગિક એક્મો, રહેણાંકો, કુદરતી વિસ્તારોમાં ઉદ્‌ભવતા અર્બન હિટ આઈલેન્ડમાંથી ઉત્પન્ન થતા ગેસની અસરો, હવાની ક્વોલીટીનો અભ્યાસ કરાશે

આણંદ, તા.૪

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગને તાજેતરમાં ક્લાઈમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ, ગુજરાત સરકાર, ગાંધીનગર તરફથી 'એસેસમેન્ટ ઓફ ઈમ્પેક્ટ ઓફ ક્લાઈમેટ ચેન્જ ઓન એમ્બિયન્ટ એર ક્વોલિટી, વલ્નરેબિલીટી એન્ડ હુમન હેલ્થ ઓફ અર્બન સિટિસ ઓફ ગુજરાત ટુ સજેસ્ટ સાઈટ-સ્પેસિફિક સ્ટ્રેટેજીસ ફોર ધ મિટિગેશન મેઝર્સ' વિષય પર આગામી બે વર્ષ માટે સંશોધનકાર્ય કરવા માટે રૂ.૧૦ લાખનું અનુદાન મળેલ છે.

આ રિસર્ચ પ્રોજેક્ટ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ અને મુખ્ય ઈન્વેસ્ટીગેટર પ્રો.ડૉ. નિર્મલકુમાર તેમજ કો-ઈન્વેસ્ટીગેટર, ડૉ. હિરેન સોની, ડૉ. ધૃતિ પટેલને મળેલ છે. જે અંતર્ગત અમદાવાદ અને સુરતના વિવિધ ઔદ્યોગિક એક્મો, રહેણાંક વિસ્તારો અને કુદરતી રહેઠાણો દ્વારા ઉદ્‌ભવતા અર્બન હિટ આઈલેન્ડમાંથી ઉત્પન્ન થતા ગ્રીન હાઉસ ગેસીસ જેવા કે કાર્બન ડાયોક્સાઈડ, મિથેન અને નાઈટ્રસ ઓક્સાઈડનું પ્રમાણ, તેની અસરો અને એર ક્વોલોટી ઈન્ડેક્સ વિગેરનો અભ્યાસ કરવામાં આવશે.

વધુમાં આ પ્રોજેક્ટ દરમિયાન હવામાં રહેલા પાર્ટિક્યુલેટ મેટર્સ, વિવિધ પ્રકારના ઝેરી વાયુઓ જેમકે સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ડાયોક્સાઈડ તેમજ એમોનિયા અને ક્લાઈમેટિક ફેક્ટર્સ જેવા કે તાપમાન, ભેજનું પ્રમાણ, રેઈનફોલ, વિન્ડ વેલોસીટીનો પણ અભ્યાસ કરવામાં આવશે. આ રિસર્ચ પ્રોજેક્ટના ભાગરૂપે અંતમાં કાર્બોનિક પદાર્થો આલ્કેન્સ, આલ્કીન્સ, આલ્કયન્સ, આલ્કાનોઈક એસિડ્સ, એરોમેટિક કમ્પાઉન્ડસ, પરસીસ્ટન્ટ ઓર્ગેનિક પોલયુતનાટ્સ અને પોલીસાયક્લિંક એરોમેટિક હાઈડ્રોકાર્બન્સની માનવીય આરોગ્ય પર પણ અસરો જોવામાં આવશે.

જેના પરિણામ સ્વરૂપે ક્લાઈમેન્ટ ચેન્જ વલ્નરેબિલીટી, એક્સપોઝર, સેન્સિટિવિટી અને એડ્પ્ટશન જેવા અતિ મહત્વના પાસાઓનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે. આ સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલે સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ આઈટી ડિપાર્ટમેન્ટ ખાતે "ટેક્નોખોજ"નું આયોજન




આણંદ, તા. ૩

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) ખાતે એક દિવસીય ટેક્નિકલ સ્પર્ધા ટેક્નોખોજ ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં જુદી જુદી ૧૨ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ જેવી કે બગ, સ્પોર્ટ, વેબ ડિઝાઈનિંગ, આઈટી ક્વિઝ, પોસ્ટર પ્રેસેટિશન, કાઉન્ટર સ્ટ્રીક, મિનિટ ઈન વન, સ્નેક લેડર, અને ક્રેઝી મેઝમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આચાર્ય ડૉ. નિર્મલકુમારે વિદ્યાર્થીઓને આઈસ્ટાર કોલેજ વિશે માહિતગાર કરાયા હતા. ત્યારબાદ ડૉ. નિકી જૈન અને ડૉ. સુચિતા પટેલ દ્વારા કાર્યક્રમની ઝાંખી અપાઈ હતી.

કાર્યક્રમના અંતમાં વિજેતા પ્રતિનિધિ વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટ કો-ઓર્ડિનેટર પ્રતીક ઠક્કરે આભાર વિધિ કરી હતી.

# અમેરિકાના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એસો.ના પ્રેસિડેન્ટ આઈસ્ટારની મુલાકાતે



આણંદ, તા. ૨૯

અમેરિકાના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એસોસિએશનના પ્રેસિડેન્ટ ડૉ. કેથી મર્ફીએ ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફટી વિભાગની મુલાકાત લીધી હતી. તેમની સાથે ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફટી વિભાગના પ્રણેતા ડૉ. મહર્ષિ મહેતા અને ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રેણિક રાણપુરા હાજર રહ્યા હતા. ડૉ. કેથીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આવનાર સમયમાં ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફટીનું ભવિષ્ય સમગ્ર ભારત દેશમાં અનેક ઉજળી તકો ધરાવે છે. જે ઔદ્યોગિક એકમો માટે ખૂબ લાભદાયી નીવડશે.

મહર્ષિ મહેતાએ વિદ્યાર્થીઓને પોતાના કાર્યસ્થળે નૈતિક મૂલ્યોને મજબૂત બનાવવા અને તેની સાચવણી કરવા માટે આગ્રહ કર્યો હતો. સૌ મહાનુભાવોએ સિવિએમના ચેરમેન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમમાં આઈસ્ટાર સંસ્થાના ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ સેફટી વિભાગ, પર્યાવરણ વિભાગ તેમજ એનવીપાસ કોલેજનાં પર્યાવરણ વિભાગના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ સેફટી વિભાગના હેડ બૈજુ વર્ગીસે કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ સેફટી વિભાગના હેડ બૈજુ વર્ગીસે કર્યુ હતું. કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે સૌ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમોમાં પર્યાવરણ અને સેફટી વિષયની ઉજળી તકો વિષે માહિતી આપીને આભારવિધિ કરી હતી.

# આઈસ્ટાર કૉલેજમાં કોરોના વાઈરસ વિષયે વ્યાખ્યાન

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં વાઈરલ ઈન્ફેક્શનથી થતી બીમારીઓ વિષે જાગૃતિ લાવવા હેતુ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડૉ. મનીષાબેન ગોહિલે (ચારૂતર આરોગ્થ્ય મંડળ સંચાલિત પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ ) દ્વારા કોરાના વાઈરસનો ઉદ્દભવ, તેના લક્ષણો, પરીક્ષણ, સાવચેતી અને પ્રાથમિક નિદાન પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



# આઈસ્ટાર કોલેજના સરફેસ કોટીંગ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટમાં પરિસંવાદ



**આણંદ, તા. ૩૧**

આઈસ્ટાર કોલેજના સરફેસ કોટીંગ ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટમાં કોલેજના એલ્યુમની ડૉ. તેજસ શાહ દ્વારા જીએસટીનાં અમલીકરણ બાદ પેઈન્ટ ઉદ્યોગમાં પ્રવર્તતી સાનૂકુળ અને પ્રતિકૂળ અસરો વિષય પર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમના જણાવ્યા પ્રમાણે જીએસટીના અમલીકરણ બાદ પેઈન્ટની કિંમતમાં કઈ રીતે ઘટાડો થઈ શકે, ઉદ્યોગમાં સરળતા લાવી શકાય, પહેલા કરતા ઓછો ટેક્સ ભરી શકાય, ઈ-વે બિલથી બચતો સમય, કાળા નાણા ઉપર કઈ રીતે નિયંત્રણ થઈ શકે તેના પર ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પરિસંવાદ કરીને મુંઝવતા પ્રશ્નોનું નિરાકરણ મેળવ્યું હતું. ડિપાર્ટમેન્ટના વડા ડૉ. કલ્પેશ પટેલે ડૉ. તેજસ શાહનો આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓના પ્રગતિ હેતુ યોજવામાં આવેલ આ પરિસંવાદને આઈસ્ટાર સંસ્થાના વડા પ્રો. ડૉ. નિર્મલકુમારે બિરદાવ્યો હતો.




# આઈસ્ટાર કોલેજની એનએસએસ શિબિરનું સમાપન

વિદ્યાનગર, તા. ૩૦

આઈસ્ટાર કોલેજના એનએસએસ યુનિટ દ્વારા લાભંવેલ ગામ ખાતે સ્પેશિયલ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેની પૂર્ણાહુતિ ૨૫ જાન્યુઆરીના રોજ કરવામાં આવી હતી.



આ સમારંભમાં ગામના સરપંચ મહેશભાઈ રાઠોડ, ઉપસરપંચ શ્રીમતી રેવાબેન રાઠોડ, મહિલા આગેવાન શ્રીમતી દિપીકાબેન તેમજ નિકુંજભાઈ પટેલ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે મનુભાઈ પટેલે હાજરી આપી હતી. આઈસ્ટાર કોલેજના આચાર્ય પ્રો.ડો. નિર્મલ કુમારે ગામના આગેવાનો તથા એનએસએસ વિભાગના સૌ સભ્યોની આ સમાજપયોગી કાર્યવૃત્તિને બિરદાવ્યા હતા.

# રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ આઈસ્ટાર કોલેજે લાંભવેલ ગામ ત્રણ વર્ષ માટે દત્તક લીધું



આણંદ, તા. ૧૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજે લાંભવેલ ગ્રામ પંચાયતને ત્રણ વર્ષ માટે દત્તક લેવા માટે સમજૂતી કરાર કરવામાં આવ્યો છે. જેનો મુખ્ય ઉદ્દેશ લાંભવેલ ગામને ત્રણ વર્ષ માટે દત્તક લેવું અને તેમાં સહયોગી થઈને રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત વિવિધ કામો કરવા જેવા કે સ્વચ્છતા અભિયાન, પર્યાવરણને લગતી સમસ્યા, ભારત સરકાર અને ગુજરાત રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની જાણકારી, ગામવાસીઓમાં જાગૃતતા લાવવી અને સેવાભાવી પ્રવૃત્તિઓ કરવા માટે છે. આ સમજૂતી કરારમાં બંને પક્ષકારો જેવા કે ગ્રામ પંચાયતના સરપંચ મહેશ રાઠોડ, આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમાર અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મયંક પટેલના પ્રયત્નોથી કરવામાં આવ્યો હતો.

# આઇસ્ટાર કોલેજમાં કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયો



આણંદ, તા. ૦૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં કેમ્પસ પ્લેસમેન્ટ યોજાયો હતો. જેમાં નામાંકિત મલ્ટીનેશનલ કંપની જેવી કે કંસાઇ નેરોલેક, એશિયન પેઇન્ટ અંકલેશ્વર, એશિયન પેઇન્ટ મહારાષ્ટ્ર, ગ્રાન્ડ પોલીકોટ, પ્રીસમ પેઇન્ટ વગેરે જેવી ખ્યાતનામ કંપનીઓએ કેમ્પસ પ્લેસમેન્ટમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ઊંચા પગાર ધોરણ સાથે નોકરી મેળવવાની તક પુરી પાડી હતી. પેઇન્ટ અને કોટિંગ ટેક્નોલોજીને લગતી ઉપરોકત તમામ કંપનીઓ આ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓને પ્રાધાન્ય આપે છે. વિદ્યાર્થીઓની જવલંત સફળતા બદલ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. કલ્પેશ પટેલ અને આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે પસંદગી પામેલ સૌ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આઈસ્ટાર કોલેજના NSS વિભાગ દ્વારા

# લાંભવેલ મુકામે નિઃશુલ્ક ચક્ષુ નિદાન કેમ્પનું આયોજન




આણંદ, તા. ૨૨

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના એનએસએસ વિભાગ દ્વારા લાંભવેલ ગામ ત્રણ વર્ષ માટે દત્તક લેવામાં આવ્યું છે. જેના અંતર્ગત તા. ૧૯ થી ૨૫ જાન્યુઆરી સુધી એનએસએસ શિબિર યોજવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં તા. ૨૩મી જાન્યુઆરીના રોજ લાંભવેલ મુકામે નિઃશુલ્ક ચક્ષુ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે.

આ શિબિરનું આયોજન આઈસ્ટાર કોલેજ, લાયન્સ ક્લબ આણંદ અને શ્રી રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ ચિખોદરાના સહિયારા ઉપક્રમે તારીખ ૨૩-૦૧-૨૦૧૯ના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ કલાક દરમ્યાન પાટીદાર સમાજ ગૃહ મુકામે રાખેલ છે.

આ શિબિરમાં આંખ અને આંખના પડદાની તપાસ, કાળા ધબ્બા પડવા, કીકીના જ્ઞાનતંતુ નબળા પડવા, મોતિયો, આંખના પડદા પર સોજો વગેરે જેવા વિવિધ નિરીક્ષણ નિઃશુલ્ક કરી આપવામાં આવશે. વધુમાં આંખના નંબરની તપાસ અને ફક્ત ૩૦ રૂપિયાના નજીવા દરે જરૂરિયાતમંદને ચશ્મા પણ કાઢી આપવામાં આવશે. આંખને લગતી કોઈપણ પ્રકારની સારવારની જરૂર જણાય તો નિઃશુલ્ક ચિકિત્સા આર.એમ. આઈ. હોસ્પિટલ ચિખોદરા ખાતે કરી આપવામાં આવશે.

# આઈસ્ટાર કોલેજની એનએસએસ શિબિરનું લાંભવેલ મુકામે સમાપન



આઈસ્ટાર કોલેજના એનએસએસ યુનિટ દ્વારા લાંભવેલ ગામ ખાતે સ્પેશિયલ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની પૂર્ણાહુતિ ૨૫ જાન્યુઆરીના રોજ કરવામાં આવી હતી. આ સમારંભમાં ગામના સરપંચ મહેશભાઈ રાઠોડ, ઉપસરપંચ રેવાબેન રાઠોડ, મહિલા આગેવાન દિપીકાબેન તેમજ નિકુંજભાઈ પટેલ હાજર રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે મનુભાઈ પટેલે હાજરી આપી હતી. કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલકુમાર અને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર મનુભાઈ પટેલ મંચ પર હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મનુભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કરી વિદ્યાર્થીઓને તેમના જીવનમાં  એનએસએસની પ્રવૃત્તિઓ અને તેનું યોગદાન વિશે માહિતી આપી હતી. તેમજ તેમને ગામના સરપંચ, ઉપસરપંચ અને અન્ય મહાનુભાવોની હાજરીમાં ભવિષ્યમાં કરવામાં આવનાર વિવિધ પ્રવૃત્તિઓ માટે જરૂરી સાથ સહકાર આપવાની ખાતરી આપેલ હતી.

# આઈસ્ટાર કોલેજની એનએસએસ શિબિરનો લાંભવેલ મુકામે આરંભ





આઈસ્ટાર કોલેજના એનએસએસ વિભાગ દ્વારા લાંભવેલ ગામ ત્રણ વર્ષ માટે દત્તક લેવામાં આવ્યું છે. જેના અંતર્ગત તા.૧૯ જાન્યુઆરીના રોજ લાંભવેલના પાટીદાર સમાજ ગૃહ ખાતે એનએસએસ શિબિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ મહેશ રાઠોડ મહિલા અગ્રણી કાર્યકર દીપીકા પટેલ, માજી સરપંચ લીલા પટેલ, આચાર્ય દિલીપ પટેલ, આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર, એનએસએસ યુનિટના સંચાલક ડો. મયંક પટેલ, તેમજ ગામના આગેવાનો હાજર રહ્યાં હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડો. મયંક પટેલે લાંભવેલ ગામના રહેવાસીઓને રાષ્ટ્રિય સેવા યોજનાનું મહત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ આણંદના સ્ત્રી રોગના નિષ્ણાત ડો. નિમેષ પટેલે ગામની મહિલાઓને સ્ત્રી રોગ તેના કારણો અને તેના નિવારણ વિષે માહિતી આપી હતી. જેમાં ગામની આશરે ૪૦ જેટલી મહિલાઓ હાજર રહી હતી. વધુમાં આઈસ્ટાર સંસ્થાના વિદ્યાર્થીઓએ ગામવાસીઓને સ્વચ્છતા અભિયાન સ્વચ્છતાનું જીવનમાં મહત્વ અને વિવિધ પ્રકારના આરોગ્યલક્ષી કાર્યક્રમો વિષે સમજાવ્યું હતું. જેના ભાગરૂપે તેઓએ ગામમાંથી પ્લાસ્ટિકના ઘનકચરાનો નિકાલ કર્યો હતો. અને અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી પ્રદુષણનો નિકાલ કર્યો હતો.

# આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ અને સેફટી વિભાગનું ગૌરવ



આણંદ, તા. ૭

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ અને સેફટી વિભાગના વિદ્યાર્થીઓએ તાજેતરમાં પીપલ, પ્લાન્ટ એન્ડ પ્લેનેટ થીમ પર આધારિત રાષ્ટ્રીયકક્ષાના અધિવેશનમાં ભાગ લીધો હતો. જે દરમિયાન ઔદ્યોગિક એકમોમાં સલામતી અને સુરક્ષા વિષયો પર વિવિધ સંસ્થાઓની લગભગ ૭૦ ટીમો દ્વારા અલગ અલગ વિષયો પર કેસ સ્ટડીઝ રજૂ કરવામાં આવી હતી. જેમાં સેફટી વિભાગના વિદ્યાર્થીઓએ કાપડ ઉદ્યોગમાં અદ્યતન મેન્યુઅલ હેન્ડલિંગ અને તેની સલામતી વિશે પણ કેસ સ્ટડીઝ રજૂ કર્યા હતા. આ પ્રતિયોગિતામાં આઈસ્ટારના વિદ્યાર્થીઓ સુનિલ, નૈષધ અને કેવિનની ટીમે ગોલ્ડ ટ્રોફી મેળવી હતી જયારે કુલદીપ, ધ્રુવ અને આર્થની ટીમે કન્વેન્શનલ લેવલે બ્રોન્ઝ ટ્રોફી મેળવી હતી. અધિવેશનમાં ભારતના તેમજ ગુજરાત રાજ્યના આશરે ૧૦૦૦ જેટલા ઈન્ડસ્ટ્રીયાલીસ્ટસ, કોર્પોરેટર્સ, ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમાર પણ ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરોક્ત સિદ્ધિ મેળવવા બદલ સેફટી વિભાગના હેડ બૈજુ વર્ગીઝ અને આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમારે વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## આઈ સ્ટારમાં GIS ડિપાર્ટમેન્ટ દ્વારા વ્યાખ્યાન



આઈસ્ટાર કોલેજમાં GIS ડિપાર્ટમેન્ટ દ્વારા BIG Deta GIS વિષય ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડોદરા સ્થિત કંપનીના અકશર મુલે ને બોલવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ડિપાર્ટમેન્ટના પ્રથમ અને ત્રીજા સેમેસ્ટર તથા પી ડિપ્લોમા ઈન ઓઈન્ફોરમેટિક્સના વિદ્યાર્થીઓ અને બે પ્રાધ્યાપકોએ લાભ લીધો હતો. ઉન્નતિ પટેલ અને કૃણાલ સુથારે આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. પ્રિન્સિપાલ ડો. નિર્મલકુમારે શુભેચ્છાઓ પાઠવી હતી.

# આઈસ્ટાર કોલેજ દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનાર



આણંદ, તા. ૩

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના કાઉન્સિલિંગ વિભાગ દ્વારા તાજેતરમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી અને કારકિર્દી માર્ગદર્શન વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આઈ.એસ.ટી. એ.આર. ના કાઉન્સિલિંગ કો-ઓર્ડિનેટર ડૉ. એચ.એન.કાપસેએ વલ્લભ વિદ્યાનગર સ્થિત ધ્યેય એકેડેમીના ઈન્સ્ટક્ટર ચિરાગ પટેલને આવકારીને તેમનો પરિચય આપ્યો હતો. જેમને પ્રારંભિક પાસાઓ પર ચર્ચા કરીને સ્પર્ધાત્મક પરીક્ષાઓના લક્ષ્ય તરફ ધ્યાન કેન્દ્રિત અને વિવિધ ક્ષેત્રોમાં નોકરીની તકો વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ સેમિનારમાં આઈસ્ટાર કોલેજના વિવિધ વિભાગના ૧૨૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમની સફળતા બદલ આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# આઇસ્ટાર અને વી.પી. સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો પરિસંવાદ




આઇસ્ટાર કોલેજના ઇન્સ્ટ્રુમેન્ટશન અને કંટ્રોલ વિભાગ તેમજ વી.પી. સાયન્સ કોલેજના ઈન્સ્ટ્રુમેન્ટશન વિભાગ દ્વારા એટલાન્ટા એલેક્ટ્રીકલ્સ પ્રાઇવેટ લિમિટેડ, વિઠ્ઠલ ઉદ્યોગનગર અને પાર્થમ ઓટોસ્વિચ, દહેગામ, જેવી ખ્યાતનામ કંપનીઓના સહયોગ "ફ્રન્ટિયર્સ ઓફ ઈન્સ્ટ્રુમેન્ટશન" વિષય પર સંયુક્ત ઉપક્રમે રાજ્યકક્ષાનો સેમિનાર યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વડોદરા સ્થિત નામાંકિત કંપની સર્વિલિંક સિસ્ટીમ્સના ડાયરેક્ટર ડો. જગદિશ શુક્લા ઉપસ્થિત રહ્યા હતા. સિવિએમના માનદ મંત્રી ડો. એસ.જી.પટેલ, આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડો. નિર્મલ કુમાર, વી.પી.સાયન્સ કોલેજના આચાર્ય ડો. ભાવેશ પટેલ મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં આશરે ૧૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં 30 થી વધુ વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ પ્રતિયોગિતામાં ભાગ લીધો હતો. વિજેતાઓને પ્રમાણપત્ર અને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં રક્તદાન અને થેલેસેમિયા પરિક્ષણ

આણંદ, તા. ૬

ચારૂતર વિદ્યામંડળ સ્થાપનાના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે આઈસ્ટાર કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરનું ઉદઘાટન આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ.ના સભ્યો ડૉ. મયંક પટેલ, ડૉ. પરાગ કારિયા, ડૉ. ઉન્નત્તિ પટેલ અને ડૉ. કિન્નરી ભટ્ટ વિગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

આ શિબિરમાં ૧૨૧ વિદ્યાર્થીઓએ રક્તદાન કર્યું હતું. ચારૂતર વિદ્યામંડળ અને લાયન્સ ક્લબ, આણંદના નાણાકીય સહયોગથી આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. આઈસ્ટાર કોલેજ પરિવારે રક્તદાન કરનાર વિદ્યાર્થીઓને અને એનએસએસના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં હાઈજીન અને સેફ્ટી વિષયે એક્સપર્ટ ટોક

આણંદ, તા. ૧૧

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં સામાજિક જવાબદારી એકમ હેઠળ હાઈજીન અને સેફ્ટી વિષય પર વિઠ્ઠલ ઉદ્યોગનગરની એલીકોન એન્જિનિયરીંગ લિમિટેડ ખાતે એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ કામદારોને ઔદ્યોગિક એકમોમાં હાઈજીન અને સેફ્ટી, તેનું મહત્ત્વ અને ઔદ્યોગિક એકમોથી ઉદ્‌ભવતા નાના તેમજ મોટા સંકટોના નિવારણ વિશે હતો.



આ એક્સપર્ટ ટોક દરમિયાન કામદારોને તેઓના કાર્યસ્થળે વધુને વધુ સુરક્ષિત રીતે કાર્ય કરી શકે, બીમારીઓથી બચી રહે, ઈન્ડસ્ટ્રીની ઉત્પાદકતા જળવાઈ રહે અને સદાય સજાગ રહે તે વિશે માહિતગાર કર્યા હતા. જે દરમિયાન ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન ડિપાર્ટમેન્ટના વિભાગીય વડા બૈજુ વર્ગીસ અને વિદ્યાર્થીઓ પાર્થ પટેલ, રોનક પટેલે ઔદ્યોગિક એકમોમાં સુરક્ષા અને સ્વચ્છતાનું મહત્ત્વ વિશે પ્રકાશ પાડ્યો હતો. એક્સપર્ટ ટોક યોજવા માટે એલીકોન એન્જિનિયરીંગના મેનેજર સુધીર જોગાણી, સેફ્ટી ઓફિસર મનોજ સિંધા અને ટ્રેનિંગ ઓફિસર નિકુંજ વૈષ્ણવી વગેરેએ આઈસ્ટાર સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારે ડિપાર્ટમેન્ટના વડા અને વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી અને સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ



આણંદ, તા.૧૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના સરફેસ કોટિંગ ટેક્નોલોજિ ડિપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતા પાંચ વિદ્યાર્થીઓને એશિયન પેઈન્ટ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આર્થિક સહાયરૂપે રૂ.૫૧,૩૦૦ પ્રતિ વર્ષે શિષ્યવૃત્તિ પેટે મળ્યા હતા. આ શિષ્યવૃત્તિ ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ઈજનેર ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવી હતી. ઉપરોક્ત સિદ્ધિ બદલ સરફેસ કોટિંગ ટેક્નોલોજિ વિભાગના વડા ડૉ. કલ્પેશ પટેલ અને આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમારે વિદ્યાર્થીઓની મહેનતને બિરદાવી હતી અને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ દ્વારા ટ્રી પ્લાન્ટેશન કેમ્પ




આણંદ, તા. ૧૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના રાષ્ટ્રિય સેવા યોજના અને માય કેમ્પસ ક્લીન કેમ્પસ દ્વારા ચારૂતર વિદ્યા મંડળના ૭૫માં વર્ષની ઉજવણીના ભાગરૂપે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે સીવીએમના માનદ્ સહમંત્રી ખોડાભાઈ પટેલ, અમૂલ મોગર ચોક્લેટ પ્લાન્ટના ડેપ્યુટી મેનેજર રાજેશ પાઠોડીયા, એચઆર મેનેજર અભિષેક ભટ્ટ, આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડો. નિર્મલ કુમાર, સીવીએમના નોન-એકેડેમીક ફોરમના ઈન્ચાર્જ પરેશ મોરધરા સહિત વિવિધ વિભાગોના વડા તથા રાષ્ટ્રિય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા પર્યાવરણલક્ષી વૃક્ષો જેવા કે આસોપાલવ, બોરસલ્લી, લીમડો વિગેરે જેવા ૧૦૦ જેટલા રોપાઓનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

વધુમાં વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ અમૂલ ચોક્લેટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી અને તેની કાર્યપદ્ધતિની વિશેષ સમજણ કેળવી હતી. કાર્યક્રમની સફળતા માટે સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજ ખાતે એક્સપર્ટ ટોક



આઈસ્ટાર કોલેજના સરફેસ કોટીંગ ટેકનોલોજી ડિપાર્ટમેંટ કોરોસન અને પેઈન્ટ એપ્લીકેશન પર એક્સપર્ટ ટોકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દીપક મારૂ (એનએસીઈ લેવલ-૨), અને સુગ્નેશ પટેલ, કોટીંગ ઈન્સપેક્ટર ઓમાન ડ્રાય ડોક દ્વારા વિદ્યાર્થીઓને કોરોસન અને પેઈન્ટ એપ્લીકેશન પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું બંને તજજ્ઞોએ પોતાના અનુભવો અને વિચારો રજૂ કરી વિદ્યાર્થીઓને કોરોસનના લીધે ઉદભવતી સમસ્યાઓ અને તેના નિરાકરણ હેતુ વપરાતી પધ્ધતિઓથી માહિતગાર કર્યા હતા. તેમના જણાવ્યા પ્રમાણે ભારતમાં આવનાર સમયમાં પેઈન્ટ અને કોટીંગની ખૂબ જ વધારે ડીમાંડ હોય તે માટે વિદ્યાર્થીઓએ કોટીંગ વિષય પર વધારે અભિરૂચી કેળવી અને જરૂરી સ્કીલ વિકસાવે તો આવનાર સમયમાં ભવિષ્ય ઉજળું રહેશે. સરફેસ કોટીંગ ટેકનોલોજી ડિપાર્ટમેંટના વડા ડો. કલ્પેશ પટેલ દ્વારા વિદ્યાર્થીઓની પ્રગતિ હેતુ આ વ્યાખ્યાનનું આયોજન કરાયું હતું. જેને આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ પ્રો. નિર્મલકુમાર દ્વારા બિરદાવવામાં આવ્યું હતું.

# જાપાનની લેબોરેટરીમાં નડિયાદ, વડોદરાની નદી-નહેરોના પાણીનું થશે પૃથકકરણ

## જાપાનના વૈજ્ઞાનિક ડો.નોબુયોશીએ આઇસ્ટાર કોલેજની પર્યાવરણ કાર્યશાળામાં આપી હાજરી

આણંદ, તા.૧૫

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગની જાપાન સ્થિત એડવાન્સ ઈન્ડસ્ટ્રીઅલ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ચીફ સિનિઅર રિસર્ચ સાયન્ટિસ્ટ ડૉ. નોબુયોશી યામાશિતાએ મુલાકાત લીધી હતી.

કાર્યશાળા દરમિયાન એમએસસી પર્યાવરણ વિભાગ, ઈન્ડસ્ટ્રીઅલ હાયજીન અને સેફટી તેમજ એનવીપાસ કોલેજના પર્યાવરણ વિભાગના ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલકુમારે ડો.નોબુયોશીનું સ્વાગત કર્યુ હતું. ડૉ. નોબુએ પર્યાવરણમાં રહેલા વિવિધ પ્રકારના રાસાયણિક ઘટકો જેવા કે પરસીસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ્સ અને તેના વિઘટકો વિષે વિદ્યાર્થીઓને વિસ્તૃત સમજ આપતા જણાવ્યું હતું કે, આ ઘટકો વાતાવરણના વિવિધ સ્તરો જેવા કે હવા, પાણી, જમીન, વનસ્પતિ, પશુ-પક્ષીઓ, પ્રાણીઓ વિગેરેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રહેલા હોય છે, જેઓનું પ્રમાણ અમુક હદ કરતા વધી જવાથી પર્યાવરણના જૈવિક અને નિર્જીવ આયામો પર ઘાતક અસરો અને વાતાવરણમાં ગંભીરતા સર્જી શકે છે, જેની અસર માનવીય આરોગ્ય પર પણ થઈ શકે છે.

આ વિષયના અનુસંધાનમાં બંને સંસ્થાઓના સહયોગથી પર્યાવરણીય સમસ્યાઓના નિવારણ માટે પ્રવર્તમાન સંશોધન આવશ્યક છે. જે માટે ડૉ. નોબુએ આઈસ્ટારના પર્યાવરણ વિભાગના વિદ્યાર્થીઓને આ વિષયમાં વધુ સંશોધન કરવા માટે હાક્લ કરી હતી. જે દરમિયાન પસંદગી પામેલ વિદ્યાર્થીઓને આગામી ત્રણ વરસ માટે નિઃશુલ્ક રિસર્ચના ભાગરૂપે ફ્રી ટ્રાવેલિંગ અને એકોમોડેશન આપવામાં આવશે.

પાંચ દિવસની આ કાર્યશાળાના ભાગરૂપે ડૉ. નોબુ વિદ્યાનગર સ્થિત સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ નડિયાદ અને વડોદરાની વિવિધ નદીઓ અને નહેરોના પાણીનું સેમ્પલિંગ કરીને તેનું જાપાન સ્થિત લેબોરેટરીમાં પૃથ્થકરણ કરશે. જેના પરિણામો વિશ્વની ખ્યાતનામ જર્નલમાં પ્રકાશીત કરવામાં આવશે.

# ગુજરાત રાજ્યમાં પ્રથમવાર ચારૂતર વિદ્યામંડળની સંસ્થાઓનું ગ્રીન ઓડિટ સેલ

## સીવીએમની સંસ્થાઓનું પર્યાવરણના માપદંડોના આધારે ગ્રીન ઓડિટ મૂલ્યાંકન

આણંદ, તા. ૧૮

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યા મંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રચાયેલું ગ્રીન ઓડિટ સેલ છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. આ પ્રકારનું ગ્રીન ઓડિટ સેલ સમગ્ર ગુજરાત રાજ્યમાં પ્રથમવાર જ સ્થપાયું છે. જે સીવીએમ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓનું પર્યાવરણના વિવિધ માપદંડોને આધારે ગ્રીન ઓડિટ મૂલ્યાંકન કરે છે. આ સેલ અંતર્ગત નેક, બેંગ્લોર, મિનિસ્ટ્રી ઓફ એન્વીરોમેન્ટ, ફોરેસ્ટ એન્ડ કલાઈમેટ ચેન્જ અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગના ધારાધોરણો પ્રમાણે જૈવ વિવિધતાનું વિશ્લેષણ, સ્વચ્છતા અને તેની જાળવણી, પાણીની ગુણવત્તા અને તેનો મર્યાદિત ઉપયોગ, ઊર્જાનો વપરાશ અને તેનું ખર્ચ વિશ્લેષણ, પ્લાસ્ટિકનો બિનઅધિકૃત ઉપયોગ, કેમ્પસમાં ધુમ્રપાન અને બીડી-તમાકુનો નિષેધ, દિવ્યાંગજન વિદ્યાર્થીઓ માટે પૂરતી વ્યવસ્થા વિગેરે જેવા પરિબળોનો સમાવેશ કરવામાં આવે છે.

ગ્રીન ઓડિટ સેલ, સિવિએમ અને ગુજરાત ક્લિનર પ્રોડક્સન સેન્ટર, ગુજરાત સરકાર, ગાંધીનગર વચ્ચે આ બાબતે ગયા વર્ષે એમઓયુના હસ્તાક્ષર પણ કરવામાં આવયા હતા. આ અનુસંધાનમાં ગ્રીન ઓડિટ સેલ, સીવીએમ છેલ્લા બે વર્ષમાં અત્યાર સુધી લગભગ ૭૫ જેટલી સંસ્થાઓ જેવી કે નર્સરી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ આર્ટસ, કોમર્સ, સાયન્સ, એન્જિનિયરીગ, આર્કિટેક્ટ, આયુર્વેદ, ફાર્મસી, સ્પોર્ટ્સ, આઈટીઆઈ અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો વિગેરે જેવી સંસ્થાઓનું મુલ્યાંકન કરી રહી છે.

સમગ્ર ગુજરાત રાજ્યમાં પર્યાવરણને આધારે સંસ્થાઓનું પ્રકારનું આ પ્રકારનું ગ્રીન ઓડિટ મૂલ્યાંકન સૌ પ્રથમવાર કરવામાં આવ્યું છે, જે સંસ્થાઓમાં પ્રવર્તમાન પ્રવૃત્તિઓના ટકાઉપ્રભાવ અને અભ્યાસ માટે કરવામાં આવે છે. આ સંદર્ભે તાજેતરમાં ચારૂતર વિદ્યામંડળના ગ્રીન ઓડિટ સેલ દ્વારા સીવીએમ સંચાલિત વિવિધ સંસ્થાઓના ગ્રીન ઓડિટ એસેસમેન્ટના પ્રમાણપત્રોનો વિતરણ સમારોહ યોજાયો હતો. જેમાં સીવીએમની કુલ ૪૩ જેટલી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને સભ્યોએ ભાગ લીધો હતો.

ગ્રીન ઓડિટમાં ભાગ લીધેલ કુલ ૪૩ જેટલી સંસ્થાઓના પ્રતિનિધિઓને ગ્રીન ઓડિટ પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'એ' ગ્રેડ પ્રાપ્ત કરેલ ૧૪ સંસ્થાઓને મેમેન્ટો પણ પ્રદાન કરવામાં આવ્યા હતા.

# આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન ડિપાર્ટમેન્ટ દ્વારા હાઈજીન અને સેફ્ટી વિષયે એક્સપર્ટ ટોક



આણંદ, તા.૨૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત આઈ સ્ટાર કૉલેજના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન ડિપાર્ટમેન્ટ દ્વારા તાજેતરમાં સામાજિક જવાબદારી એકમ હેઠળ હાઈજીન અને સેફ્ટી વિષય પર વિઠ્ઠલ ઉદ્યોગનગરની એલિકોન એન્જિનિયરીંગ લિમિટેડ ખાતે એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ કામદારોને ઔદ્યોગિક એકમોમાં હાઈજીન અને સેફ્ટી, તેનું મહત્વ અને ઔદ્યોગિક એકમોથી ઉદ્ભવતા નાના તેમજ મોટા સંકટોના નિવારણ વિશે હતો.

આ એક્સપર્ટ ટોક દરમિયાન કામદારોને તેઓના કાર્યસ્થળે વધુ ને વધુ સુરક્ષિત રીતે કાર્ય કરી શકે, બીમારીઓથી બચી રહે, ઈન્ડસ્ટ્રીની ઉત્પાદક્તા જળવાઈ રહે અને સદાય સજાગ રહે તે વિશે માહિતગાર કર્યા હતા. જે દરમિયાન ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન ડિપાર્ટમેન્ટના વિભાગીય વડા બૈજુ વર્ગીસ અને વિદ્યાર્થીઓ પાર્થ પટેલ અને રોનક પટેલે ઔદ્યોગિક એકમોમાં સુરક્ષા અને સ્વચ્છતાનું મહત્વ વિશે પ્રકાશ પાડ્યો હતો. આ એક્સપર્ટ ટોક યોજવા માટે એલિકોન એન્જિનિયરીંગના મેનેજર સુધીર જોગાણી, સેફ્ટી ઓફિસર મનોજ સિંધા અને ટ્રેઈનિંગ ઓફિસર નિકુંજ વૈષ્ણવી વિગેરેએ આઈ સ્ટાર સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્ય માટે આઈ સ્ટાર કૉલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારે ડિપાર્ટમેન્ટના વડા અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં રાત્રી બીફોર નવરાત્રી

આણંદ, તા. ૨૯

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે તાજેતરમાં રાત્રી બીફોર નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, માનદ સહમંત્રી ડૉ. એસ.જી.પટેલ, કુલપતિ ડૉ. ભાવેશ પટેલ, આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમાર તેમજ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રારંભમાં રિયા શાહે સૌ મહાનુભાવોનું સ્વાગત કર્યુ હતું અને કાર્યક્રમનું સંચાલન કર્યુ હતું.

કાર્યક્રમની શરૂઆતે માતાજીની દીપ પ્રાગટ્ય, સંધ્યા આરતી, પ્રસાદ વિતરણ અને ગરબાની રમઝટથી કરવામાં આવી હતી. જેમાં આઈસ્ટાર કોલેજ તેમજ આર.એન.પટેલ ઈપ્કોવાલા કોલેજ ઓફ લૉ એન્ડ જસ્ટિસના સૌ વિદ્યાર્થીઓએ તેમજ ફેકલ્ટીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ દરમિયાન બેસ્ટ એકશન, બેસ્ટ ડ્રેસ અને બેસ્ટ ગૃપની સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને અંતે આઈસ્ટાર કોલેજના જનરલ સેક્રેટરી જયદત્ત પટેલે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈસ્ટાર કોલેજનો ૨૦મો વાર્ષિકોત્સવ ઉજવાયો

આણંદ, તા.૧૧

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારનો કોલેજનો ૨૦મો વાર્ષિકોત્સવ સીવીએમના અધ્યક્ષ ભીખુભાઈ પટેલના પ્રમુખપદે યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે આણંદ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. એન.સી. પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ફેકલ્ટી ડૉ. સુચિત પટેલે સૌ આમંત્રિત મહેમાનોને આવકારીને ઉદ્બોધન કર્યું હતું. ત્યારબાદ સંસ્થાનો પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલકુમારે સંસ્થાની વાર્ષિક પ્રવૃત્તિઓનો સવિસ્તાર અહેવાલ આપ્યો હતો. વર્ષ દરમિયાન શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં રાજ્ય કક્ષાએ વિશિષ્ઠ પ્રદર્શન કરનાર તેમજ યુનિવર્સિટીમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન મધ્સ્થ સમિતિના વાઈસ પ્રેસીડેન્ટ રૂપેશ શાહે કર્યું હતું. વધુમાં વધુ જાપાન સ્થિત એઆઈએસટી ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાતની ખ્યાતનામ ઔધોગિક કંપનીઓ જેવી કે જીસીપીસી, મિશા, એસીઅન પેન્ટ્સ, લ્યૂપિન વિગેરે દ્વારા ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહેમાનોના વરદ્ હસ્તે સંસ્થાનું વાર્ષિક મેગેઝિન 'આઈસ્ટાર ગેલેક્ષી-૨૦૧૯' નું વિમોચન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન ડૉ.એન.સી.પટેલે આઈસ્ટાર સંસ્થામાં હાલમાં ચાલી રહેલા વિવિધ પ્રકારના અજોડ અને બેજોડ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્સાસક્રમો તેમજ વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવીને વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી ઘડવા માટે સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમારંભના પ્રમુખ માનનીય ભીખુભાઈ પટેલે આઈસ્ટાર સંસ્થાને ગુજરાત રાજ્યની તમામ કોલેજોમાં ત્રીજુ સ્થાન હાંસલ કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવીને ભવિષ્યમાં પણ આવી જ ઉત્તરોત્તર પ્રગતિ કરવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

## આઈસ્ટાર સંસ્થાનું ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્કમાં રાજ્યકક્ષાએ ત્રીજુ સ્થાન



એમએચઆરડીના નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્કના ધારાધોરણોને આધારે ગુજરાત સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટિંગ ફ્રેમવર્કનો પ્રારંભ કરાયો હતો. આ મૂલ્યાંકન પ્રક્રિયામાં રાજ્યની કુલ૨૧ યુનિવર્સિટીઓ અને ૫૫ કોલેજોએ ભાગ લીધો હતો. એનઆઈઆરએફ,એમએચઆરડી અને જીએસઆઈઆરએફના સંયુક્ત ધારાધોરણો પ્રમાણે કુલ ૧૩ પ્રકારની કામગીરીના આધારે સીજીપીએ અને સ્ટાર નક્કી કરવામાં આવ્યા હતા. આ ઉપક્રમ અંતર્ગત રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ રેટિંગની જાહેરાત કરી હતી. જેમાં વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર સંસ્થાએ ૩.૬૫ સીજીપીએ સાથે ચાર સ્ટાર મેળવીને ગૌરવ પ્રાપ્ત કર્યુ છે. આ સાથે આઈસ્ટાર કોલેજે સમગ્ર રાજ્યમાં ત્રીજા સ્થાને રહીને એક ગૌરવવંતી સિદ્ધિ હાંસલ કરી છે. આઈસ્ટાર સંસ્થાની આ અદ્‌ભુત સિદ્ધિ બદલ ચારૂતર વિદ્યા મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

આણંદ, તા. ૬

ચારુતર વિદ્યામંડળ વિદ્યાનગર, સંચાલિત આઈસ્ટાર કોલેજ ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો હતો. જેમાં સીવીએમના વાઈસ પ્રેસિડન્ટ મનિષભાઈ પટેલ તથા અન્ય સભ્યોના હસ્તે પર્યાવરણને અનુકૂળ એવા વૃક્ષો જેવા કે લીમડો, ગુલમહોર, કેસુડો, પીપળો, કાસિદ, કાંચનાર, સરેશ વગેરેનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમાર તેમજ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ પણ પર્યાવરણલક્ષી વૃક્ષો વાવ્યા હતા. પ્લાસ્ટિકનું વધતું જતું પ્રદુષણ અટકાવવાના હેતુસર આઈસ્ટાર કોલેજ દ્વારા ઈકો ફ્રેન્ડલી બેગનું વિતરણ વિદ્યાનગરના મોટા બજારમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતા બદલ સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલે તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા.



# આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગ દ્વારા ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ



આણંદ, તા. ૨૯

ચારૂતર વિદ્યા મંડળ યુનિવર્સિટી સંચાલિત આઈટાર સંસ્થાના પર્યાવરણ વિભાગ દ્વારા ગોબલેજ સ્થિત હિન્દુસ્તાન કોકાકોલા બેવરેજીસ ઈન્ડસ્ટ્રીઝ ખાતે એક દિવસીય ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમાર, ફેકલ્ટી ડૉ. હિરેન સોની અને ડૉ. ધૃતિ પટેલના નેતૃત્વ હેઠળ પર્યાવરણ વિભાગના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ વિઝિટ દરમ્યાન કોકાકોલા કંપનીના ડેપ્યુટી સેફટી મેનેજર ચિંતન વ્યાસ, સેફટી ઈન્ડકશન ઈન્ચાર્જ અશ્મા, ફેક્ટરી ટુર ઈન્ચાર્જ શિવાની, રેઈન વોટર પ્લાન્ટ ઈન્ચાર્જ પ્રણવ કુમાર ઈટીપી પ્લાન્ટ ઈન્ચાર્જ રંજન, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઈન્ચાર્જ નારાયણ તથા હાઈજીન અને સેફટીના સમગ્ર સ્ટાફ મિત્રોએ કોકાકોલા ઈન્ડસ્ટ્રીઝના વિવિધ પ્લાન્ટ અને તેની કામગીરી વિષે વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન પુરું પાડ્યું હતું. સૌ વિદ્યાર્થીઓએ કંપનીના વિવિધ યુનિટો જેવા કે સેફટી ઈન્ડકશન, પ્રોસેસિંગ, મેન્ટેન્સ, ક્વોલિટી ચેકિંગ, ક્વોલિટી એસ્યોરન્સ, હાઈજીન એન્ડ સેફટી, પેકેજીંગ એન્ડ લેબલિંગ, રેઈન વૉટર પ્લાન્ટ, એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મુલાકાત દરમ્યાન પર્યાવરણ વિભાગના ફેકલ્ટી ડૉ. ધૃતિ પટેલે સૌ વિદ્યાર્થીઓને ઈટીપી પ્લાન્ટના વિવિધ તબ્બકાઓ અને તેની કામગીરી વિષે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે ઈટીપી પ્લાન્ટનું મહત્ત્વ સમજાવ્યું હતું. ઈન્ડસ્ટ્રીઅલ વિઝિટ દરમ્યાન કોકાકોલા ઈન્ડસ્ટ્રીઝ તરફથી સહકાર મળવા બદલ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમારે કંપનીના ડેપ્યુટી સેફટી મેનેજર ચિંતન વ્યાસ તેમજ સમગ્ર સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# આઈસ્ટારના પર્યાવરણ વિભાગ દ્વારા કેમ્પસ પ્લેસમેન્ટ



આણંદ, તા. ૬

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીસ એન્ડ રીસર્ચ ડિપાર્ટમેન્ટ ઓફ એન્વિરોમેન્ટલ સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગ દ્વારા તાજેતરમાં ચોથા સેમિસ્ટરના વિદ્યાર્થીઓ માટે કેમ્પસ પ્લેસમેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્લેસમેન્ટમાં ગુજરાતની પ્રસિદ્ધ કંપનીઓ જેવી કે અતુલ, લ્યૂપિન, ટ્રાન્સપેક, ઈન્ડિયન ઓયલ કોર્પોરેશન લિટિટેડ, વડોદરા એન્વિરો ચેનલ લિમિટેડ, બરોડા એનાલિમિકલ સર્વિસીસ, પેરેમાઉન્ટ, વડોદરા એન્વિરો કન્સલ્ટન્સી, બરોડા એક્વીપમેન્ટ એન્ડ વેસ્સલ્સ, એન્વીસેફ, ઝાયડસ વગેરે આવી હતી.

આ પ્લેસમેન્ટમાં વિદ્યાર્થીઓને ૨ થી ૩ લાખ જેટલું વાર્ષિક પેકેજ આપવામાં આવ્યું હતું. આ વર્ષે ચેન્નાઈ સ્થિત ઈન્ડિયન ઓયલ કોર્પોરેશન લિમિટેડ કંપનીએ વિદ્યાર્થીઓને રૂા. ૭.૫ લાખનું વાર્ષિક પેકેજ આપ્યું હતું. મોટાભાગના વિદ્યાર્થીઓને ચોથું સેમેસ્ટર પૂર્ણ થતા પહેલા જ વિવિધ કંપનીઓમાં ઉત્તમ પેકેજ અને સારો હોદ્દો ધરાવતી નોકરીઓ મળી ગઈ છે. આ પ્રક્રિયાથી વિદ્યાર્થીઓ તથા વાલીઓએ હર્ષ અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી. આ બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ મનિષભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી પ્રો. ડૉ. એસ.જી. પટેલ અને અન્ય તમામ સેક્રેટરીઓએ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારને તથા પર્યાવરણ વિભાગના ફેકલ્ટીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાનગર : આઇસ્ટારનું ગૌરવ







તાજેતરમાં ગુજરાત ક્લીનર પ્રોડકશન સેન્ટર, ગાંધીનગર, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ, અને મિનિસ્ટ્રી ઓફ એન્વિરોન્મેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ, ન્યુ દિલ્હીના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ વિષયમાં ઉત્તમ સંશોધન પ્રતિયોગિતા યોજાઇ હતી. જે અંતર્ગત અનુસ્નાતક અને પીએચડી કક્ષાએ સંશોધનકર્તાઓને બેસ્ટ થીસીસ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં અનુસ્નાતક કક્ષાએ ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત આઇસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગની વિદ્યાર્થિની કુ. મયૂરિકા રોહિતને બેસ્ટ થીસીસ એવોર્ડની પ્રતિસ્પર્ધામાં ઉત્તમ સંશોધન બદલ અને પીએચડી કેટેગરીમાં ફેકલ્ટી ડૉ. ધૃતિ પટેલને પ્રશંસનીય સંશોધન બદલ પ્રમાણપત્ર અને કેશ પ્રાઈઝ પ્રાપ્ત થયા હતા. ઉપરોક્ત વિજેતાઓએ આઇસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલકુમારના માર્ગદર્શન હેઠળ આ જવલંત સિધ્ધિ હાંસલ કરી હતી. આ ગૌરવભર્યા પુરસ્કાર માટે સીવીએમના ચેરમેન ભીખુભાઇ પટેલે અને ઉપપ્રમુખ મનીષભાઇ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાનગર : જાપાનના વૈજ્ઞાનિક પાંચ વર્ષ માટે આઈસ્ટારમાં ઓનરરી વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપશે

## ડૉ. નોબુ છેલ્લા ૨૮ વર્ષથી વિશ્વના વિવિધ દેશોના પર્યાવરણમાં રહેલા વિવિધ રાસાયણિક ઘટકો અંગે સંશોધન કરી રહ્યા છે

આણંદ, તા. ૨૭

જાપાન સ્થિત એડવાન્સ ઈન્ડસ્ટ્રીઅલ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ચીફ સિનિઅર રિસર્ચ સાયન્ટિસ્ટ ડૉ. નોબુયોશી યામાશિતાએ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના પર્યાવરણ વિભાગ સાથે આગામી પાંચ વર્ષ માટે ઓનરરી વિઝિટિંગ પ્રોફેસર તરીકે તેઓએ માનદ સેવા આપવા માટે આંતરરાષ્ટ્રીય કરાર કર્યા હતા.

આ હસ્તાક્ષરના ભાગરૂપે તેઓ જાન્યુઆરી ૨૦૨૦થી ડિસેમ્બર ૨૦૨૪ સુધી પર્યાવરણ વિભાગ સાથે સંયુક્ત ઉપક્રમે ફેકલ્ટી તેમજ વિદ્યાર્થીઓને ગ્લોબલ ટ્રાન્સપોર્ટેશન ઓફ પરસીસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ્સ અને તેના વિઘટકો વિશે સંશોધનકાર્ય હાથ ધરાશે. વધુમાં લેટર ઓફ ઈન્ટેન્ટ પ્રમાણે ડૉ. નોબુયોશી દર વર્ષે આઈસ્ટારના પર્યાવરણ વિભાગની મુલાકાત લેશે અને હવા, પાણી તેમજ માટીમાં રહેલા ઓર્ગેનિક પોલ્યુન્ટ્સ જેવા અગ્રીમ વિષયો પર પરિસંવાદ અને કાર્યશાળાનું આયોજન કરશે.

ડૉ. નોબુ છેલ્લા ૨૮ વર્ષથી વિશ્વના વિવિધ દેશો જેવા કે, ચીન, જાપાન, કોરિયા, તાઈવાન, થાઈલેન્ડ, બેંગકોક, મલેશિયા અને ભારતના પર્યાવરણમાં રહેલા વિવિધ પ્રકારના રાસાયણિક ઘટકો જેવા કે પરસીસ્ટન્ટ ઓર્ગેનિક પોલ્યુટન્ટ્સ અને તેના વિઘટકો પર આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અવિરતપણે સંશોધનકાર્ય કરી રહ્યા છે.

આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમારે જણાવ્યું હતું કે, આ સહયોગી રિસર્ચ લાંબાગાળા માટે આગળ ધપાવવા ડૉ. નોબુએ આઈસ્ટારના પર્યાવરણ વિભાગના ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને



ઉપરોક્ત વિષયમાં વધુ સંશોધન કરવા માટે હાકલ કરી છે. આ સંશોધન બંને સંસ્થાઓ વચ્ચે છેલ્લાં ત્રણ વર્ષથી કાર્યરત છે. જેમાં પસંદગી પામેલ વિદ્યાર્થીઓને નિ:શુલ્ક રિસર્ચના ભાગરૂપે ફ્રી ટ્રાવેલિંગ અને એકોમોડેશન આપવામાં આવે છે અને ભવિષ્યમાં પણ આ પ્રકારની સવલત આગામી પાંચ વર્ષ માટે કાર્યરત રહેશે અને ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામ પણ આયોજિત કરવામાં આવશે.

આંતરરાષ્ટ્રીય કક્ષાનું આ સહયોગી સંશોધન અવિરતપણે કાર્યરત રહે તે માટે સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ, સેક્રેટરી ડૉ. એસ.જી. પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષ પટેલે સંસ્થા તેમજ પર્યાવરણ વિભાગને નવીનતમ્ અભિગમનો શુભારંભ કરવા માટે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટાર કોલેજનો ૨૦મો વાર્ષિકોત્સવ



આણંદ, તા. ૮

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજનો ૨૦મો વાર્ષિકોત્સવ સીવીએમના અધ્યક્ષ ભીખુભાઈ પટેલના પ્રમુખપદે યોજાયો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે આણંદ કૃષિ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. એન.સી.પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સીવીએમના માનદ મંત્રી ડૉ. એસ.જી.પટેલ, કુલપતિ ડૉ. ભાવેશ પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરી, તેમજ અન્ય કોલેજોના પ્રિન્સિપાલ અને ફેકલ્ટી પણ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ફેકલ્ટી ડૉ. સુચિતા પટેલે સૌ આમંત્રિત મહેમાનોને આવકારીને ઉદબોધન કર્યુ હતું. ત્યારબાદ સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલકુમારે સંસ્થાની વાર્ષિક પ્રવૃત્તિઓનો સવિસ્તાર અહેવાલ આપ્યો હતો.

વર્ષ દરમિયાન શૈક્ષણિક તેમજ ઈતર પ્રવૃત્તિઓમાં રાજ્ય કક્ષાએ વિશિષ્ટ પ્રદર્શન કરનાર તેમજ યુનિવર્સિટીમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. જેનું સંચાલન મધ્યસ્થ સમિતિના વાઈસ પ્રેસિડન્ટ રૂપેશ શાહે કર્યુ હતું. વધુમાં જાપાન સ્થિત એઆઈએસટી ઈન્સ્ટિટ્યૂટ અને ગુજરાતની ખ્યાતનામ ઔદ્યોગિક કંપનીઓ જેવી કે જીસીપીસી, મિશા, એસીઅન પેન્ટ્સ, લ્યૂપિન વિગેરે દ્વારા ઉચ્ચ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ તેમજ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે સંસ્થાનું વાર્ષિક મેગેઝીન'આઈસ્ટાર ગેલેક્ષી-૨૦૧૯'નું વિમોચન કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન ડૉ. એન.સી.પટેલે આઈસ્ટાર સંસ્થામાં હાલમાં ચાલી રહેલા વિવિધ પ્રકારના અજોડ અને બેજોડ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો તેમજ વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવીને વિદ્યાર્થીઓને તેમની કારકિર્દી ઘડવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# આઈસ્ટાર કોલેજમાં શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ



ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ (આઈસ્ટાર) ખાતે પાયથોન પ્રોગ્રામીંગ એન્ડ મશીન લર્નિંગ વિષય ઉપર શોર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન એમ.એસ.સી. ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન ડૉ. નીકી કે. જૈન (કન્વેનર), ડૉ. સુચીતા બી. પટેલ (કો. કન્વેનર)ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતું. તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ પ્રોગ્રામના સમાપન સમારોહમાં સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. નિર્મલકુમાર દ્વારા વિદ્યાર્થીઓને ટ્રેનિંગ પ્રોગ્રામની સફળતા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# આઈસ્ટારના ઈન્ડિસ્ટ્રીયલ હાઈજીન અને સેફ્ટી વિભાગ દ્વારા એક્સપર્ટ ટોક



આણંદ, તા. ૨૭

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટારના ઈન્ડિસ્ટ્રીયલ હાઈજીન અને સેફ્ટી વિભાગ દ્વારા તાજેતરમાં એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં સ્વિટ્ઝરલેન્ડ સ્થિત નોવાર્તિસ કંપનીના કર્મચારી અને ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થિની કોમલ શિયાણીને ત્રણ દિવસીય કાર્યશાળામાં આમંત્રિત કરવામાં આવ્યા હતા.

જેઓએ પ્રથમ દિવસે ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ સાથે વિદેશની ઈન્ડિસ્ટ્રીના પોતાના કેટલાક અનુભવો રજૂ કર્યા હતા અને ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ વિશે સમજણ આપી હતી. કાર્યશાળાના દ્વિતીય દિવસે તેમને સંસ્થાના પર્યાવરણ વિભાગ અને સેફ્ટી વિભાગના વિદ્યાર્થીઓને માટે ઔધોગિક એકમોમાં સ્વચ્છતા અને સલામતી વિષે સયુક્ત વ્યાખ્યાન યોજ્યું હતું.

વધુમાં તેમણે સેફ્ટી વિભાગના વિદ્યાર્થીઓને નિયંત્રણ પ્રથા અને તેનું સંચાલન અને શ્વસન સંરક્ષણ પ્રોગ્રામ વિષે પણ માહિતી આપી હતી. કાર્યશાળાને અંતે તેઓને સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો. ડૉ. નિર્મલ કુમાર દ્વારા પ્રશંસા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

# અમેરિકાના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એસો.ના પ્રેસિડેન્ટ આઈસ્ટારની મુલાકાતે



આણંદ, તા. ૨૯

અમેરિકાના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એસોસિએશનના પ્રેસિડેન્ટ ડૉ. કેથી મર્ફીએ ચારૂતર વિદ્યા મંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફટી વિભાગની મુલાકાત લીધી હતી. તેમની સાથે ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફટી વિભાગના પ્રણેતા ડૉ. મહર્ષિ મહેતા અને ડિપાર્ટમેન્ટના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રેણિક રાણપુરા હાજર રહ્યા હતા. ડૉ. કેથીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આવનાર સમયમાં ઈન્ડસ્ટ્રીઅલ હાઈજીન એન્ડ સેફટીનું ભવિષ્ય સમગ્ર ભારત દેશમાં અનેક ઉજળી તકો ધરાવે છે. જે ઔદ્યોગિક એકમો માટે ખૂબ લાભદાયી નીવડશે.

મહર્ષિ મહેતાએ વિદ્યાર્થીઓને પોતાના કાર્યસ્થળે નૈતિક મૂલ્યોને મજબૂત બનાવવા અને તેની સાચવણી કરવા માટે આગ્રહ કર્યો હતો. સૌ મહાનુભાવોએ સિવિએમના ચેરમેન ભીખુભાઈ પટેલ અને વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલની મુલાકાત લીધી હતી.

કાર્યક્રમમાં આઈસ્ટાર સંસ્થાના ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ સેફટી વિભાગ, પર્યાવરણ વિભાગ તેમજ એનવીપાસ કોલેજનાં પર્યાવરણ વિભાગના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ સેફટી વિભાગના હેડ બૈજુ વર્ગીસે કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન ઈન્ડસ્ટ્રીઅલ એન્ડ સેફટી વિભાગના હેડ બૈજુ વર્ગીસે કર્યુ હતું. કાર્યક્રમને અંતે આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે સૌ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક એકમોમાં પર્યાવરણ અને સેફટી વિષયની ઉજળી તકો વિષે માહિતી આપીને આભારવિધિ કરી હતી.

# આઈસ્ટાર કોલેજમાં પર્યાવરણ જાગૃતિનો કાર્યક્રમ યોજાયો



આણંદ, તા.૧૨

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈસ્ટાર કોલેજ, વલ્લભવિદ્યાનગર ખાતે તાજેતરમાં વિદ્યાનગર નેચર કલબનાં સહયોગથી પર્યાવરણ જાગૃતનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રકારના પર્યાવરણ જાગૃતિ અભિયાન ચારૂતર વિદ્યા મંડળની દરેક સંસ્થાઓમાં કેળવાય તે માટે અધ્યક્ષ ભીખુભાઈ પટેલે તેમજ વાઈસ પ્રેસીડન્ટ મનીષભાઈ પટેલે સૌને હાકલ કરી છે. અને પ્રોત્સાહન આપ્યું છે.

વધુમાં સી.વી.એમ.ના વાઈસ પ્રેસીડેન્ટ મનીષભાઈ પટેલે ''માય કેમ્પસ, ક્લીન કેમ્પસ'' અભિયાનની દરેક સંસ્થાઓમાં શરૂઆત કરી દીધી છે. જેનાં ભાગરૂપે દરેક શાળા તેમજ કોલેજોમાં સૂકો કચરો અને ભીનો કચરોના નિકાલ માટે અલગ અલગ પ્રકારની ડસ્ટબીન ગોઠવવામાં આવી છે. આ કચરાનો નિકાલ પંચાયત દ્વારા સમયસર કરવામાં આવે છે. જેનાથી કેમ્પસમાં સ્વચ્છતાની અસર જોવા મળે છે.

વિદ્યાનગર નેચર કલબનાં મેનેજિંગ ટ્રસ્ટી ધવલભાઈ પટેલે વર્તમાન સમયમાં પ્રવર્તતા વિવિધ પ્રકારનાં પર્યાવરણને લગતી સમસ્યાઓ અને તેના નિવારણ વિશે માહિતી આપી હતી. જેમાં સંસ્થાના સૌ ફેકલ્ટીઓ હાજર રહ્યાં હતા. વધુમાં ધવલભાઈ પટેલે પ્લાસ્ટિક કચરાથી વધતું જતું પ્રદુષણ, ઔધોગિક કચરાનો નિકાલ તેમજ વૃક્ષોનું જતન અને સુરક્ષા જેવી માહિતીથી સૌને વાકેફ કર્યા હતા.

# આઇસ્ટાર કોલેજમાં કેમ્પસ પ્લેસમેન્ટનું સફળ આયોજન

આણંદ, તા. ૧૩



આઈસ્ટાર કોલેજ છેલ્લાં ૧૯ વર્ષથી વિવિધ પ્રકારના પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો ચલાવે છે. જેમાં એમ.એસ.સી. ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી, સરફેઈસ કોટીંગ ટેકનોલોજી, ઓરગેનીક કેમેસ્ટ્રસ, પોલીમર સાયન્સ એન્ડ ટેકનોલોજી, એન્વાયર મેન્ટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઈન્ડસ્ટ્રીયલ હાઇઝીન એન્ડ સેફટી, વેલ્યુએશન (રીયલ એસ્ટેટ) વેલ્યુએશન (પ્લાન્ટ એન્ડ મશીનરી), ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ જીઓ ઈન્ફોર્મેટીકસ અને ઈર્ન્ફોરમેશન ટેકનોલોજી જેવા મહત્વના પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષામાં અભ્યાસક્રમોનો સમાવેશ થાય છે.

આઈસ્ટાર કોલેજ ૧૯૯૯ થી વિદ્યાર્થીઓનાં કેમ્પસ પ્લેસમેન્ટ માટે મોખરે રહેલી છે. જેમાં વિદ્યાર્થીઓને જમાનાને અનુરૂપ એવી ઈન્સ્ટ્રીઝ, ઓર્ગેનાઈઝેશન કપંનીઓ તેમજ સંશોધન ક્ષેત્રે નોકરીની વિશાળ તકો પૂરી પાડે છે.

વર્ષ ૨૦૧૭-૧૮માં આઈસ્ટાર કોલેજમાં કેમીકલ સાયન્સીઝ અને ઈન્સ્ટ્રીયલ હાઈમીન એન્ડ સેફટીના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ ૧૦૦ ટકા થયું છે. જયારે અન્ય અભ્યાસક્રમોમાં ૮૦ થી ૯૦ ટકા વિદ્યાર્થીઓને નોકરી તેમજ રોજગારીની તકો પૂરી પાડવામાં આવી છે.

સંસ્થાની અદભુત સિધ્ધિને ચારૂતર વિદ્યામંડળના વાઈસ પ્રેસીડન્ટ મનીષભાઇ પટેલે બિરદાવી હતી તેમજ કેમ્પસ પ્લેસમેન્ટની જવલંત સફળતા માટે ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ ભીખુભાઇ પટેલે સંસ્થાના પ્રિન્સિપાલ પ્રોફેસર નિર્મલકુમાર અને સૌ ફેકલ્ટીને અભિનંદન પાઠવ્યા હતા.

# અમેરિકન ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હાઇજીન પ્રેસિડેન્ટ આઇસ્ટારની મુલાકાતે



આણંદ, તા. ૯

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઇસ્ટાર સંસ્થાના ઇન્ડસ્ટ્રીયલ હાઇજીન એન્ડ સેફ્ટી વિભાગ અને અમેરિકન ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હાઇજીન, અમેરિકાના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં અમદાવાદમાં છઠ્ઠી આંતરરાષ્ટ્રીય સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રીયલ હાઇજીન કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે અમેરિકન ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હાઇજીનના પ્રેસિડેન્ટ ડૉ. સિન્થિયા ઓસ્રોવોસ્કીએ ચારૂતર વિદ્યામંડળની મુલાકાત લીધી હતી.

જે દરમિયાન સી વી એમના વાઇસ પ્રેસિડેન્ટ ડૉ. નિર્મલ કુમાર, સી આઇ એચ એ, દુબઇના મેમ્બર વિરેન શાહ અને ઇન્ડસ્ટ્રીયલ સેફ્ટી વિભાગના હેડ બેજુ વર્ગીસ વિગેરેએ ડૉ. સિન્થિયા ઓસ્રોવોસ્કીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ હતું.

ભવિષ્યમાં પણ બંને સંસ્થાઓ વચ્ચે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આ પ્રકારના સફળ કાર્યક્રમોનું આયોજન થતું રહે તે અંગે ચર્ચા કરી હતી.

# CVMના ગ્રીન ઓડિટ સેલનું પર્યાવરણ મુદ્દે ૭૫ સંસ્થામાં મૂલ્યાંકન

## પર્યાવરણ માટે અલગ સેલની રચના કરી રાજ્યમાં સર્વપ્રથમ વખત શૈક્ષણિક સંસ્થાએ પહેલ કરી

। વલ્લભવિદ્યાનગર । (સં.ન્યૂ.સ.)

ચારૂતર વિદ્યામંડળે છેલ્લા બે વર્ષથી ગ્રીન ઓડિટ સેલ કાર્યરત કર્યો છે. આ પ્રકારનો ગ્રીન ઓડિટ સેલ સમગ્ર રાજ્યમાં સર્વપ્રથમ વખત પર્યાવરણને આધારે ગ્રીન ઓડિટ મુલ્યાંકન કરવામા આવ્યુ છે. જે સીવીએમ સંચાલિત શૈક્ષણિક સંસ્થાના પર્યાવરણના વિવિધ માપદંડોના આધારે મુલ્યાંકન કરે છે. સેલ અંતર્ગત નેક, બેંગ્લોર યુનિવર્સિટી ઓફ એન્વાયરમેન્ટ ફોરેસ્ટ એન્ડ કલાઇમેટ ચેન્જ અને નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ



ટ્રેનિંગના ધારાધોરણો પ્રમાણે જૈવ વૈવિધ્યતાનુ વિશ્લેષણ, વાતાવરણની સુઘડતા, સ્વચ્છતા અને જાળવણી, પાણીની ગુણવત્તા અને તેના મર્યાદિત ઉપયોગ, ઉર્જાનો વપરાશ અને તેનુ ખર્ચ વિશ્લેષણ કેમ્પમાં પેદા થયેલ ઘનકચરાના પ્રકારો જેવા જૂદા-જૂદા વિષય ઉપર મુલ્યાંકન કરવામા આવ્યુ હતું.

ચારૂતર વિદ્યામંડળના ચેરમેન ભીખુભાઇ પટેલ અને વાઇસ પ્રેસિડેન્ટ મનિષભાઇ પટેલે સત્તાના સૂત્રો સંભાળતાજ પર્યાવરણને લઇને ગ્રીન ઓડિટ સેલની સ્થાપના કરી હતી અને ગુજરાત કલીનર પ્રોડકશન સેન્ટર સાથે એમઓયુ કર્યુ હતું. છેલ્લા બે વર્ષમા સંસ્થાએ અત્યાર સુધી લગભગ ૭૫ જેટલી નર્સરી, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તેમજ આર્ટસ, કોમર્સ, સાયન્સ, એન્જીનીયર, આર્કિટેક,આર્યુવૈદિક, ફાર્મસી, સ્પોર્ટસ, આઇટીઆઇ અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો વગેરે સંસ્થાઓનુ મુલ્યાંકન કરી રહી છે. જે સંસ્થાઓમાં પ્રવર્તમાન પ્રવૃત્તિઓના ટકાઉ, પ્રભાવ અને અભ્યાસ માટે કરવામા આવે છે. જે અંગેનો સંસ્થા સંચાલિત વિવિધ સંસ્થાઓના ગ્રીન ઓડિટ એસેસમેન્ટના પ્રમાણપત્રો, વિતરણ સમારોહ યોજાયો હતો.